દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 235 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 October 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૬ ઑક્ટોબર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ‘જ્ઞાનેશકુમારે લીધેલા એકપક્ષી નિર્ણય રદ કરીશું’

## આમ કહી સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનરને સસ્પેન્ડ કરવાનો ઈનકાર કર્યોઃ ચૂંટણી પંચ, કેન્દ્ર સરકારને નોટિસ મોકલાવી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના બે કમિશનરની પરવાનગી વિના ચૂંટણી પંચે અનેક નિર્ણયો લીધા એવો આક્ષેપ કરતી અરજી પર સુપ્રિમ કોર્ટે સોમવારે ચૂંટણી પંચ અને કેન્દ્રને નોટિસ પાઠવતા કહ્યું હતું કે જો કાયદા અનુસાર એકમતી કે બહુમતીથી નિર્ણય નહીં લેવામાં આવ્યા હોય તો તેને અમે રદ કરીશું.

જોકે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચના વડા અને મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારના અરજીના નિકાલ સુધી નિર્ણય લેવાની સત્તા પર મનાઈહુકમ આપવાની ના પાડી હતી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે કહ્યું હતું કે ચૂંટણી પંચના મુખ્ય વડાને હોદ્દા પર આવ્યા બાદ કાનૂની રક્ષણ આપતા કાયદાની જોગવાઈ પણ અમે કદાચ તપાસીશું.

બેન્ચે નિર્દેશ કર્યો હતો કે આવું કાનૂની સંરક્ષણ તો ન્યાયમૂર્તિઓને પણ આપવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે બધા નિર્ણયો તપાસીશું અને જે નિર્ણયો કાયદા અનુસાર નથી એને અમે રદ કરીશું. તમને અદાલતની સત્તાની ખબર છે.

સિનિયર ઍડવોકેટ વિકાસ સિંહે અરજદાર તરફથી દલીલ કરતા માગણી કરી હતી કે અદાલત જ્ઞાનેશકુમારના કોઇ નિર્ણય લેવા (જુઓ પાનું ૨) ▶▶

### ફૉર્મ-૬માં ફેરફારને અમે મંજૂરી નથી આપીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે સાફ ખુલાસો કર્યો હતો કે ચૂંટણી પંચે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (ખાસ સઘન સમીક્ષા, ‘સર’) દરમિયાન ઉપયોગમાં લીધેલા ફૉર્મ નંબર છમાં કરાયેલા ફેરફારને અમે બહાલી આપી નથી. ફૉર્મ નંબર છ એ અરજી છે જેના વડે લાયક વ્યક્તિ મતદારયાદીમાં નામ દાખલ કરવા ઈચ્છે છે.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે કહ્યું હતું કે ફૉર્મ નંબર છમાં કરાયેલા ફેરફારોને અમે મંજૂરી આપી નથી. અમને આ ખુલાસો કરવા દો. રેકર્ડ અમારી પાસે આવશે ત્યારે અમે એ જોવા માગીશું કે આને કોણે બદલાવી છે.

બેન્ચ એ જાહેર હિત અરજી સાંભળી રહી હતી જેમાં દાવો કરાયો છે કે ત્રણમાંથી બે ચૂંટણી કમિશનરે ‘સર’ કવાયત દરમિયાનના નિર્ણયો સામે વાંધો (જુઓ પાનું ૨) ▶▶








## અપરાધીઓના મનમાં મોતનો ડર પેદા કરોઃ રેપ કેસમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે મહિલાઓ વિરુદ્ધ ગુના કરનારા ગુનેગારોના મનમાં કાયદાનો ડર પેદા કરવાની જરૂર છે અને એવું લાગે છે કે શહેરમાં ખાસ કરીને કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં મહિલાઓ સુરક્ષિત નથી. દિલ્હી-એનસીઆરમાં તાજેતરમાં બનેલી બળાત્કારની ઘટનાઓના સંબંધમાં સુઓ મોટો કેસની સુનાવણી કરતી વખતે કોર્ટે આ ટિપ્પણી કરી હતી. અપરાધીના મનમાં એવો ડર હોવો જોઇએ કે અબ કુછ કીયા તો મર જાયેંગે.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે કહ્યું હતું કે, (જુઓ પાનું ૨) ▶▶

## યુપીમાંથી રાજ્યસભા માટે આઠ સાવ નવા ઉમેદવારની ભાજપની જાહેરાત

### હરદીપ પુરી અને બી.એલ. વર્મા સહિત આઠેઆઠ વર્તમાન સાંસદને પડતા મૂકીને ભગવા પક્ષે આશ્ચર્ય ફેલાવ્યું

નવી દિલ્હી : ભાજપે સોમવારે ઉત્તર પ્રદેશમાં આગામી રાજ્યસભા ચૂંટણી માટે પ્રધાન ધરમપાલ સિંહ સહિત આઠ ઉમેદવારના નામ જાહેર કર્યા. અન્ય સાત ઉમેદવારમાં રાધાકાંત ઓઝા, પ્રકાશ પાલ, વિદ્યાસાગર સોનકર, ગોપી કૃષ્ણ પાંડે, પ્રિયંકા સિંહ રાવત, રામ પ્રતાપ સિંહ ચૌહાણ અને શ્રુતિ ગંગવારનો સમાવેશ થાય છે, એમ ભાજપ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવાયું છે. જોકે ઉત્તર પ્રદેશમાંથી (જુઓ પાનું ૨) ▶▶

## ટૂંકમાં એકથી વધુ રાજ્યમાં એકસાથે જીએસટી રજિસ્ટ્રેશન કરી શકાશે

નવી દિલ્હીઃ જીએસટી કાઉન્સિલ એક એવી દરખાસ્ત પર વિચારણા કરે તેવી શક્યતા છે જે વ્યવસાયોને એક જ અરજી પ્રક્રિયા દ્વારા અનેક રાજ્યોમાં જીએસટી રજીસ્ટ્રેશન માટે અરજી કરવાની મંજૂરી આપે.

આ સાથે જ, તેમાં કર અધિકારીઓ દ્વારા માંગવામાં આવી શકે તેવા દસ્તાવેજોની એક સમાન યાદી પણ નક્કી કરવામાં આવશે.

‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ’ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે, કાઉન્સિલ તેની સાતમી ઓક્ટોબરની બેઠકમાં મોટા વ્યવસાયો માટે પુનઃડિઝાઇન કરાયેલા અને સરળ જીએસટી રજીસ્ટ્રેશન ફોર્મ અંગે ચર્ચાવિચારણા કરી શકે છે.

હાલમાં, ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) હેઠળ ૧.૬૮ કરોડથી વધુ વ્યવસાય નોંધાયેલા છે.

નવું રજીસ્ટ્રેશન ફોર્મ ભરવામાં સરળ રહેશે અને તેમાં દરેક તબક્કે માર્ગદર્શન પણ ઉપલબ્ધ હશે. આ ઉપરાંત, ફોર્મમાં (જુઓ પાનું ૨) ▶▶

## મગજની પ્રવૃત્તિઓ વિશે સંશોધન માટે ત્રણ વિજ્ઞાનીને મેડિસિનનો નોબેલ પુરસ્કાર



સ્ટોકહોમઃ સોમવારે મેડિસિનમાં નોબેલ પુરસ્કાર ત્રણ વૈજ્ઞાનિકોને આપવામાં આવ્યો હતો. આ ત્રણેય વૈજ્ઞાનિકો મગજમાં અલગ અલગ ચેતા કોષોની એક્ટિવિટીને ચાલુ અથવા બંધ કરવા માટે નર્વસ સિસ્ટમ પર કામ કરી રહ્યા હતા. ૨૦૨૬નો મેડિસિનમાં નોબેલ પુરસ્કાર જર્મનીના ૭૧ વર્ષીય પીટર હેગેમેન અને ૭૪ વર્ષીય જ્યોર્જ નાગેલ અને અમેરિકાના ૫૪ વર્ષીય કાર્લ ડાઈસેરોથને એનાયત કરવામાં આવ્યો છે. આ ત્રણ વૈજ્ઞાનિકોએ લાઇટ-ગેટેડ આયન ચેનલ અને ઓપ્ટોજેનેટિક્સ પર સંશોધન કર્યું છે. તેઓ જર્મની અને અમેરિકાની યુનિવર્સિટીઓમાં કામ કરે છે. નોબેલ સમિતિએ તેમના કાર્યની પ્રશંસા કરતા લખ્યું કે મગજના રહસ્યો જાણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ હવે વિશ્વભરની પ્રયોગશાળાઓમાં થઈ રહ્યો છે.

નોબેલ સમિતિના જણાવ્યા અનુસાર, આ ત્રણ વૈજ્ઞાનિકોની શોધથી મગજને સમજવા માટે રિસર્ચનો એક નવો રસ્તો ખૂલ્યો છે. આ શોધ આંખના રોગો પર પણ લાગુ કરવામાં આવી રહી છે. વૈજ્ઞાનિકો હવે એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું તે દૃષ્ટિ ગુમાવનારા લોકોને દૃષ્ટિ પાછી આપી શકે છે. નોબેલ સમિતિએ જણાવ્યું હતું કે ડાઈસેરોથ કેલિફોર્નિયાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં કાર્યરત છે, જ્યારે હેગેમેન બર્લિનની હમ્બોલ્ટ યુનિવર્સિટીમાં અને નાગેલ જર્મનીની વુર્ઝબર્ગ યુનિવર્સિટીમાં છે. મેડિસિન સમિતિના સચિવ થોમસ પર્લમેને જણાવ્યું હતું કે તેઓએ સોમવારે ફોનથી ત્રણેય વિજેતાઓનો સંપર્ક કર્યો હતો. આ વર્ષે પુરસ્કારની રકમ આશરે ૧૨ લાખ અમેરિકન ડોલર છે. (એજન્સી) ■

## ઇન્ડિગોમાં આજથી પ્રવાસ કરવાનું મોંઘું

નવી દિલ્હીઃ દેશની સૌથી મોટી એરલાઇન ઇન્ડિગોએ સોમવારે જેટ ફ્યુઅલ (વિમાનના ઇંધણ)ના વધતા ભાવોને ધ્યાનમાં રાખીને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે ફ્યુઅલ સરચાર્જમાં છઠ્ઠી ઓક્ટોબરથી વધારો કરવાની જાહેરાત કરી છે. સ્થાનિક ફ્લાઇટ્સ માટે અંતરના આધારે આ વધારો ૧૦૦થી ૩૫૦ રૂપિયાની વચ્ચે રહેશે. આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે પણ સરચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. માર્ચમાં શરૂ કરવામાં આવેલા (જુઓ પાનું ૨) ▶▶






## ડૉનલ્ડ ટ્રમ્પે લોચા માર્યાઃ બ્રાઝિલને ભારત ગણાવ્યું

વૉશિંગ્ટનઃ શું કોઈ વ્યક્તિ બ્રાઝિલને ભારત સમજી શકે? પૃથ્વીના નકશા પર આ બંને દેશ લગભગ એકદમ વિરુદ્ધ દિશામાં આવેલા છે. ભારતનું ચોક્કસ પ્રતિપાદક બિન્દુ (ઍન્ટિપોડ) બ્રાઝિલના અન્ય દક્ષિણ અમેરિકન વિશાળ દેશ ચિલીની નજીક આવતું હોવા છતાં એવું લાગે છે કે મેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પથી આ ભૂલ થઈ ગઈ છે. એક સ્પષ્ટ તથ્યાત્મક ભૂલમાં ટ્રમ્પે સોશ્યલ મીડિયા પરની એક પૉસ્ટમાં બ્રાઝિલની રાષ્ટ્રપતિની ચૂંટણીને ભારતની રાષ્ટ્રપતિની ચૂંટણી તરીકે સંબોધી હતી અને તેના આધારે અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા ભ્રષ્ટ હોવાનો દાવો કર્યો હતો.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે આજે ભારતની રાષ્ટ્રપતિ ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૨.૫ કરોડ લોકોએ મતદાન કર્યું હતું. મતદાન પૂરું થયા પછી એ જ દિવસે થોડા (જુઓ પાનું ૨) ▶▶

## ભારત-અમેરિકા વેપાર કરાર ઘોંચમાંઃ સરકાર

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચેની વચગાળાની વેપાર ડીલ માટેની મંત્રણા કોઈ પ્રગતિ ન થાય એવા તબક્કે પહોંચી છે, એવો સંકેત કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આપ્યો હતો.

તેમની ટિપ્પણી સૂચવે છે કે હવે વધારે છૂટછાટ આપવી બન્ને દેશ માટે સંભવ નથી અને વૉશિંગ્ટન વેપારની અસમતુલા ઓછી કરવા બીજા રસ્તા અપનાવી રહ્યું છે. તેમણે મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સમાં કહ્યું હતું કે ભારત અને અમેરિકાની વાતચીત એવા તબક્કે પહોંચી છે કે હવે કોઈ પણ પક્ષ માટે વધુ છૂટ આપવાનું અતિ મુશ્કેલ છે. તેમણે આ કરાર માટેની ચર્ચાને વિકટ અને કડક કહી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકા ભારત સાથેની વેપાર અસમતુલા દૂર કરવા માટે ચર્ચા સિવાયના ઉપાયો અજમાવી રહ્યું છે. મારું માનવું છે કે હવે વેપાર મંત્રણામાં કોઈ પ્રગતિ થાય એવું મને લાગતું નથી.

ભારત અને અમેરિકા ફેબ્રુઆરી ૨૦૨૫થી વાતચીત (જુઓ પાનું ૨) ▶▶

## તમારું સ્થાન જેલમાં જ છેઃ સુપ્રીમ કોર્ટે એક્ટર રાજપાલ યાદવ પર બગડી

નવી દિલ્હીઃ બોલિવૂડના જાણીતા અભિનેતા રાજપાલ યાદવની મુશ્કેલીઓ સતત વધી રહી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે ચેક બાઉન્સ અને ઉચાપત સંબંધિત કેસમાં અભિનેતા અને તેમના વકીલને ઠપકો આપ્યો હતો. કોર્ટ રજિસ્ટ્રીમાં નક્કી કરેલી રકમ જમા ન કરાવવા બદલ અભિનેતા પર ટિપ્પણી કરતા જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ કહ્યું હતું કે અભિનેતાને કાયદા પ્રત્યે કોઈ સન્માન નથી અને આ પ્રકારના અહંકારનું યોગ્ય સ્થાન જેલ છે.

મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા રાજપાલ યાદવને મંગળવાર સુધીમાં ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. સોમવારે સુનાવણી દરમિયાન બેન્ચે નારાજગી વ્યક્ત કરી કે ૧૫ સપ્ટેમ્બરે બે અઠવાડિયાની સમયમર્યાદા આપવામાં આવી હોવા છતાં રાજપાલ યાદવે પાંચમી ઓક્ટોબર સુધીમાં કોર્ટ રજિસ્ટ્રીમાં બે કરોડ રૂપિયા જમા કરાવ્યા નથી.

કોર્ટે અભિનેતાને ખાનગી પેઢીને બાકી રકમ ચૂકવવા માટે નક્કર પ્રસ્તાવ રજૂ કરવાની બે અઠવાડિયાની અંતિમ તક આપી હતી અને સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીમાં બે કરોડ રૂપિયા જમા કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુનાવણી દરમિયાન યાદવના વકીલે કહ્યું, તેઓ (ફરિયાદી) ગરીબ નથી.

જસ્ટિસ બાગચી નારાજ થયા અને કહ્યું હતું કે, તેઓ કદાચ તમારા કરતા વધુ શ્રીમંત હોઈ શકે છે પરંતુ તમે તેમની સાથે જે રીતે છેતરપિંડી કરી છે તે જોતાં તેઓ ગરીબ (પીડિત) (જુઓ પાનું ૨) ▶▶

## ભારત અને સ્વિટ્ઝરલૅન્ડ વચ્ચે માઈગ્રેશન ઍન્ડ મોબિલિટી પાર્ટનરશિપ કરાર

નવી દિલ્હીઃ ભારત અને સ્વિટ્ઝરલૅન્ડે સોમવારે માઈગ્રેશન ઍન્ડ મોબિલિટી પાર્ટનરશિપ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. બંને દેશે ભારતીય નિકાસ માટે સ્વિસ બજારમાં પ્રવેશ વધારવા તેમ જ પરમાણુ ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રમાં સહકાર વધુ ગાઢ બનાવવા સહમતિ દર્શાવી હતી.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સ્વિટ્ઝરલૅન્ડના રાષ્ટ્રપતિ ગાય પરમેલિન વચ્ચેની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

પરમેલને સોમવારે સવારે ભારતની ત્રણ દિવસની મુલાકાતનો આરંભ કર્યો હતો. આ વરસે ભારતની તેમની આ પ્રથમ રાજ્ય મુલાકાત છે.

આ વરસે તેઓ બીજીવાર ભારતની મુલાકાતે આવ્યા છે. અગાઉ આ વરસે ફેબ્રુઆરીમાં તેઓ એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા ભારત આવ્યા હતા. પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં મોદીએ કહ્યું હતું કે ભારતના નિકાસકારો માટે સ્વિટ્ઝરલૅન્ડમાં પ્રવેશ વધારવા અને બંને દેશ વચ્ચે રોકાણને વધુ સરળ બનાવવા માટે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. સ્વિટ્ઝરલૅન્ડ યુરોપમાં ભારતનું એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. હાલમાં ૩૩૦થી વધુ સ્વિસ કંપનીઓ ભારતમાં એન્જિનિયરિંગ, સર્વિસ, પ્રિસિસન ઈન્સ્ટ્રુમેન્ટ્સ, કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવાં ક્ષેત્રોમાં કાર્યરત છે. જ્યારે ભારતીય કંપનીઓ સ્વિટ્ઝરલૅન્ડમાં આઈટી, ફાર્માસ્યુટિકલ્સ અને મશીનરી જેવાં ક્ષેત્રોમાં કાર્યરત છે, એમ તેમણે કહ્યું હતું. ભારત અને સ્વિટ્ઝરલૅન્ડ વચ્ચેના દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને વેગ મળ્યો છે અને તે પાછળનું મુખ્ય કારણ ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિયેશન (ઈએફટીએ-જેમાં આઈસલૅન્ડ, લિચટેન્સ્ટાઈન, નોર્વે અને સ્વિટ્ઝરલૅન્ડનો સમાવેશ થાય છે) સાથેના ટ્રેડ એન્ડ ઈકોનોમિક પાર્ટનરશિપ ઍગ્રીમેન્ટ (ટીઈપીએ)નો ઑક્ટોબરથી અમલમાં આવવું છે. મોદીએ જણાવ્યું હતું કે ટીઈપીએ રોકાણ, નવીનતા, રોજગાર અને બંને દેશની સમૃદ્ધિ માટે એક મહત્ત્વાકાંક્ષી બ્લૂપ્રિન્ટ છે. આ કરાર દ્વારા આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૧૦૦ અબજ અમેરિકી ડૉલરનું રોકાણ અને ૧૦ લાખ સીધી નોકરીનું આપણું લક્ષ્ય સાકાર થશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## કૉંગ્રેસ આજે ચૂંટણી પંચનો ઘેરાવ કરશે

નવી દિલ્હીઃ કૉંગ્રેસ ૭ ઑક્ટોબરે એટલે કે આજે ચૂંટણી પંચનો ઘેરાવ કરશે. સોમવારે દિલ્હીસ્થિત ઈંદિરા ભવન ખાતે પક્ષની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

આ બેઠક બાદ કૉંગ્રેસે ચૂંટણી પંચના કમિશનર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ બીજા તબક્કાના આંદોલનનું પણ એલાન કરી દીધું હતું. આ ઝુંબેશ ૧૦ ઑક્ટોબરથી ૨૦ ઑક્ટોબર દરમિયાન ચલાવવામાં આવશે.

કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ પણ આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો.

દેશભરના તમામ રાજ્યોના ટોચના નેતાઓ, પ્રદેશ અધ્યક્ષ, પ્રભારી અને કૉંગ્રેસના અગ્રણી સંગઠનોના પ્રમુખોએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી.

આ બેઠકનો મુખ્ય આશય આગામી વિરોધ (જુઓ પાનું ૨) ▶▶

## ફરી ઍર ટ્રબલ?: લંડનથી શિકાગો જઈ રહેલી ફ્લાઈટ મિનિટોમાં જ ૨૮,૦૦૦ ફૂટ નીચે ઊતરી

લંડનઃ લંડનથી શિકાગો જઈ રહેલી ફ્લાઈટ ગણતરીની મિનિટોમાં જ ૨૮,૦૦૦ ફૂટ નીચે આવી જતાં કટોકટી જાહેર કરવામાં આવી હતી. આ ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું.

ફ્લાયદુબઈની ઘટનાના થોડા દિવસો બાદ આ ઘટના બની હતી.

બ્રિટિશ ઍરવેઝની બીએ-૨૯૫ ફ્લાઈટે લંડનથી શિકાગો જતી વખતે આયર્લૅન્ડમાં ઈમરજન્સી જાહેર કરી હતી. ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા મુજબ તે લંડન તરફ પરત ફરી રહી હતી. વિમાનનો સ્ક્વોક કોડ ૭૭૦૦ હતો જે સામાન્ય કટોકટીના સંકેત આપવા માટે વપરાય છે. ફ્લાઈટ ટ્રેકર મુજબ આયર્લૅન્ડ ઉપરથી પસાર થતી વખતે વિમાન (જુઓ પાનું ૨) ▶▶




## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જ્ઞાનેશકુમારને કાનૂની રીતે હટાવવા શક્ય નથી

**સ્પેશ્યલ** ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)ના નામે ભાજપને ફાયદો કરાવવા કરોડો મતદારોનાં નામ મતદાર યાદીમાંથી કાઢી નખાયાં હોવાના વિવાદમાં ચોતરફથી ઘેરાયેલા ચીફ ઈલેક્શન કમિશનર (CEC) જ્ઞાનેશકુમારને સુપ્રીમ કોર્ટમાંથી થોડી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટમાં જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માગણી કરતી અરજી થયેલી પણ સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી દીધી છે. ચૂંટણી પંચ એક સ્વાયત્ત સંસ્થા હોવાથી તેના હોદ્દેદારોને દૂર કરવાનો નિર્ણય સંસદ જ લઈ શકે, સુપ્રીમ કોર્ટ નહીં. સુપ્રીમ કોર્ટ પાસે ચીફ ઈલેક્શન કમિશનર સહિત કોઈ પણ કમિશનરને દૂર કરવાની કોઈ સત્તા નથી તેથી સુપ્રીમ કોર્ટે હાથ ખંખેરી નાખ્યા છે.

સુપ્રીમ કોર્ટે બંધારણીય જોગવાઈને અનુસરીને જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાનો આદેશ આપવાનો ઇનકાર કર્યો છે પણ નોટિસ ફટકારીને તેમની સામે થઈ રહેલા આક્ષેપો અંગે જવાબ ચોક્કસ માગ્યો છે એ જોતાં જ્ઞાનેશકુમારને રાહત ભલે મળી પણ મુશ્કેલીઓ દૂર થઈ નથી. સુપ્રીમ કોર્ટે કરેલી ટિપ્પણીઓને જોતાં જ્ઞાનેશકુમારે મનમાની ચલાવીને લીધેલા નિર્ણયો રદ થઈ શકે છે. તેના કારણે જ્ઞાનેશકુમારને ચૂંટણી પંચમાંથી દૂર ના કરાય પણ આબરુનો ફજેતો તો થઈ જ જાય. જ્ઞાનેશકુમાર પર બંધારણને વફાદાર નહીં પણ ભાજપના દલાલ હોવાનો ઠપ્પો પણ લાગી જાય તેથી જ્ઞાનેશકુમાર માટે હજુ પ્રકરણ પૂરું થયું નથી

જ્ઞાનેશકુમાર સામેની અરજીઓ એક ટોચના અંગ્રેજી અખબારના રિપોર્ટને આધારે કરાઈ છે. આ રીપોર્ટમાં ધડાકો કરાયેલો કે, જ્ઞાનેશકુમારે સાવ મનમાની ચલાવીને એસઆઈઆરને લગતા ૧૪ નિર્ણયો અન્ય બે ચૂંટણી કમિશનરોની સંમતિ વિના લીધા હતા. તેના આધારે પટનાના રાકેશકુમાર સિંહે અરજી કરીને પંચના મૂળ રેકોર્ડની તપાસ કરાવવાની માંગ કરી છે. આ રેકોર્ડની તપાસમાં જ્ઞાનેશકુમારે મનમાની કરીને નિર્ણય લીધા હોય તો તેમની સામે શું પગલાં લેવાં એ સુપ્રીમ કોર્ટ નક્કી કરે પણ તપાસ દરમિયાન જ્ઞાનેશકુમાર હોદ્દાનો દુરુપયોગ કરીને ગરબડ ના કરે એ માટે જ્ઞાનેશકુમારને સસ્પેન્ડ કરીને સત્તાઓ છિનવી લેવાની માગ કરાયેલી. સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી છે કેમ કે આ મુદ્દો તેના અધિકારક્ષેત્રની બહારનો છે.

બીજી અરજી એડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ કરી છે. ત્રિપાઠીની માગ છે કે, જ્ઞાનેશકુમારે એકતરફી રીતે લીધેલા ૧૪ નિર્ણયો રદ કરવામાં આવે. આ અરજીમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ સ્વતંત્ર ન્યાયિક તપાસ પંચ કે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવાની માગ પણ કરાઈ છે. સાયબર સુરક્ષા અને આઈટી નિષ્ણાતોની બનેલી ટીમ કે પંચ ઈસીઆઈનેટ (ECINet) અને ઈરોનેટ (ERONet)ના ડેટાબેઝનું ફોરેન્સિક ઑડિટ કરે એવી માંગ કરવામાં આવી છે.

આ સિવાય એસઆઈઆર દરમિયાન ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૩ કરોડ નામ કેમ હટાવવામાં આવ્યા તેની તપાસની પણ માંગ કરવામાં આવી છે. જ્ઞાનેશકુમાર સિવાય સિનિયર ડેપ્યુટી ઇલેક્શન કમિશનર મનીષ ગર્ગ, ડાયરેક્ટર જનરલ (IT) સીમા ખન્ના અને જવાબદાર ઠરનારા અન્ય અધિકારીઓ સામે કાર્યવાહીની માગ કરવામાં આવી છે. આ તમામ સામે કેસ નોંધવાની માગ પણ કરાઈ છે અને એ સંદર્ભમાં જ સુપ્રીમ કોર્ટે નોટિસ ફટકારી છે.

સુપ્રીમ કોર્ટે નોટિસ ભલે ફટકારી પણ તેનાથી કોઈ હેતુ સરવાનો નથી કેમ કે જ્ઞાનેશ કુમાર કે બીજા કોઈ પણ અધિકારી સામે કેન્દ્ર સરકાર જ પગલાં લઈ શકે ને કેન્દ્ર સરકાર તો જ્ઞાનેશ કુમાર સહિતના અધિકારીઓનો બચાવ કરી રહી છે. ભાજપે સત્તાવાર રીતે જ્ઞાનેશકુમાર સામેના આરોપોને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે, સંધુ અને જોશીના વાંધામાં કોઈ ગેરરીતિ થઈ હોવાનો ઉલ્લેખ કે પુરાવો નથી. ભાજપે તો જ્ઞાન પિરસ્યું છે કે, આ પ્રકારના મતભેદો હોવા એ તો ચૂંટણી પંચમાં લોકશાહી હોવાનો પુરાવો છે તેથી પગલાં લેવાનો સવાલ જ નથી.

સુપ્રીમ કોર્ટનું વલણ પણ ભાજપ જેવું જ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી.મોહનાની બેન્ચે એવું ચોક્કસ કહ્યું છે કે ચૂંટણી પંચના નિર્ણયો સર્વસંમતિ વિના લેવાયા હોય તો તેના પર રોક મૂકવી જોઈએ પણ અખબારી અહેવાલને સાચો માનવાનો પણ ઈન્કાર કરી દીધો છે. ખુદ ચીફ જસ્ટિસે કહ્યું છે કે, ચૂંટણી પંચને લઈને અખબારનો અહેવાલ ૧૦૦ ટકા સાચો હોવાની ગેરંટી નથી. આ અહેવાલ આંશિક રીતે સાચો અથવા સંપૂર્ણપણે ખોટો હોઈ શકે છે તેથી માત્ર આ અહેવાલના આધારે કોર્ટ કોઈ આદેશ આપી શકે નહીં. આપણે ત્યાં અખબારી અહેવાલને આધારે સુપ્રીમ કોર્ટ કે હાઈ કોર્ટે તપાસના આદેશ આપ્યાના સંખ્યાબંધ દાખલા છે પણ આ કેસમાં સુપ્રીમ કોર્ટ વાતને ટાળી રહી છે.

સુપ્રીમ કોર્ટે આડકતરી રીતે હાથ ખંખેરી દીધા પછી હવે કાનૂની રીતે જ્ઞાનેશ કુમાર કે બીજા કોઈ અધિકારી સામે કોઈ કાર્યવાહી કરી શકાય તેમ નથી. મોદી સરકારે બનાવેલા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, ૨૦૨૩ની કલમ ૧૬ હેઠળ જ્ઞાનેશ કુમાર સામે કોઈ ફોજદારી કાર્યવાહી કરી શકાય તેમ નથી. આ જોગવાઈ પ્રમાણે, મુખ્ય ચૂંટણી કમિશનર કે કમિશનર સત્તાવાર ફરજો બજાવતી વખતે કોઈપણ કાર્ય કરે કે નિર્ણય લે એ માટે તેમની વિરુદ્ધ કોઈ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી ચલાવી શકાય નહીં. આ જોગવાઈના કારણે સુપ્રીમ કોર્ટ પણ કેસની મંજૂરી ના આપી શકે ને ભાજપ સરકાર તો એવું કરવાની નથી.

જ્ઞાનેશકુમાર સામે મહાભિયોગ લાવવાનો વિકલ્પ પણ છે પણ વિપક્ષ પાસે બહુમતી નથી. બંધારણની કલમ ૩૨૪ (૫) મુજબ મુખ્ય ચૂંટણી કમિશનરને માત્ર મહાભિયોગ હેઠળ જ હટાવી શકાય છે. મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરવા માટે લોકસભામાં ૧૦૦ અને રાજ્યસભામાં ૫૦ સાંસદોના સમર્થનની જરૂર પડે જ્યારે પસાર કરવા માટે બે તૃતિયાંશ બહુમતી જોઈએ. લોકસભામાં સ્પીકર અને રાજ્યસભામાં ચેરપર્સન પાસે મહાભિયોગની દરખાસ્ત એટલે કે ઇમ્પિચમેન્ટ મોશનને સ્વીકારવી કે નહીં એ નક્કી કરવાની સત્તા છે. પહેલાં તો બંને જણ ઇમ્પિચમેન્ટ મોશનને સ્વીકારે જ નહીં પણ માનો કે બંનેના રૂદિયામાં રામ વસેને ઇમ્પિચમેન્ટ મોશન દાખલ થાય તો પણ પસાર ના થાય કેમ કે લોકસભામાં ૩૬૨ સાંસદ અને રાજ્યસભામાં ૧૬૪ સાંસદનું સમર્થન હોવું જોઈએ. વિપક્ષ પાસે સંસદમાં અત્યારે આટલા સભ્યો નથી તેથી જ્ઞાનેશકુમારને ના હટાવી શકાય.

આ સંજોગોમાં છેલ્લો રસ્તો જનઆંદોલનનો છે. નીટ પેપર લીક કેસમાં ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા માટે જેન-ઝીએ પ્રચંડ આંદોલન કરીને સરકારને ફરજ પાડી એવી ફરજ પડાય તો જ્ઞાનેશકુમાર જાય, બાકી ૨૦૨૯ના જાન્યુઆરીમાં મુદત પતે ત્યાં લગી જામેલા રહેવાના. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૬-૧૦-૨૦૨૬, એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી

- ભારતીય દિનાંક ૧૪, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૨-૧૭ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૨-૧૭ સુધી પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર મિથુન કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮-૪૩, રાત્રે ક. ૨૧-૦૩
- ઓટઃ બપોરે ક. ૧૫-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૦ (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – એકાદશી. એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી (કલાકંદ). સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, ઔષધી ઉપચાર, માલ વેંચવો, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, સંબંધિત કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન.
- શ્રાદ્ધ મહિમાઃ એકાદશી તિથિએ એ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. એકાદશી શ્રાદ્ધ મોક્ષ અપાવે છે. સુખ સંપત્તિ શાંતિ આપે છે. સમગ્ર વર્ષમાં ૧૭૦ દિવસ શ્રાદ્ધ અને વિધવિધ પ્રકારે કરવાનો ઉલ્લેખ છે એટલે કે શ્રાદ્ધ ફક્ત એક જ દિવસ, ભાદ્રપદના શ્રાદ્ધપક્ષમાં ન કરતાં બ્રાહ્મણ દ્વારા તીર્થયાત્રામાં, દિવંગતની તિથિ, અમાસ, સંક્રાંતિ, ગ્રહણ, શિવરાત્રિ, પ્રદોષ, પાંચમ, બુધવાર આદિ અનેક તિથિ પર્વ યોગોમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરવું. શ્રાદ્ધ ઉપરાંત જરૂરતમંદોને દાન કરવું, વિદ્યાર્થીઓને, પશુ-પંખી-ગાય, જીવસૃષ્ટિ, અશક્તોને માટે મદદરૂપ થવું, બ્રાહ્મણોને પોતાની આજીવિકા જળવાઈ રહે તે હેતુથી ષોડ્શસંસ્કાર, કથા, વાર્તા, પૂજન ઈત્યાદિ ધર્મલાભની પ્રાપ્તિ માટે કરાવવા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ પુરુષાર્થી સ્વભાવ. બુધ-શુક્ર યુતિ લોકપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ (તા. ૭), બુધ-શુક્ર યુતિ (તા. ૭)
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, વક્રી શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ચૂંટણી પંચ સ્વતંત્ર, નિર્ભયતાથી કામ કરી રહ્યું છેઃ ભાજપ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોમવારે કહ્યું હતું કે ચૂંટણી પંચ સંબંધિત અરજીઓ પર સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નૉટિસ જાહેર કરવી એ વાતનો પુરાવો છે કે દેશમાં તમામ સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરી રહી છે અને ભય અને સરમુખત્યારશાહીનું કોઈ વાતાવરણ નથી. આ ઘટના અંગે પૂછવામાં આવતા ભાજપના પ્રવક્તા સમ્બિત પાત્રાએ કહ્યું હતું કે, દેશ ખૂબ જ લોકશાહી રીતે આગળ વધી રહ્યો છે. દરેક વ્યક્તિ પોતાના મનની વાત કરી રહ્યો છે. બધી પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. લોકશાહીનું આનાથી સારું મૉડેલ કયું હોઈ શકે? મને લાગે છે કે ભારત લોકશાહીની ઉજવણી કરી રહ્યું છે.સુપ્રીમ કોર્ટે એક અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પાસે એક સપ્તાહમાં જવાબ માગ્યો છે. અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના નેતૃત્વ હેઠળના ચૂંટણી પંચ દ્વારા કથિત રીતે બંન્ને ચૂંટણી કમિશનરોની સંમતિ વિના નિર્ણયો લેવાની રીતને પડકારવામાં આવી છે.

# નિકાસની વ્યાખ્યાને વિદેશી મુદ્રાની આવક સાથે સુસંગત કરવા વિચારણા

નવી દિલ્હીઃ નિકાસની વ્યાખ્યાને વિદેશી હૂંડિયામણ કમાવતી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ સાથે સુસંગત બનાવવા અંગેના પ્રસ્તાવ પર જીએસટી કાઉન્સિલ સાત ઑક્ટોબરે વિચારણા કરે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતીય કંપનીની વિદેશી શાખાઓ મારફતે પૂરી પાડવામાં આવતી સેવાઓને નિકાસનો દરજ્જો મળે કે નહીં એ અંગેની અસ્પષ્ટતા દૂર કરવા અંગે પણ વિચારણા કરવામાં આવે એવી શક્યતા છે.

વાસ્તવમાં જે રીતે સેવાઓ નિકાસ કરવામાં આવે છે તેની સાથે નિકાસ સંબંધિત જોગવાઈઓને સુસંગત બનાવવા માટે જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠકમાં આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

આ પ્રસ્તાવ ખાસ કરીને એવા નિકાસકારો માટે છે જેઓ વિદેશમાં આવેલી પોતાની શાખા મારફતે કામ કરે છે. વિદેશી ગ્રાહકો ધરાવતી ભારતીય કંપનીઓ માટે આ એક સામાન્ય વ્યવસ્થા છે. (એજન્સી)

# ઇમરાનની મુક્તિ માટે ઉગ્ર બનતું આંદોલનઃ ખૈબર પખ્તૂનખ્વામાં કટોકટી લદાઈ શકે છે

નવી દિલ્હીઃ ઇમરાન ખાન દ્વારા સ્થાપિત પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઇ) ઇસ્લામાબાદ તરફની લાંબી કૂચ શરૂ કરી રહી છે, ત્યારે સંઘીય સરકાર ખૈબર પખ્તૂનખ્વામાં ગવર્નર શાસન અથવા તો કટોકટીની સ્થિતિ લાદવાનું વિચારી રહી છે, જે પીટીઆઈના મુખ્ય પ્રધાન સોહેલ આફ્રિદી દ્વારા શાસિત છે.

કરાચી સ્થિત દૈનિક અનુસાર, આફ્રિદીએ ચોથી ઑક્ટોબરના રોજ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના લક્કી મારવત શહેરથી ઇસ્લામાબાદ તરફ પીટીઆઈની લાંબી કૂચ શરૂ કરી હતી, જેમાં તેના જેલમાં બંધ સ્થાપક અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની મુક્તિની માગ કરવામાં આવી હતી.

ડોને સરકારી સૂત્રોને ટાંકીને સોમવારે અહેવાલ આપ્યો હતો કે 'કટોકટી લાદવાની તૈયારી છે'.

કરાચી સ્થિત એક અખબારે ખૈબર પખ્તૂનખ્વાના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીના અહેવાલ મુજબ રવિવારે પત્રકારોને કહ્યું હતું કે, ''જો પ્રાંતને બચાવવા માટે કટોકટી લાદવી જરૂરી બનશે, તો અમે ચોક્કસપણે તે લાદશું.''

## પ્રજામત

### અભિનંદન

આપ દ્વારા સંપાદિત મુંબઈ સમાચારમાં આવતા તંત્રીલેખ ખૂબ જ સારા અને ભારતની વાસ્તવિકતા, પૉલિટિકલ વિશે ઘણા જ ઉત્તમ હોય છે. તમે ગુજરાતી ભાષામાં ૨૦૦ વર્ષ ઉપરથી નીડરતાથી લખો છો એ બદલ અભિનંદન.

– મદત લાખાણી, હૈદરાબાદ

### નવરાત્રિ

મા અંબાનો મહિમા અપરંપાર છે. માની કૃપા-આશીર્વાદ મેળવવા માટેની પ્રાર્થના અને ભક્તિ કરતાં પહેલાં જીવનને સાદું અને સંયમિત બનાવવું. સંયમિત જીવનથી વિષય-વાસના-વ્યસન વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો. ત્યાર બાદ માની ઉપાસના કરો તો લાભ થાય, શક્તિ મળે, પરંપરાએ જીવન સુખમય બની મોક્ષ થાય.

–જિતેન્દ્ર શાહ, અંધેરી

### ગરબામાં સીટી અપમાનજનક

નવરાત્રી રૂમઝૂમ કરતી આવી રહી છે. અનેક સ્થળોએ શ્રી અંબે માતાની સ્તુતિ અને ગરબારાસ યોજાશે. ખેલૈયાઓનાં મન, તન અને દિલ ભક્તિમાં રસબોળ થઈ જશે. લોકપ્રિય ગરબારાણી કહેવાતી ગાયિકા ફાલ્ગુની પાઠકના ચાંદ સિતારા ચમકશે એ હકીકત છે. ફાલ્ગુનીબહેન મોટે ભાગે પશ્ચિમી પહેરવેશમાં સ્ટેજ ઉપર ગાતાં હોય છે એનો ખાસ વાંધો નથી, પરંતુ ક્યારેક કાળાં ચશ્માં પહેરીને ગરબા રજૂ કરે છે એ માતાજી સમક્ષ સુસંગત નથી લાગતું. ભલે એ એક નિર્દોષ ફેશન હોય, પણ નવરાત્રીમાં ગરબા વખતે એ ન શોભે. અને બીજી મોટી વાત. ગરબા ગાતી વખતે આવારનવાર જોમમાં આવી જતાં ફાલ્ગુની પાઠક મોઢામાં આંગળી નાંખીને ટપોરીની જેમ સીટી મારે છે એ માતાજી માટે આપમાનજનક અને નવરાત્રીના સંસ્કાર વિરુદ્ધ તથા અશોભનીય છે. આવું ફક્ત કોઈ ગલ્લી (નુક્કડ)ના ટપોરીઓ વચ્ચે જ ચલાવી લેવાય. ફાલ્ગુની પાઠકે પોતે સમજીને અને એનો પ્રોગ્રામ રજૂ કરતા આયોજકોએ પણ તેમને સીટી ન મારવાનું કહી દેવું જોઈએ અને એનો અમલ થવો જોઈએ.

–સુરસિંહ જમનાદાસ ચાડ, અંધેરી

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### ટૂંકમાં એકથી વધુ

અપલોડ કરવાના જરૂરી દસ્તાવેજોની યાદી પણ આપવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એકવાર નવી રજીસ્ટ્રેશન સિસ્ટમ અમલમાં આવી જાય પછી, વ્યવસાયો દ્વારા આપવામાં આવેલી વિગતોનો ઉપયોગ અન્ય રાજ્યોમાં રજીસ્ટ્રેશન માટે અરજી કરતી વખતે પણ થઈ શકશે.

જો કોઈ વ્યવસાય અનેક રાજ્યોમાં રજીસ્ટ્રેશન માટે અરજી કરે છે, તો તે તમામ અરજીઓ એકસાથે ભરી શકાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફોર્મ ભરતી વખતે આપવામાં આવેલા સ્થળના આધારે જીએસટી સિસ્ટમ નક્કી કરશે કે કઈ કચેરી અધિકારક્ષેત્ર ધરાવે છે.

કાઉન્સિલ અધિકારીઓ માટે માર્ગદર્શિકાના સમૂહને પણ મંજૂરી આપી શકે છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવશે કે કયા દસ્તાવેજો માગી શકાય, કયા હેતુ માટે માગી શકાય અને ક્યારે તે દસ્તાવેજો પૂરતા ગણાશે. સૂત્રોએ ઉમેર્યું હતું કે, આનાથી જીએસટી રજીસ્ટ્રેશન માટે રાજ્યો વચ્ચે એકરૂપતા આવશે. એક રાજ્યના અરજદાર પાસે જે વિગતો કે દસ્તાવેજો માંગવામાં આવશે, તે જ બીજા રાજ્યના અરજદાર પાસે પણ માગવામાં આવશે.

જીએસટી કાઉન્સિલે તેની સપ્ટેમ્બર ૨૦૨૫ની બેઠકમાં નાના અને ઓછા જોખમ ધરાવતા વ્યવસાયો માટે સરળ જીએસટી રજીસ્ટ્રેશન યોજનાને મંજૂરી આપી હતી અને આ યોજના પહેલી નવેમ્બર, ૨૦૨૫થી અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ, આવા વ્યવસાયોને ત્રણ દિવસની અંદર રજીસ્ટ્રેશન આપવામાં આવે છે. (એજન્સી)

### ભારત-અમેરિકા

કરી રહ્યા છે. ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વાતચીત શરૂ કરવા સંમત થયા હતા. બન્ને દેશે દ્વિપક્ષીય વેપાર બમણો કરીને ૫૦૦ અબજ ડૉલર કરવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. વાતચીત ૨૦૨૬માં પણ ચાલુ રહી હતી. પરંતુ ટ્રેડ ડીલ થઈ નથી. અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરે પહેલી ઑક્ટોબરે કહ્યું હતું કે વેપાર કરાર નજીકના ભવિષ્યમાં નહીં થાય. ચર્ચાના છેલ્લા રાઉન્ડમાં વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે ૨૯ સટેમ્બરથી પાંચ ઑક્ટોબર અમેરિકામાં હતા.

### ફૉર્મ-૬માં

ઉઠાવ્યો હતો અને આમાં ફોર્મ નંબર છમાં અરજદારના વંશાવાલી અને અગાઉના 'સર' સાથેની કડી પૂછી છે.

બેન્ચે સિનિયર ઍડવોકેટ મેનકા ગુરુસ્વામીને કહ્યું હતું જાહેર હિત અરજીમાં કરાયેલી વિનંતીઓ અવ્યવસ્થિત છે. આના જવાબમાં ગુરુસ્વામીએ કહ્યું હતું કે આમાં કોઈ ખામી નથી અને તેમણે ફોર્મ નંબર છમાં કરેલા સુધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના અરજદાર શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ બીજા બે કમિશનરની મંજૂરી વિના મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારે લીધેલા નિર્ણયો, માર્ગદર્શિકા અને સોફ્ટવેર ફેરફારોને પડકાર્યા હતા. પંચે ૨૬ સપ્ટેમ્બરે એક અખબારી યાદીમાં દાવો કર્યો હતો કે સર્વોચ્ચ અદાલતે ફોર્મ નંબર છને માન્ય રાખ્યું છે. બેન્ચે ઍડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ કરેલી અરજી પર પણ નોટિસ આપીને તેને પટણાના રહેવાસી રાકેશ કુમાર સિંહની અરજી સાથે જોડી હતી.

### યુપીમાંથી

નિવૃત્ત થનારા રાજ્યસભાના સભ્યોમાં ભાજપના નેતાઓ અરુણ સિંહ, ગીતા શાક્ય, નીરજ શેખર, બ્રિજલાલ, બી.એલ. વર્મા, સીમા દ્વિવેદી અને હરદીપ સિંહ પુરી, સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવ અને બસપાના રામજી ગૌતમનો સમાવેશ થાય છે. આ તમામમાંથી એકેયને રીપિટ નહીં કરીને ભાજપે મોટું આશ્ચર્ય સરજ્યું છે.

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા આ આઠ ઉમેદવારના નામને મંજૂરી આપવામાં આવી છે, એમ તેમાં જણાવાયું છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં ૧૨ રાજ્યસભા બેઠકની ચૂંટણી ૧૬ ઓક્ટોબરે યોજાશે. આમાં ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની એક બેઠક, પશ્ચિમ બંગાળની એક બેઠકની પેટાચૂંટણીનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરના રોજ સમાપ્ત થાય છે. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન દિનેશ શર્મા દ્વારા યોજાયેલી રાજ્યસભા બેઠક પણ ૧૧ સપ્ટેમ્બરથી ખાલી છે, જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે તેમની નિમણૂક બાદ તેમનું રાજીનામું અમલમાં આવ્યું હતું.

### કૉંગ્રેસ આજે

પ્રદર્શનોનો એજન્ડા તૈયાર કરવાનો હતો. હાલમાં વિપક્ષે ચૂંટણી પંચ વિરુદ્ધ મોરચો ખોલી દીધો હોવા વચ્ચે મુખ્ય વિપક્ષ કૉંગ્રેસ આજે ચૂંટણી પંચનો ઘેરાવ કરશે. આ બેઠક બાદ કૉંગ્રેસે વિરોધ પ્રદર્શનના ત્રીજા તબક્કાના આંદોલનનું પણ ઍલાન કરી દીધું હતું. આંદોલનનો ત્રીજો તબક્કો ૨૫ ઑક્ટોબરથી ૨૫ નવેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન પક્ષ ગામેગામ જઈને ઝુંબેશ ચલાવશે. ૨૬ નવેમ્બરે (સંવિધાન દિવસ) ચલો દિલ્હી કાર્યક્રમ અંતર્ગત દેશના જુદા જુદા વિસ્તારમાં છ મોટી યાત્રા કાઢવામાં આવશે જેનું નેતૃત્વ છ દિગ્ગજ નેતા કરશે. કૉંગ્રેસનું લક્ષ્ય સરકાર અને ચૂંટણી પંચની નીતિઓ વિરુદ્ધ રસ્તાથી લઈને સંસદ સુધી મોરચો ખોલવાનું છે. પક્ષના અધ્યક્ષે આ ઝુંબેશને આક્રમક રાષ્ટ્રવ્યાપી અભિયાન સ્વરૂપે આગળ વધારવાનો પક્ષના નેતાઓને નિર્દેશ આપી દીધો છે અને તેનો નારો 'વોટ બચાવો, દેશ બચાવો' હશે. સરકાર ઝૂકી જવા મજબૂર ન થાય ત્યાં સુધી આ અભિયાન ચાલુ રાખવાનો કૉંગ્રેસનો સંકલ્પ છે. દરમિયાન આઠ ઑક્ટોબરે કૉંગ્રેસ મોટું સરઘસ કાઢવાની છે.

### ડૉનલ્ડ ટ્રમ્પે

જ સમયમાં પરિણામો જાહેર થઈ ગયાં. આ પૉસ્ટમાં ટ્રમ્પની વ્યાકરણની કેટલીક જાણીતી ભૂલો પણ હતી. અમેરિકાની ચૂંટણી પ્રક્રિયાની ટીકા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકામાં મતદાનની પ્રક્રિયા ભ્રષ્ટ છે. અમેરિકાનાં રાજ્યો અને શહેરોમાં મતોની ગણતરી કરવામાં લાગતા અનેક અઠવાડિયાઓ તરફ તેમણે અંગૂલીનિર્દેશ કર્યો હતો.

અગાઉ ગયા વરસે ટ્રમ્પે સ્પેનને પણ ભૂલથી 'બ્રિક્સ' દેશ તરીકે સંબોધ્યું હતું. (એજન્સી)

### ફરી ઍર ટ્રબલ

લગભગ ૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવી ગયું હતું.

જોકે કટોકટીનું કારણ હજુ સુધી જાહેર કરવામાં નથી આવ્યું. સામાન્ય રીતે વિમાનને નિયંત્રિત રીતે ઝડપથી ઓછી ઊંચાઈએ (સામાન્ય રીતે ૧૦,૦૦૦ ફૂટથી નીચે) લાવવામાં આવે છે જે ઘણી વખત કેબિનમાંનું દબાણ ઘટી જવાની ઘટનાનો સંકેત હોય છે. બીએ-૨૯૫ વિમાન લંડનથી શિકાગો જતી વખતે ૭૭૦૦ સ્કવોક કોડ સાથે ૯,૦૦૦ ફૂટ સુધી નીચે આવી ગયું હતું. (એજન્સી)

### ઈન્ડિગોમાં

ફ્યુઅલ સરચાર્જમાં એરલાઇન દ્વારા એપ્રિલ પછી બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. ૫૦૦ કિલોમીટર સુધીના અંતરવાળા રૂટ માટે ફ્યુઅલ સરચાર્જ ૩૭૫ રૂપિયા રહેશે અને ૫૦૧થી ૧૦૦૦ કિલોમીટર વચ્ચેના અંતરવાળી ફ્લાઇટ્સ માટે તે ૬૦૦ રૂપિયા રહેશે.૧૦૦૧થી ૧૫૦૦ કિલોમીટરના અંતરવાળા રૂટ માટે આ રકમ ૯૦૦ રૂપિયા અને ૧૫૦૧ થી ૨૦૦૦ કિલોમીટરના અંતર માટે ૧૧૫૦ રૂપિયા રહેશે.નિવેદનમાં જણાવાયું છે કે ૨૦૦૦ કિલોમીટરથી વધુ અંતર ધરાવતી ફ્લાઇટ્સ માટે ફ્યુઅલ સરચાર્જ ૧૩૦૦ રૂપિયા રહેશે. સાર્ક ક્ષેત્રની ફ્લાઇટ્સ માટે ફ્યુઅલ સરચાર્જ ૧૦૦૦થી ૩૦૦૦ રૂપિયાની વચ્ચે રહેશે, જ્યારે આફ્રિકાની ફ્લાઇટ્સ માટે ૬૦૦૦ રૂપિયા અને યુરોપની સેવાઓ માટે ૧૦૦૦૦ રૂપિયા રહેશે.નિવેદન અનુસાર, દક્ષિણ-પૂર્વ એશિયા, જીસીસી અને મધ્ય-પૂર્વ તેમજ ઉત્તર અને પૂર્વ એશિયાની ફ્લાઇટ્સ માટે ફ્યુઅલ સરચાર્જ ૫,૫૦૦ રૂપિયા રહેશે. (એજન્સી)

### અપરાધીઓના

આપણે સાથે મળીને કામ કરવું પડશે. આપણે ખાતરી કરવી પડશે કે દિલ્હી-એનસીઆરમાં દરેક મહિલા રાત્રે ૧૧ વાગ્યે પણ પોતાને સુરક્ષિત અનુભવે, પછી ભલે તે રસ્તા પર કે મેટ્રોમાં મુસાફરી કરી રહી હોય.

બેન્ચે કહ્યું હતું કે, મહત્વનું એ છે કે ગુનો બનતા અટકાવો જોઈએ નહીં કે ગુના થયા પછી તમે શું પગલાં લો છો.

બેન્ચે કહ્યું કે પોલીસે ગુનેગારો અને અસામાજિક તત્વોના મનમાં કાયદાનો ડર પેદા કરવો જોઈએ જેનામાં આવા ગુના કરવાની વૃત્તિ છે. 'દિલ્હી-એનસીઆરમાં તાજેતરના બળાત્કારના બનાવો' શીર્ષક હેઠળના સુઓમોટો કેસની સુનાવણી કરતી વખતે બેન્ચે જણાવ્યું હતું કે, બળાત્કાર એક એવો ગુનો છે જેને કોઈ પણ સમાજ સ્વીકારી શકે નહીં.

### તમારું સ્થાન

છે. આ અહંકારને યોગ્ય સ્થાન બતાવવાની જરૂર છે. તમને ખ્યાલ હોવો જોઈએ કે તમારું સ્થાન જેલમાં છે. ખંડપીઠે નિર્દેશ આપ્યો કે મંગળવાર સુધીમાં ચુકવણી કરવામાં આવે અને બુધવારે પ્રથમ કેસ તરીકે સુનાવણી માટે આ મામલો સૂચિબદ્ધ કર્યો હતો.

ખંડપીઠે કહ્યું હતું કે તે યાદવની અપીલ ફગાવી શકતી હતી પરંતુ તેમ કરવામાં અનિચ્છા દર્શાવી કારણ કે તેનાથી ફરિયાદીની નાણાં પાછા મેળવવાની શક્યતાઓ જોખમમાં મુકાઈ શકે છે. (એજન્સી)

### જ્ઞાનેશકુમારે

પર વચગાળાનો મનાઈ હુકમ આપે. તેમણે ચૂંટણી પંચના મુખ્ય કમિશનરને સસ્પેન્ડ કરવાની દાદ ચાહતા કહ્યું હતું કે દરેક નાગરિક પોતાના મતાધિકાર અંગે અસુરક્ષા અનુભવી રહ્યો છે. બેન્ચે ઍડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ કરેલી આની સાંકળતી અરજી પર પણ નોટિસ આપીને તેને સિંહની અરજી સાથે જોડી હતી.

બેન્ચે કહ્યું હતું કે જો સીઈસીને સસ્પેન્ડ કરાશે તો ચૂંટણી પંચની કામગીરી ખોરવાઈ જશે. બેન્ચે પૂછ્યું હતું કે તો પછી કોણ ચૂંટણી યોજશે? બેન્ચે કહ્યું હતું કે પંચે બંધારણીય જોગવાઈઓ પ્રમાણે કામ કરવું જોઈએ. સિંહે રજૂઆત કરી હતી કે બે ચૂંટણી કમિશનરને તેમની ફરજ બજાવવાની છૂટ આપવી જોઈએ. બેન્ચે કહ્યું હતું કે આવો હુકમ બહાર પાડતા પહેલાં અમારે લાગતીવળગતી વ્યક્તિઓ પાસે જવાબ માગવો પડશે. આના જવાબમાં સિંહે રજૂઆત કરી હતી કે અદાલતે એવો આદેશ બહાર પાડવો જોઈએ કે પંચે ફક્ત એકમતી કે બહુમતીથી નિર્ણય લેવા જોઈએ. મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે આવું ફરજિયાત છે એવો કાયદો છે અને અમે પંચ એનું પાલન કરે એમ ઈચ્છીએ છીએ. જો એનો કોઈ ભંગ થયો હશે તો અમે એવા નિર્ણયો રદ કરીશું. જો એકમતી કે બહુમતીથી નિર્ણયો લેવાયા નહીં હોય તો અમે નિર્ણયો રદ કરીશું. બેન્ચે કહ્યું હતું કે અમે સામેવાળો પક્ષ હાજર ન હોય એટલે હુકમ ન બહાર પાડી શકીએ. અમારે ચૂંટણી પંચે લીધેલા નિર્ણયો જોવા પડશે. જસ્ટિસ બાગચીએ કહ્યું હતું કે જો રેકર્ડમાં માલૂમ પડશે કે નિર્ણયો એકમતીથી લેવાયા નથી તો અમે એ નિર્ણયને રોકી દઈશું. અમે તેને ગેરબંધારણીય કહીશું. અમે સામાવાળા પક્ષની ગેરહાજરીમાં બધા નિર્ણયો એકપક્ષી હતા એમ ન કહી શકીએ. (એજન્સી)

# ધારાસભ્યો દુષ્કાળ રાહત માટે વિધાનસભ્ય ભંડોળનો ઉપયોગ કરી શકશે

મુંબઈઃ મહારાષ્ટ્રના ધારાસભ્યો દુષ્કાળ અને પાણીની અછતનો સામનો કરવાના કામો માટે 'વિધાનસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ કાર્યક્રમ' હેઠળ મળતા ભંડોળનો ઉપયોગ કરી શકશે, જેમાં દરેક કામ માટે મહત્તમ રૂ. ૨૫ લાખની નાણાકીય મર્યાદા રહેશે.

આયોજન વિભાગ દ્વારા સોમવારે બહાર પાડવામાં આવેલા સરકારી ઠરાવમાં જણાવાયું છે કે આ જોગવાઈ ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષ દરમિયાન વિધાનસભ્યોને મળવાપાત્ર ભંડોળને લાગુ પડશે. મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભ્યો અને ૫૫ વિધાન પરિષદ સભ્યો છે.

રાજ્યમાં દુષ્કાળ જેવી સ્થિતિ અને પાણીની તીવ્ર અછતને ધ્યાનમાં રાખીને આ આદેશ આપવામાં આવ્યો છે. સરકારે ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યો છે.

આદેશમાં જણાવાયું છે કે વિધાનસભ્યોનું ભંડોળ વહીવટી વિભાગો દ્વારા પરિસ્થિતિને પહોંચી વળવા માટે અમલમાં મૂકવામાં આવતા પગલાંઓમાં પૂરક ભૂમિકા ભજવશે.

આ આદેશ જિલ્લા કલેક્ટરોને પાણીની અછતનો સામનો કરી રહેલા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રૂ. ૨૫ લાખ સુધીના ખર્ચવાળા કામોને મંજૂરી આપવાની સત્તા આપે છે.

મંજૂર કરાયેલા કામોમાં કામચલાઉ પાઈપલાઈન દ્વારા પાણીપુરવઠાની યોજનાઓ, નવા નળ અને જોડાણો પૂરા પાડવા, પાઈપલાઈન અને પાણીની ટાંકીઓની વિશેષ મરામત, પાણીપુરવઠાના કૂવા ઊંડા કરવા અને તેમાંથી કાંપ દૂર કરવો, નવા કૂવા અને બોરવેલનું નિર્માણ, તેમજ હાલના કૂવાઓની વિશેષ મરામત કે પુનરુદ્ધારનો સમાવેશ થાય છે.

આ ભંડોળનો ઉપયોગ પાણીપુરવઠા યોજનાઓ માટે પંપ બેસાડવા, નદીના પટમાંથી પાણી મેળવવા, ટાંકીઓ અને ઈજીઈ-માર્કવાળી પ્લાસ્ટિકની સંગ્રહ ટાંકીઓ સહિત પાણી સંગ્રહની કામચલાઉ સુવિધાઓ ઊભી કરવા અને પશુ શિબિરોમાં પશુઓને ઘાસચારો પૂરો પાડવા માટે ડોલ કે ટબ આપવા માટે પણ થઈ શકે છે.

આ આદેશ અધિકૃત ગૌશાળાઓમાં શેડ બનાવવા અને ત્યાં પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સામગ્રી પાછળ ખર્ચ કરવાની મંજૂરી આપે છે.

તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા-કેન્દ્રો પર પીવાનું પાણી પૂરું પાડવા માટે જરૂરી દવાઓ અને સામગ્રીની ખરીદી, તેમજ સરકારી અને સ્થાનિક સંસ્થાઓની શાળાઓમાં પાણી પુરવઠાના સાધનો અને આરઓ પ્લાન્ટ સહિતની પાણી શુદ્ધિકરણ પ્રણાલીઓ સ્થાપવાની પણ મંજૂરી આપે છે.

આંગણવાડી કેન્દ્રોમાં પણ સુરક્ષિત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે આવી જ વ્યવસ્થાઓની મંજૂરી આપવામાં આવી છે. આદેશમાં નિર્દિષ્ટ કાર્યો સિવાયના કામો અથવા નિર્ધારિત નાણાકીય મર્યાદાથી વધુ ખર્ચ ધરાવતા પ્રોજેક્ટ્સ માટે, ધારાસભ્યોએ જિલ્લા કલેક્ટર મારફતે આયોજન વિભાગને 'વિશેષ કિસ્સા' તરીકે દરખાસ્તો રજૂ કરવી પડશે. ■



**પ્રદૂષણઃ** દક્ષિણ મુંબઈના વાલકેશ્વરમાં આવેલા ઐતિહાસિક બાણગંગા તળાવમાં ૧૦ દિવસના શ્રાદ્ધ બાદ સોમવારે મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળી હતી. જેને પગલે સમગ્ર વહીવટીતંત્ર દોડતું થઈ ગયું હતું. (અમય ખરાડે)

# પરિવહન પ્રધાનની ઓટો-ટેક્સી ચાલકોને ચેતવણી!

મુંબઈ : મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે સોમવારે 'મહારાષ્ટ્ર માઝા! મરાઠી માઝી સંવાદ ભાષા' કાર્યક્રમ દરમિયાન ઓટો અને ટેક્સી ચાલકોને કહ્યું હતું કે, તેમણે મળેલી વધારાની મુદતનો ગેરલાભ ન લેવો જોઈએ, પરંતુ તેના બદલે આ સમયગાળાનો ઉપયોગ ભાષા શીખવા માટે કરવો જોઈએ. પ્રધાને જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં વ્યવસાય કરતી વખતે સ્થાનિક લોકો સાથે વાતચીત કરવા માટે મરાઠી ભાષા શીખવી એ માત્ર એક અપેક્ષા નથી, પરંતુ એક સામાજિક જવાબદારી છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે રાજ્યમાં રિક્ષા, ટેક્સી અને એપ-આધારિત પેસેન્જર વાહનો ચલાવતા બિન-મરાઠી ભાષી ચાલકોએ બહાના આગળ ધરીને આ ભાષા શીખવાની અવગણના ન કરવી જોઈએ. તેમણે આવા તમામ ચાલકોને 'મહારાષ્ટ્ર માઝા! મરાઠી માઝી સંવાદ ભાષા!' અભિયાનના બીજા તબક્કામાં ભાગ લેવા અને વ્યવહારિક મરાઠી ભાષા શીખવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 'હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મરાઠી ભાષા અભિયાન'નું આયોજન પરિવહન વિભાગ, રાજ્ય મરાઠી વિકાસ સંસ્થા અને કોંકણ મરાઠી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી રહ્યું છે જેનો ઉદ્દેશ્ય મહારાષ્ટ્રમાં રહેતા અને કામ કરતા તથા સ્થાનિક નાગરિકો સાથે રોજિંદો સંપર્ક ધરાવતા દરેક વાહનચાલકને નાગરિકો સાથે મરાઠી ભાષામાં આત્મવિશ્વાસપૂર્વક વાતચીત કરવા માટે સક્ષમ બનાવવાનો છે. ■

# વિદ્યાવિહાર ફ્લાયઓવરને સ્વ. પ્રમોદ મહાજનનું નામ આપવાની પ્રકાશ મહેતાની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને ઘાટકોપરના ભૂતપૂર્વ વિધાનસભ્ય પ્રકાશ મહેતાએ સોમવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા અને એક નિવેદન આપ્યું કે તેમના પ્રયાસોથી બનેલા વિદ્યાવિહાર પૂર્વ-પશ્ચિમ ફ્લાયઓવરનું નામ ભાજપના દિવંગત નેતા અને ઉત્તર-પૂર્વ મુંબઈના ભૂતપૂર્વ સાંસદ સ્વ. પ્રમોદ મહાજનના નામ પર રાખવામાં આવે. પ્રકાશ મહેતા ૧૯૯૦ માં ઘાટકોપરના ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી, ઘાટકોપરના નાગરિકોની માગણીને ધ્યાનમાં રાખીને, ઉપરોક્ત ફ્લાયઓવર અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે વહીવટીતંત્ર સાથે ફોલોઅપ શરૂ કરવામાં આવ્યો હતો, ૧૯૯૬માં, જ્યારે સ્વ. પ્રમોદ મહાજન તેમના મતવિસ્તારમાંથી સાંસદ તરીકે ચૂંટાયા ત્યારે તેમણે પણ ઉપરોક્ત ફ્લાયઓવર અંગે ફોલોઅપ કર્યો. ૨૦૧૪માં જ્યારે



કેન્દ્ર અને રાજ્યમાં ભાજપ સરકાર સત્તામાં આવી અને પ્રકાશ મહેતા રાજ્ય કક્ષાના પ્રધાન બન્યા, ત્યારે તેમણે ઉક્ત ફ્લાયઓવર માટે તમામ યોજનાઓ ઝડપી ગતિએ તૈયાર કરી, રેલ્વે વિભાગ પાસેથી પરવાનગી લીધી અને ભંડોળ મંજૂર કર્યું અને ૨૦૧૭માં દેવેન્દ્ર ફડણવીસ દ્વારા ઉક્ત ફ્લાયઓવરનો શિલાન્યાસ કરવામાં આવ્યો અને કામ શરૂ થયું હતું. ૨૪ વર્ષના અથાક પ્રયાસો પછી ઘાટકોપરના રહેવાસીઓ માટે બનાવવામાં આવી રહેલો આ ફ્લાયઓવર તેના અંતિમ તબક્કામાં છે ■

# સરકારે ૩ આઈએએસ અધિકારીઓની બદલી કરી

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે સોમવારે ત્રણ અમલદારોની ઉચ્ચ-સ્તરીય ફેરબદલીના ભાગરૂપે વરિષ્ઠ આઈએએસ અધિકારી સંજય ખંડારેની વધારાના મુખ્ય સચિવ (વન વિભાગ) તરીકે નિમણૂક કરી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, ૧૯૯૬ની બેચના અધિકારી અતિરિક્ત મુખ્ય સચિવ (પર્યટન) ખંડારેની બદલી વન વિભાગમાં કરવામાં આવી છે અને તેઓ મુંબઈ સ્થિત મંત્રાલય (રાજ્ય સચિવાલય) ખાતે ફરજ બજાવશે. આદેશ અનુસાર, ૨૦૦૯ની બેચના આઈએએસ અધિકારી સંજય યાદવ, જેઓ હાલમાં મુંબઈ ખાતે 'સમગ્ર શિક્ષા અભિયાન'ના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેમની નિમણૂક મંત્રાલયમાં સચિવ (પર્યટન વિભાગ) તરીકે કરવામાં આવી છે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, અન્ય એક સનદી અધિકારી અને ૨૦૧૯ની બેચના અધિકારી વૈષ્ણવી બી.ની બદલી કરીને તેમને નાગપુર વિભાગના અધિક વિભાગીય કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. (પીટીઆઇ)■

# ડોક્ટરોની મારપીટઃ શિવસેનાના નગરસેવકનું કોર્ટમાં આત્મસમર્પણ

થાણેઃ ડોંબિવલીની હોસ્પિટલમાં ડોક્ટરોની મારપીટના કેસમાં મુખ્ય આરોપી એવા શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રે તથા અન્ય ત્રણના જામીન સુપ્રીમ કોર્ટે રદ કર્યા બાદ તેમણે થાણે જિલ્લાની ટ્રાયલ કોર્ટ સમક્ષ રવિવારે આત્મસમર્પણ કર્યું હતું. ચારેયની બાદમાં કલ્યાણની આધારવાડી જેલમાં રવાનગી કરવામાં આવી હતી.

થાણે જિલ્લાના ડોંબિવલીમાં આવેલી શાસ્ત્રી નગર મ્યુનિસિપલ હોસ્પિટલના લેબર વોર્ડમાં ડ્યૂટી પર હાજર મહિલા ડોક્ટર સહિત ચાર ડોક્ટરની મારપીટ કરવા અને ગાળો ભાંડવાનો રમેશ મ્હાત્રે તથા અન્ય ત્રણ જણ પર આરોપ છે.

સુપ્રીમ કોર્ટે ૨૮ સપ્ટેમ્બરે બોમ્બે હાઇ કોર્ટના આદેશને બાજુ પર રાખીને મ્હાત્રે અને તેના ત્રણ સાથીદાર રમેશ પવાર, પ્રમોદ ઉર્ફે પ્રકાશ નિકમ તથા અક્ષય કારન્ડેના જામીન રદ કર્યા હતા અને તેમને પાંચમી ઑક્ટોબરે ટ્રાયલ કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો.

અન્ય આરોપી સાધના કારન્ડેના અગાઉ કલ્યાણ કોર્ટે જામીન નકાર્યા હતા અને તેન જુડિશિયલ કસ્ટડી હેઠળ આધારવાડી જેલમાં છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે શારીરિક હિંસા, ધમકી કે દબાણના ભય હેઠળ કામ કરતી વખતે કોઇ ડોક્ટર પાસેથી યોગ્ય અને સ્વતંત્ર નિર્ણય લેવાની અપેક્ષા રાખી શકાય નહીં. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મેહતાની ડિવિઝન બેન્ચે મ્હાત્રેની ભૂતકાળની વિગતો રજૂ કરીને કહ્યું હતું કે નીચલી અદાલતોએ તેના ગુનાહિત ઇતિહાસને યોગ્ય મહત્ત્વ આપવામાં નિષ્ફળતા દાખવી હતી. તેની સામે ૧૮ કેસ નોંધાયેલા છે, જેમાં ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૦ (હત્યા) અને ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ સજાપાત્ર ગુનાઓનો સમાવેશ છે. (પીટીઆઇ)■

# દારૂના નશામાં માતાની પીટાઈ કરનારા પિતાને મારીને કૂવામાં ફેંક્યોઃ બન્ને દીકરા સામે ગુનો

જાલનાઃ દારૂના નશામાં માતાની મારપીટ કરનારા પિતાને પતાવી નાખી શબ કૂવામાં ફેંકી દેવામાં આવ્યું હોવાની ઘટના સામે આવતાં પોલીસે મૃતકના બન્ને દીકરા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બદનાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વાશિમ જિલ્લાના વાકડ ખાતે રહેતા રાજુ દેવકર (૪૮)ના મૃતદેહને બન્ને દીકરા સુનીલ દેવકર (૨૫) અને અનિલ દેવકરે (૨૭) વાઘુલ ડોંગરગાંવ ખાતેના એક કૂવામાં ફેંકી દીધો હતો.

પહેલી ઑક્ટોબરે દારૂના નશામાં રાજુએ પત્નીની મારપીટ કરી હતી. આવા વર્તનથી રોષે ભરાયેલા સુનીલે લાકડીથી પિતાને ફટકાર્યો હતો, જેમાં રાજુ ગંભીર રીતે ઘવાયો હતો. પછી બન્ને ભાઈ સુનીલ અને અનિલ પિતાને છત્રપતિ સંભાજીનગર ખાતેની ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં લઈ જવા નીકળ્યા હતા. જોકે માર્ગમાં રાજુ સતત સુનીલને ગાળો ભાંડતો હતો. પરિણામે ગુસ્સામાં સુનીલે પિતાનું ગળું દબાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે સિંધખેડ રાજા પહોંચ્યા ત્યારે અનિલને ધ્યાનમાં આવ્યું કે તેના પિતા મૃત્યુ પામ્યા છે. તે સમયે સુનીલ બનેલી ઘટના કોઈને ન કહેવા અનિલને આજીજી કરવા લાગ્યો હતો. પોતાની ધરપકડ થશે તો આત્મહત્યા કરી લેશે, એવી ધમકી પણ તેણે આપી હતી, જેને પગલે ડરી ગયેલા અનિલે પિતાના મૃતદેહને વાઘુલ ડોંગરગાંવ ખાતેના એક ખેતરમાંના કૂવામાં ફેંકવામાં મદદ કરી હતી.

બન્ને ભાઈએ ગામવાસીઓ સામે વાર્તા ઉપજાવી કાઢી હતી કે ચાલતી કારમાંથી પિતા કૂદીને ભાગી ગયા હતા. જોકે બનેલી ઘટનાની જાણ અનિલે તેના ત્રીજા ભાઈ સીતારામને કરી હતી. સીતારામે તરત જ પોલીસને જાણ કરી હતી. માહિતીને આધારે પોલીસે કૂવામાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ■

# કેબિનમાં બોલાવી વિદ્યાર્થિનીનો વિનયભંગઃ લાતુરની સ્કૂલના પ્રિન્સિપાલ સામે ગુનો

## વિરોધ પ્રદર્શન કરનારી મહિલાઓએ આરોપીને ફાંસીએ ચડાવવાની માગણી કરી

લાતુરઃ શાળામાં ભણતી બાળકીને કેબિનમાં બોલાવીને તેની સાથે કથિત શરમજનક કૃત્ય કરવા બદલ લાતુરની શાળાના સ્થાપક-કમ-પ્રિન્સિપાલ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. આ ઘટનાના વિરોધમાં સોમવારે લાતુરમાં દેખાવ કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં જોડાયેલી મહિલાઓએ આરોપીને ફાંસીએ ચડાવવાની માગણી કરી હતી. લાતુરની ખાનગી ઈંગ્લિશ શાળા આદર્શ એજ્યુકેશનલ કેમ્પસના સ્થાપક અને પ્રિન્સિપાલ બશીર શેખ વિરુદ્ધ સોમવારે વિરોધ પ્રદર્શન કરાયું હતું. શેખ વિરુદ્ધ રવિવારની રાતે એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

એફઆઈઆર અનુસાર ઘટના ૨૦ સપ્ટેમ્બરે બની હતી. આરોપીએ બાળકીને સ્કૂલ કેમ્પસમાં આવેલી કેબિનમાં બોલાવી હતી અને તેની સાથે શરમજનક કૃત્ય કર્યું હતું. વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. આરોપીને ફાંસીએ ચડાવી દેવાની માગણી વિરોધ કરનારાઓએ કરી હતી. તેમના કહેવા મુજબ આવું કૃત્ય કરીને આરોપીએ શિક્ષણના વ્યવસાયને અપમાનિત કર્યો છે અને વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચેના સંબંધોના વિશ્વાસનો ભંગ કર્યો છે. દરમિયાન વાસવડી-બર્શી રોડ વિસ્તારમાં આવેલી સ્કૂલની શાખાની બારીનો કાચ અજાણ્યા શખસે તોડી શાળાના નામના બૉર્ડ પર સાહી ફેંકી હતી.

એમઆઈડીસી પોલીસની અલગ અલગ ટીમ તપાસમાં લાગી હોઈ શેખની શોધ ચલાવવામાં આવી રહી છે. (પીટીઆઇ)■

# સોશ્યલ મીડિયા પર ઓળખાણ પછી સગીરા સાથે દુષ્કર્મઃ ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોશિયલ મીડિયાના માધ્યમથી ઓળખાણ થયા પછી સગીરાને મળવા બોલાવીને તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ઘટના ગોરેગામના આરે કોલોની પરિસરમાં બની હતી. પછી સગીરાને કથિત બ્લૅકમેઈલ કરી આરોપીના બે મિત્રે પણ કુકર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવાતાં પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી.

આરે પોલીસના જણાવ્યા મુજબ ૧૭ વર્ષની સગીરાની ઓળખાણ ૨૧ વર્ષના કૉલેજ સ્ટુડન્ટ સાથે થઈ હતી. બન્ને વચ્ચે મિત્રતા થતાં ગયા મહિને આરોપી સ્ટુડન્ટે સગીરાને આરે કોલોનીના રૉયલ પામ નજીક મળવા બોલાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સગીરાને ભાડેની એક રૂમમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ઘેનયુક્ત ઠંડું પીણું પીવડાવ્યા પછી કૉલેજ સ્ટુડન્ટે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં આરોપી સગીરાને બ્લૅકમેઈલ કરવા લાગ્યો હતો. સગીરાને બ્લૅકમેઈલ કરી આરોપીએ તેના મિત્ર સાથે શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી હતી. એ જ રીતે બીજા મિત્ર સાથે પણ કુકર્મ માટે દબાણ કરાયું હતું. આરોપીના બન્ને મિત્રે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો. સગીરા મોટા ભાગનો સમય સોશિયલ મીડિયા પર વિતાવતી હોવાનું જોઈ તેની માતાને શંકા ગઈ હતી. સગીરાની પૂછપરછ કર્યા પછી માતા તેની કૉલેજમાં તપાસ માટે ગઈ હતી. કૉલેજમાંથી જાણવા મળ્યું હતું કે સગીરા અનેક દિવસ કૉલેજમાં હાજર રહી નહોતી. વિશ્વાસમાં લઈ દીકરીની પૂછપરછ કરતાં તેણે આપવીતી જણાવી હતી. પરિણામે દીકરીને લઈ માતા આરે પોલીસ સ્ટેશન પહોંચી હતી. પોલીસે જણાવ્યું હતું કે સગીરાનું નિવેદન નોંધી ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# વિના વિઘ્ને ગણેશોત્સવના સમાપનનું રહસ્ય પોલીસની 'એક મંડળ, એક કોન્સ્ટેબલ' પહેલ

મુંબઈઃ મહારાષ્ટ્ર પોલીસની સમાજલક્ષી 'એક મંડળ, એક કોન્સ્ટેબલ' પહેલ રાજ્યમાં ગણેશોત્સવને શાંતિપૂર્ણ રીતે અને વિઘ્ન વિના સંપન્ન કરવામાં મદદરૂપ બની હતી, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ પહેલને આપણા ડીજીપીના માર્ગદર્શન હેઠળ એક સરળ વિચારધારા સાથે તૈયાર કરવામાં આવી હતી કે જ્યારે એકબીજાને ઓળખતા લોકો તહેવારોનું સંચાલન કરે ત્યારે તે વધુ સુરક્ષિત રહે છે, એમ એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (કાયદો અને વ્યવસ્થા) નિખિલ ગુપ્તાએ જણાવ્યું હતું. ગયા વર્ષે પહેલની રૂપરેખા તૈયાર કરનારા અને ૨૦૨૫ના ગણેશોત્સવ દરમિયાન તેને પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકનારા આઇપીએસ ઓફિસરે જણાવ્યું હતું કે જ્યારે એક કોન્સ્ટેબલ મંડળના પદાધિકારીઓને ઓળખતો હોય અને મંડળને બરાબર ખબર હોય કે કોનો સંપર્ક સાધવો, ત્યારે મોટા ભાગની સમસ્યાઓ શરૂ થાય તે પહેલા જ ઉકેલાઇ જાય છે. નિખિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે 'મને ગર્વ છે કે મંડળોએ આ પહેલને ચળવળનું સ્વરૂપ આપી તેમાં એમ્બ્યુલન્સ, બ્લડ બૅંક, વૃક્ષો અને હેલ્મેટ જેવી બાબતોનો સમાવેશ કર્યો. (પીટીઆઇ)■


**પશ્ચિમ રેલવે પ્રતાપનગર ⇌ ચારલાપલ્લી વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેઈન દોડાવશે**

| ટ્રેઈન નં. | પ્રારંભ & ગંતવ્ય સ્થાન | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
| --- | --- | --- | --- | --- |
| ૦૭૦૮૮ | પ્રતાપનગર - ચારલાપલ્લી | ૧૧, ૧૮, ૨૫/૧૦/૨૬ ૧, ૮, ૧૫, ૨૯/૧૧/૨૬ | ૧૯.૫૦ ક. (રવિવાર) | ૨૦.30 ક. (બીજા દિવસે) |
| ૦૭૦૮૭ | ચારલાપલ્લી - પ્રતાપનગર | ૧૦, ૧૭, ૨૪, ૩૧/૧૦/૨૬ ૭, ૧૪, ૨૮/૧૧/૨૬ | ૧૬.૦૦ ક. (શનિવાર) | ૧૭.૫૦ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુના, દૌંડ, સોલાપુર, વાડી, સેડામ, તાંદુર, વિકારાબાદ, લિંગમપલ્લી, બેગમ પેટ તથા સીકન્દરાબાદ સ્ટેશનો બંને દિશામાં.

**સંરચનાઃ** AC ૨-ટાયર, AC ૩-ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચેસ.

થોભવાના સ્થળો, થોભવાના સમય તથા સંરચના અંગેની વિગતવાર માહિતી માટે કૃપયા મુલાકાત લો www.enquiry.indianrail.gov.in.

ટ્રેઈન નં. ૦૭૦૮૮ માટેનું બુકિંગ ૬.૧૦.૨૦૨૬થી તમામ PRS કાઉન્ટર્સ તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેઈન વિશેષ દરે વિશેષ ટ્રેઈન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અહીં અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રુફ સાથે રાખશો.


# ચારી રોડ - લોખંડવાલા બેક રોડ જંકશન પર ફ્લાયઓવર ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં ખુલ્લો મુકાશે

## વેસાવે, ચારી રોડ, લોખંડવાલા અને આસપાસના વિસ્તારોના નાગરિકોને રાહત આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પશ્ચિમ) માં ચારી રોડ અને લોખંડવાલા બૅક રોડ જંક્શન, અમરનાથ ટાવર બિલ્ડિંગ નજીક મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ફ્લાયઓવર બાંધવામાં આવી રહ્યો છે, જેનું કામ પૂરું કરવા માટે ડિસેમ્બર ૨૦૨૭ની ડેડલાઈન આપવામાં આવી છે. પ્રસ્તાવિત ફ્લાયઓવરને કારણે ચારી રોડ, પંચમાર્ગ, વેસાવે વિસ્તાર ભવિષ્યમાં સરદાર વલ્લભભાઈ પટેલ નગર (અંધેરી પશ્ચિમ), લોખંડવાલા કોમ્પ્લેક્સ અને સમર્થનગર સાથે સીધો જોડાઈ જશે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે સોમવારે કન્સ્ટ્રકશન સાઈટનું ઈન્સ્પેકશન કર્યું હતું. એ દરમ્યાન તેમણે ફ્લાયઓવરનું બાંધકામ ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. પાલિકાના ડેવલપમેન્ટ પ્લાન ડ્રાફ્ટ અનુસાર અંધેરી (પશ્ચિમ)માં કવઠે ક્રીકની પૂર્વ અને પશ્ચિમ બાજુએ ૧૮.30 મીટર પહોળો ડેલવપમેન્ટ પ્લાન (ડીપી) હેઠળ રોડ પ્રસ્તાવિત છે. જોકે ક્વઠે ખાડી રસ્તાના વિકાસ કામમાં અવરોધો આવી રહ્યા હોવાથી યોજના મુજબના રસ્તાને પૂર્ણ કરવા માટે આ ખાડી પર પુલ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પ્રસ્તાવિત ફ્લાયઓવર ચારી રોડ, પંચમાર્ગ, વેસાવે વિસ્તાર, સરદાર વલ્લભભાઈ પટેલ નગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ અને સમર્થનગર વિસ્તારો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં મદદ કરશે.

આ પુલની કુલ લંબાઈ ૨૦૬ મીટર છે અને તે કવઠે ખાડી પરથી પસાર થશે, જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ નગર બાજુનો કનેક્ટિંગ રોડ ૪૦ મીટર છે, જ્યારે અમરનાથ ટાવર બાજુનો કનેક્ટિંગ રોડ ૫૬ મીટરનો છે. મુખ્ય પુલની લંબાઈ ૧૧૦ મીટર છે અને પુલની પહોળાઈ ૧૧ મીટર છે. કનેક્ટિંગ રોડ અને મુખ્ય પુલની પહોળાઈ સમાન રહેશે.

પુલના સુપરસ્ટ્રક્ચર માટે ૧૧૦ મીટર લાંબા સિંગલ-સ્પાન સ્ટીલ 'બાસ્કેટ હેન્ડલ આર્ચ' માળખું પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. પુલના સબ-સ્ટ્રક્ચર માટે એક રિઇનફોર્સ્ડ સિમેન્ટ કોંક્રિટ એબ્યુટમેન્ટ વોલ (આરસીસી એબ્યુટમેન્ટ વોલ) અને એબ્યુટમેન્ટ કેપ (આરસીસી એબ્યુટમેન્ટ કેપ) પ્રસ્તાવિત કરવામાં આવી છે. પુલના પાયા માટે એક રિઇનફોર્સ્ડ સિમેન્ટ કોંક્રિટ પાઇલ ફાઉન્ડેશન બનાવવામાં આવ્યું છે. ■

# પુણેના વિધાનસભ્યના પીએનો મોબાઈલ ચોરનારી ટોળકી પકડાઈઃ ૪૨ ફોન જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બસમાં પ્રવાસીઓની ભીડનો લાભ ઉઠાવી મોબાઈલ ફોન ચોરનારી ટોળકીને પોલીસે પકડી પાડી હતી. પુણેના વિધાનસભ્ય સુનીલ શેળકેના પીએ દિનેશ દરેકરનો મોબાઈલ ફોન ચોરવાના કેસની તપાસમાં પોલીસ આ ટોળકી સુધી પહોંચી હતી. આરોપીઓ પાસેથી ચોરીના ૪૨ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.

ગામદેવી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ આફતાબ આબાદ અન્સારી (૨૬), હસન અબ્બાસ શેખ (૩૫), ચાંદ મોહમ્મદ સુલતાન (૫૩), ઈમ્તિયાઝ ઈમામઅલી શેખ (૪૬), આઝમ અકરમ કુરેશી (૩૨), સ્વપ્નિલ શંકર સોનવણે (૨૯) અને રજબઅલી મોહમ્મદ તકી શેખ ઉર્ફે ચિકના (૩૨) તરીકે થઈ હતી.

પુણેના તળેગાંવ દાભાડે ખાતે રહેતો દરેકર કામ નિમિત્તે સમયાંતરે મુંબઈ આવતો હોય છે. ૨૧ ઑગસ્ટે મુંબઈ આવેલા દાભાડેએ ગિરગામના કંબાલા હિલથી મંત્રાલય જવા માટે બેસ્ટની રૂટ નંબર-૮૮ બસ પકડી હતી. બસમાં ચઢતી વખતે આગળ અને પાછળના બે શખસે જાણીજોઈને તેને ધક્કા માર્યા હોવાનું લાગ્યું હતું. બસમાં ચઢ્યા પછી દરેકરને જાણ થતી હતી કે તેની પૅન્ટના ખીસામાંથી મોબાઈલ ફોન ચોરાયો હતો. ■


**શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ**
Shri Cutchi Lohana Mahajan-Mumbai
(પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબરઃ અ-૧૯૭૨) 33, દરિયાસ્થાન સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન : 23424259

**મહાજનશ્રીની વિશેષ સાધારણ સામાન્ય સભા**

આથી મહાજનશ્રીના સર્વે સભ્યોને સૂચિત કરવામાં આવે છે કે **મહાજનશ્રીની એક વિશેષ સાધારણ સામાન્ય સભા આગામી તારીખ ૧૧.૧૦.૨૦૨૬ને રવિવારના સવારે ૧૦ કલાકે આઈરીસ બેંક્વેટ હોલ,** ડોક્ટર આર પી રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, **મુલુંડ (પ.)** મુંબઈ-૮૦ ખાતે નીચેની કાર્યવાહી માટે મળશે જેમાં મહાજનશ્રીના સર્વે સભ્યોને હાજર રહી સક્રિય ભાગ લેવા વિનંતી.

**કાર્યસૂચિ**
૧. મહાજનશ્રી દ્વારા મા. ધર્માદાયુક્ત મુંબઈ સમક્ષ દાખલ કરાયેલ અપીલ ક્રમાંક ૪૩/૨૦૨૫ સંદર્ભે આજ દિવસ સુધી થયેલ કાર્યવાહીનો અહેવાલ અને હાલની પરિસ્થિતિ તેમજ સંજોગોને ધ્યાનમાં લેતા આગળની કાયદાકીય કાર્યવાહી બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય.
૨. મહાજનશ્રીના હાલ સુધીના હિસાબ કિતાબો અને ઓડિટ રિપોર્ટની રજૂઆત. (નોંધ મહાજનશ્રીના હાલ સુધીના હિસાબ કિતાબો કાર્યાલયમાં સભ્યોની જાણકારી અને ચકાસણી માટે ઉપલબ્ધ છે. ઈચ્છુક સભ્યોએ આ માટે ઠરાવિક સમયે કાર્યાલયમાં સંપર્ક કરી તેમને જોઈતા ખુલાસાઓની લેખિતમાં જાણ કરવા વિનંતી.)

તાઃ ૪.૧૦.૨૦૨૬. માનદ મંત્રીઓ

નોંધઃ સભાના ઠરાવીક સ્થળ અને સમયે કોરમના અભાવે આ સભા અડધા કલાક માટે મુલતવી રહેશે અને ત્યારબાદ તે જ સ્થળે અને સમય આ સભા ફરીથી મળશે જેમાં કોરમની આવશ્યકતા રહેશે નહીં અને કાર્ય સૂચિ પ્રમાણે કાર્ય કરશે અને તેમાં થયેલ તમામ કાર્ય વાહિ કાયદાનુસાર અને બંધારણીય ગણાશે તેમજ સર્વે સભ્યોને બંધનકારક રહેશે.

## ફૂડ સ્ટોલમાં મોટરસાઇકલ ઘુસાડીને કરી તોડફોડ: માલિકને આપી ધમકી

લાતુર: લાતુરમાં ફૂડ સ્ટોલમાં શખસે મોટરસાઇકલ ઘુસાડીને તોડફોડ કર્યા બાદ તેના માલિકને સ્ટોલ બંધ ન કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર લાતુરના અંબાજોગાઇ રોડ પર શનિવારે રાતે આ ઘટના બની હતી.

ચાઇનીઝ ફૂડ સ્ટોલ ચલાવતા ફરિયાદીએ જણાવ્યું હતું કે સ્થાનિક રહેવાસીએ શનિવારે રાતે તેની મોટરસાઇકલ ફૂડ સ્ટોલમાં ઘુસાડી હતી અને કાઉન્ટર, રેફ્રીજરેટર તથા અન્ય વસ્તુઓને નુકસાન પહોંચાડ્યું હતું.

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**FREE આરોગ્ય તપાસણી શિબિર**
સમદર્શન સેવા પરિવાર દ્વારા આયોજિત ભાગવત કથા અને Criticare Asia Multispeciality Hospitalનાં સહયોગથી ૩ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬, 3.30 to 7.30, નિઃશુલ્ક આરોગ્ય સેવાનો તેમજ ભાગવત કથાના શ્રવણનો લાભ લો. વિશ્વકર્મા એ. સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે પશ્ચિમ. સંપર્ક: ૯૩૨૪૨૫૦૮૫૦. (૧૪૩૫-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડીંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૨૬-સી)

1 BHK FOR SALE-65 LAKHS, Kashimira Mira Road East 400 Carpet, 8383888212. (B-18174)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૩૩. ધંધાદારી

**કલરકામ**
તમારા ઘરને આપો નવો લુક ઉત્તમ ગુણવત્તા, યોગ્ય ભાવ 9169299961, 7977918526. (બી-૧૮૧૭૨)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેકસ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૮૧૬૩)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૪૩૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમ દર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૭૩)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈમાં એફડીએની કાર્યવાહી

આવી હતી. વિભાગે ઉમેર્યું હતું કે છ સંસ્થાઓને સીલ કરવામાં આવી હતી અને રૂ. ૬૭.૬૦ લાખની કિંમતના પાંચ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

એફડીએએ મુંબઈ અને કોંકણ વિભાગોમાં હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ, ઢાબા, ક્લબ, બેકરીઓ અને અન્ય ખાદ્ય સંસ્થાઓ સામે પણ કાર્યવાહી કરી હતી.

મુંબઈમાં આઠ સંસ્થાઓ સામે પગલાં લેવામાં આવ્યા હતા, જેમાં પાંચના લાયસન્સ સ્થગિત કરવામાં આવ્યા હતા અને ત્રણના રદ કરવામાં આવ્યા હતા. એફડીએએ જણાવ્યું હતું કે લાયસન્સ રદ કરવામાં વિલે પાર્લેમાં 'બ્લિંકિટ' અને 'કોપનહેગન હોસ્પિટાલિટી' તથા બાંદ્રા વેસ્ટમાં 'ઈટક્લબ્સ'નો સમાવેશ થાય છે.

નિવેદન અનુસાર, સ્વચ્છતા, ખોરાકની હેરફેર, સંગ્રહ, પરિસરની સ્વચ્છતા અને દૂષિતતા અટકાવવા માટે જરૂરી પગલાં અંગે ખામીઓ જણાતાં કાલીનામાં 'કેફે સુલતાન', મરોલમાં 'લો ફ્રેશ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ', અંધેરીમાં 'કન્ટ્રી ક્લબ' અને 'સુરજ લામા મોમોઝ' તથા સાંતાક્રુઝમાં 'કેફે પાકીઝા'ના લાયસન્સ સ્થગિત કરવામાં આવ્યા હતા.

નિરીક્ષકોને અસ્વચ્છ અને સ્વાસ્થ્ય માટે હાનિકારક વાતાવરણમાં ખાદ્ય સામગ્રીનો સંગ્રહ અને વેચાણ થતું જોવા મળ્યા બાદ એફડીએએ રાયગઢના કલંબોલીમાં 'રાજિદી રિટેલ પ્રાઈવેટ લિમિટેડ'નું ફૂડ લાયસન્સ પણ સ્થગિત કર્યું હતું.

અલગથી, એફડીએએ જણાવ્યું હતું કે પાંચ દિવસીય કાર્યવાહી દરમિયાન સમગ્ર મહારાષ્ટ્રમાં ૩૦,૪૭૨ કિલો શંકાસ્પદ હલકી ગુણવત્તાવાળો, ભેળસેળયુક્ત, એક્સપાયરી ડેટ વીતી ગયેલો અથવા અયોગ્ય લેબલિંગ ધરાવતો ખાદ્ય જથ્થો અને ૧,૨૩૮ પેકેટ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા જથ્થાનું કુલ મૂલ્ય રૂ. ૫૦.૬૯ લાખ હતું. આ વસ્તુઓમાં મીઠાઈઓ, પામોલિન તેલ, ચિકન, ઘી, પનીર, ક્રીમ, સોસ, મરચાંનો પાવડર, મેંદો, મકાઈનો સ્ટાર્ચ, મગફળી, ચીક્કી, સેવૈયાં, ખારી, મિલ્ક ટોસ્ટ અને ફરસાણનો સમાવેશ થતો હતો.

એફડીએ એ જણાવ્યું હતું કે પ્રતિબંધિત ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન અને વેચાણમાં સંડોવાયેલી વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે તે કડક કાર્યવાહી ચાલુ રાખશે.

### એસઆઈઆર પ્રક્રિયા પર રોક

રમેશ ગવઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ચાલી રહ્યો હતો. અરજીમાં મહારાષ્ટ્રમાં એસઆઈઆરની ઘરેઘરે ગણતરી દરમિયાન પ્રક્રિયાત્મક નિયમોના ઉલ્લંઘન અને મનસ્વી રીતે મતદારોના નામ દૂર કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. અરજીમાં પારદર્શકતા જાળવવા અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ,૧૯૫૦ ની જોગવાઈઓનું પાલન કરવાની માગણી કરવામાં આવી હતી.

અરજદાર તરફથી વકીલ પ્રકાશ આંબેડકરે મતદાર યાદીમાંથી વધુ નામ દૂર કરવાની પ્રક્રિયા પર વચગાળાની રોક લગાવવાની માંગ કરી હતી. સાથે જ કોઈ મતદારનું નામ કાઢતા પહેલાં ચૂંટણી નોંધણી અધિકારી દ્વારા ઔપચારિક સુનાવણી યોજી વ્યક્તિગત મૌખિક આદેશ આપવામાં આવે તેવી માગણી પણ કરવામાં આવી હતી. જોકે, હાઈકોર્ટે હાલ આ તબક્કે આ મામલામાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો.

ચૂંટણી પંચ તરફથી વરિષ્ઠ વકીલ આશુતોષ કુંભકોણીએ કોર્ટને જણાવ્યું હતું કે એસઆઈઆર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ૮ ઓક્ટોબરે સુનાવણી થવાની છે.

આ પછી હાઈકોર્ટે નોંધ્યું કે એક જ મુદ્દે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં એકસાથે કાર્યવાહી કરવી ન્યાયિક ઔચિત્યની વિરુદ્ધ રહેશે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટોને એસઆઈઆર સંબંધિત સમાંતર કાર્યવાહી મુલતવી રાખવા અથવા ટાળવા અંગે અગાઉ સૂચના આપી હોવાનું પણ કોર્ટ સમક્ષ જણાવાયું હતું.

હાઈકોર્ટે આ અરજીની સુનાવણી ત્રણ અઠવાડિયા બાદ રાખી છે. એટલે હાલ મહારાષ્ટ્રમાં એસઆઈઆર હેઠળ મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયા પર બોમ્બે હાઈકોર્ટ તરફથી કોઈ તાત્કાલિક રોક લાગુ કરવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે એસઆઈઆર અંગેની આગામી મહત્વપૂર્ણ સુનાવણી હવે ૮ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટમાં થવાની છે.

અરજીમાં મતદારના નામ દૂર કરવાની પ્રક્રિયામાં ચૂંટણી નોંધણી અધિકારીની ઔપચારિક સુનાવણી અને વ્યક્તિગત મૌખિક આદેશ જરૂરી હોવાની માગણી કરવામાં આવી છે. જોકે, બોમ્બે હાઈકોર્ટે હાલ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે આ મુદ્દે કોઈ વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો છે.

## સંસ્થા સમાચાર

### ૧૪૪ સિદ્ધિદાયક સિદ્ધિતપ પારણોત્સવ

શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન શ્રુતપ્રેમી પૂ. આચાર્ય શ્રી જિતરક્ષકસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. પંન્યાસ શ્રી આર્યરક્ષિતવિજયજી મ.સા. મુનિશ્રી તત્વર્ષિવિજયજી મ.સા.ની નિશ્રામાં અને શ્રમણી ગણનાયક પૂ. આચાર્ય ભગવંત શ્રી અભયશેખરસૂરિના આજ્ઞાનુવર્તિની સરલ સ્વભાવી પૂ. સાધ્વીજી શ્રી ઈષ્ટસિદ્ધિશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. સા. શ્રી.હ્રીઁસિદ્ધિશ્રીજી મ.સા., શ્રી જયસિદ્ધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં બોરીવલી (પ.), ટી.પી.એસ. રોડ, સત્રાપાર્ક, શ્રી કલ્પતરુ મરુધર (ટી.પી.એસ) જૈન સંઘ (રજિ.)માં ૪૪ દિવસના સિદ્ધિદાયક સિદ્ધિતપના ૧૪૪ તપસ્વીઓના પારણોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં તપસ્વીબહેનોની સાંઝી અને મહેંદી, શોભાયાત્રા, રાજગૃહી અને ભરત ચક્રવર્તી નગરી ઉદ્‌ઘાટન, પારણાં તથા બહુમાન જેવા કાર્યક્રમો શ્રી સંઘમાં થયા. સાથે બાદોલી અને કુમારપાલ મહારાજ આરતી થઈ.

### પદ્‌માવતી સાધના-વર્ધમાન આઈપીએલ

શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી યોગરત્નવિજયજી મ.સા. પાવનપ્રેરણા સાથે પૂ. સાધ્વીજી શ્રી તારકયાશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં બોરીવલી (પ.), એસ.વી.રોડ., સુમેરનગરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સુમેરનગર શ્વે. મૂર્તિ જૈન સંઘ (રજિ.)માં અભયમ ચાતુર્માસમાં શ્રી સંઘની શ્રાવિકાબહેનો માટે બે વિશિષ્ટ યાદગાર આયોજનમાં ૧૦ વર્ષથી ઉપરની શ્રાવિકાઓ ૧૦ ઑક્ટોબરે બપોરે ૧.૩૦ કલાકથી જૈન તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના જીવનાધારિત મ્યુઝિકલ સવાલ-જવાબોની વર્ધમાન આઇપીએલ અને ૧૩ ઑક્ટોબરે બપોરે ૧.૩૦ કલાકથી જૈન તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથનાં સેવિકા મા પદ્‌માવતીની આરાધના ભક્તિ-પૂજનનું વિશિષ્ટ આયોજન કર્યું છે. શ્રી સંઘની શ્રાવિકાઓને સમયસર બે કાર્યક્રમોમાં પધારવા આમંત્રણ છે.

### રોટરી ક્લબ દ્વારા શિક્ષકો માટે એઆઇ પ્રોગ્રામ

રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી-વેસ્ટ અને આરસી બૉમ્બે નૉર્થ-વેસ્ટ મલાડ દ્વારા આયોજિત એઆઇ પ્રોગ્રામનો લાભ બાવીસ શાળાના બાવન શિક્ષકોએ લીધો હતો. આરસી બૉમ્બે નૉર્થ-વેસ્ટ મલાડનાં પ્રમુખ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી.

### મુંબઈમાં અધિકૃત બેનર્સ

લાઈસન્સની સત્યતા તપાસી શકશે. ક્યૂઆર કોડ નહીં હોય તેવા કોઈ પણ ફલક, બૅનર, પોસ્ટરોને જપ્ત કરવામાં આવશે. વારંવાર ગેરકાયદે રીતે ફ્લેક્સ, બૅનર્સ અને પોસ્ટર વગેરે છાપનારા પ્રિન્ટર્સ, કૉન્ટ્રેક્ટર અને એજન્સીને ફક્ત દંડ નહીં કરતા તેમને કાયમીસ્વરૂપે બ્લેક લિસ્ટ કરવામાં આવશે.

હાલની આઉટડોર એડવર્ટાઈઝિંગ પૉલિસી અંતર્ગત સુધારણ કરીને તમામ મંજૂરીઓ સિંગલ વિન્ડો ડિજિટલ સિસ્ટમ દ્વારા આપવામાં આવશે. તેથી ગેરકાયદે બોર્ડને કારણે પાલિકાને કરોડો રૂપિયાથી થનારા નુકસાનથી પાલિકા બચી જશે.

### આણિક ડેપોમાં આગ

ઝડપભેર અન્ય સ્થળે ખસેડી હતી.

બેસ્ટની બસમાં જેમાં આગ લાગી હતી, તે સીએનજી આધારિત હતી. પ્રત્યક્ષદર્શીઓએ ઘટનાસ્થળે વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હોવાનો દાવો કર્યો હતો, જ્યારે દૂરથી ઘટ્ટ કાળો ધુમાડો દેખાતો હતો.

બેસ્ટના અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ફાયરબ્રિગેડ દ્વારા મોડે સુધી બસમાં લાગેલી આગને બુઝાવવાનું કામ ચાલ્યું હતું. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું પણ પ્રાથમિક માહિતી મુજબ આઠથી દસ બસને નુકસાન થયું હતું.

પ્રાથમિક માહિતી મુજબ બેસ્ટના કાફલામાં ભાડા પર લેવામાં આવેલી બસમાં આગ લાગી હતી. ડાગા કંપની પાસેથી લેવામાં આવેલી બસોમાંખી ૧૦ નવી સીએનજી મિડી બસ ડેપોમાં ઊભી હતી અને તેને હજી સેવામાં દાખલ કરવામાં આવી નહોતી અને તેમાં આગ ફાટી નીકળી હોવાનું કહેવાય છે.

### પાત્ર મતદાર બહાર ન રહી જાય

જણાવ્યું હતું કે કોઈપણ પાત્ર નાગરિકનું નામ અંતિમ મતદાર યાદીમાંથી બહાર ન રહેવું જોઈએ. આ મામલે પેરેશ સાલગાંવકર અને તેમના પરિવારની અરજી પર સુનાવણી ચાલી રહી છે.

કોર્ટે કહ્યું કે ડ્રાફ્ટ યાદીમાં નામ ન હોવાથી ફોર્મ-૮ની અરજી સિસ્ટમ દ્વારા નકારી દેવામાં આવે તો મતદાર પાસે કોઈ રસ્તો રહેતો નથી. સાલગાંવકર પરિવાર ઉત્તર ગોવાના સાન્તા ક્રુઝ મતવિસ્તારમાં જ નવા ઘરે રહેવા ગયો હતો અને સરનામું બદલવા માટે ફોર્મ-૮ ભર્યું હતું, પરંતુ તેમના ઈપીઆઈસીનો રેકોર્ડ ન મળતાં અરજી નકારી દેવાઈ હતી. ચૂંટણી પંચ તરફથી દલીલ કરવામાં આવી કે હાલની મતદાર યાદી અમલમાં છે અને મતવિસ્તાર બદલનારા મતદારો ફોર્મ-૮ દ્વારા ઈપીઆઈસી ટ્રાન્સફર કરી શકે છે. જોકે કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રક્રિયાના નિયમો કરતાં પાત્ર મતદારને યાદીમાં સામેલ રાખવાનો મૂળ સિદ્ધાંત મહત્વનો છે. કોર્ટે કહ્યું કે જો પાત્ર મતદારને જ બહાર કરી દેવામાં આવે તો સમગ્ર એસઆઈઆર પ્રક્રિયાનો હેતુ શું રહે છે. આ મામલે સુનાવણી મંગળવારે ફરી ચાલુ રહેશે.

### ભારતમાં તબીબી પ્રેક્ટિસ

ઑફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સીસ (એનબીઈએમએસ) દ્વારા હાથ ધરાતી ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન (એફએમજીઈ) સ્ક્રીનિંગ ટેસ્ટ આપવી પડે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સાયબરના અધિકારીના કહેવા રજિસ્ટ્રેશન માટે નોંધાયેલી અરજીઓની ચકાસણી દરમિયાન મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલે નિરીક્ષણ કર્યું હતું કે કેટલાક વિદેશી મેડિકલ ગ્રેજ્યુએટ્સે ફરજિયાત ગણાતી એફએમજીઈ સ્ક્રીનિંગ ટેસ્ટ ક્વોલિફાય કરી નહોતી. જોકે તેમ છતાંય તેમની પાસે મેડિકલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ હતાં. પરિણામે કાઉન્સિલ દ્વારા આ મામલે મહારાષ્ટ્ર સાયબરમાં ફરિયાદ કરવામાં આવી હતી, જેને પગલે વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ભારતમાં તબીબી પ્રેક્ટિસ માટે રજિસ્ટ્રેશન કરાવવા જરૂરી મેડિકલ એક્ઝામિનેશન સર્ટિફિકેટ્સ અને દસ્તાવેજો બનાવટી અને નકલી તૈયાર કરી આપવામાં કથિત રીતે સંડોવાયેલા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ થયો હતો. ટેક્નિકલ એનાલિસીસ, ડિજિટલ રેકોર્ડ્સનું વિશ્લેષણ તેમ જ અન્ય તપાસને આધારે આ રૅકેટમાં સંડોવાયેલાઓને ઓળખી કાઢવામાં આવ્યા હતા અને ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ નાણાં લઈને ૧૫થી ૨૦ જણને બનાવટી એક્ઝામિનેશન સ્કોરકાર્ડ્સ, સર્ટિફિકેટ્સ અને અન્ય સપોર્ટિંગ દસ્તાવેજો પૂરા પાડ્યા હતા. આ ૧૫થી ૨૦ જણ રડાર પર હોઈ તેમની તપાસ કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### દેવેન્દ્ર ફડણવીસે ૨૦૨૭ને 'મેટ્રો વર્ષ' જાહેર કર્યું

બનાવવાની પણ મુખ્ય પ્રધાને તૈયારી દાખવી હતી. કામની પ્રગતિનું મૂલ્યાંકન કર્યા બાદ આગામી રોડ બ્લોક અંગે નિર્ણય લેવા અને નાગરિકોને ઓછામાં ઓછી અગવડ પડે તેનું ધ્યાન રાખવાની પણ સૂચના ફડણવીસે આપી હતી.

ફડણવીસે શિવડી-વરલી એલિવેટેડ રોડ કનેક્ટિવિટીનું કામ આગામી વર્ષ ૩૧ મે પહેલાં પૂર્ણ કરીને તેને ટ્રાફિક માટે ખુલ્લું મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. નવા રસ્તાને હાલના રસ્તા સાથે જોડતી વખતે ટ્રાફિક જામ ન થાય તે માટે અગાઉથી આયોજન કરવા, વાકોલા જંક્શન પર ટ્રાફિકની સમસ્યાના તાત્કાલિક ટેક્નોલોજી આધારિત ઉકેલ લાવવા અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના ટ્રાફિક હોટસ્પોટની ઓળખ કરી જરૂરી પગલાં લેવા પણ જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાને મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણ, મુંબઈ મહાનગરપાલિકા અને અન્ય એજન્સીને ભૂગર્ભ નાગરિક સુવિધાઓનું નવીનતમ મેપિંગ કરવા કહ્યું હતું, જેથી રસ્તા અને માળખાકીય કામ દરમિયાન જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ રહે અને પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં લાગતો સમય ઘટાડી શકાય.

પ્રોજેક્ટ સ્થળોએ નાગરિકો અને કામદારોની સલામતી માટે પૂરતા સાઈનબોર્ડ અને બેરિકેડ લગાવવા તેમજ સુરક્ષા વ્યવસ્થા માટે અલગ કંપની ઊભી કરી ઓછા ખર્ચનું વ્યવસાયિક મૉડેલ વિકસાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં શિવડી -વરલી એલિવેટેડ રોડ, મેટ્રો લાઇન ૯ દહિસર પૂર્વથી મીરા-ભાયંદર, મેટ્રો લાઈન ૫ થાણેથી ધામણકર નાકા અને કાશેલી ડેપો, મેટ્રો લાઈન ૨બી ડી.એન. નગરથી ડાયમંડ ગાર્ડન-મંડાલે, મેટ્રો લાઈન ૬ સ્વામીસમર્થ નગરથી વિક્રોલી અને છત્રપતિ સંભાજીનગર શહેર પાણી પુરવઠા પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી. મેટ્રો લાઈન ૬ માટે જમીન સંપાદન અને કોર્ટ સંબંધિત કાર્યવાહી ઝડપી કરવા પણ સૂચના અપાઈ હતી. કોન્ટ્રાક્ટરોને નિર્ધારિત સમયમર્યાદા બાદ વિલંબ થાય તો બ્લેકલિસ્ટ કરવાની ચેતવણી સાથે, છત્રપતિ સંભાજીનગરમાં દરેક ઘર સુધી પાણીનું જોડાણ મળે અને તેના માટે રસ્તા ફરીથી ખોદવા ન પડે તે રીતે આયોજન કરવાનો પણ ફડણવીસે નિર્દેશ આપ્યો હતો.

### ફિલ્મસિટીમાં આગ

હતો. તેની સાથે જ રફતાર, ઈક્કા, ડિનો જેમ્સ, રાગા સહિત શોના જ્યૂરી અને ફાયનાલિસ્ટ પણ હાજર હતા. આગની જાણ થતા જ શૂટિંગ રોકી દેવામાં આવ્યું હતું અને સેટ પર હાજર રહેલા તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અચાનક લાગેલી આગની દુર્ઘટનાને પગલે કલાકાર અને ક્રૂ મેમ્બર્સમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. એ સિવાય 'એમટીવી હસલ'ના સેટની બાજુમાં જ અન્ય એક શોનું પણ શૂટિંગ ચાલી રહ્યું હતું. તો એનાથી થોડે દૂર ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની પણ એક જાહેરાત માટે શૂટિંગ માટે ત્યાં હાજર હોવાનું કહેવાય છે. આગનો ધુમાડો દેખાતા સુરક્ષાને ધ્યાનમાં રાખીને આજુબાજુના તમામ સેટ પર શૂટિંગ તાત્કાલિક રોકી દેવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે કોઈને ઈજા થઈ હોવાના કોઈ અહેવાલ નથી. આગ મુખ્યત્વે તે કામચલાઉ માળખામાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, કેબલ્સ, દરવાજા, લાકડાના પાટિયા, એસી યુનિટ, વાંસ અને પ્લાસ્ટિકની સામગ્રી, સાઉન્ડ સિસ્ટમ અને શૂટિંગની સામગ્રી સુધી સીમિત રહી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નહોતું.

## જૈન મરણ

મોજીદડ નિવાસી ચુનીલાલ ઠાકરસી શાહના સુપુત્ર અનીલભાઇ (ઉં. વ. ૮૯) હાલ બોરીવલી તા. ૪-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દિનાબેનના પતિ. ભાવેશ-સેજલના પિતા. જીજ્ઞેશભાઇ વસંતલાલ શાહ તથા છાયાબેનના સસરા. રજનીકાંત શાહ તથા સ્વ. વીરબાળાબેન તુરખીયા, સ્વ. ઇંદિરાબેન શાહના ભાઇ. ગઢડા નિવાસી બાબુલાલ વઘાણીના જમાઇ. મૈત્રીના નાના. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ માંડવી હાલ ઘાટકોપર સ્વ. સંઘવી અરવિંદકુમાર કેશવલાલ (ઉં. વ. ૬૪) તે સ્વ. ચંચળબેન કેશવલાલ સંઘવીના સુપુત્ર. રમાબેનના પતિ. દીપના પિતાજી. સ્વ. વિપીન, સુરેશ, મહેન્દ્ર, મુલચંદ, તાનસેન રાજેશ તથા કમલેશના ભાઇ. સ્વ. કંચનબેન પ્રાગજીભાઇ શાહ ગામ મંજલ હાલ વડોદરાના જમાઇ તા. ૩-૧૦-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર તા. ૭-૧૦-૨૬ના બપોરે ૩થી ૫. ઠે. સુમતીગુર્જર ભવન, સ્વસ્તીક પાર્ક, ચેમ્બુર. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા શ્રીમાળી બેતાલીસ જૈન**

દોલારાણા વાસણા (હાલ ઘાટકોપર) નિવાસી સ્વ. હીરુભાઇ માણેકલાલ અમુલખરાય મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. નિરંજનાબેન (ઉં. વ. ૯૪) તે સ્વ. રતિલાલ ગોરધનદાસ શાહના દીકરી. તે સમીર (સુનિલ), આશાબેન, નલિનીબેન, બિંદુબેન સ્વ. ચેતનાના માતાજી. સ્વ. રતનલાલ, સ્વ. ધીરુભાઇ, અનિલભાઇ, સ્વ. ચંદનબેન, સ્વ. કુસુમબેન, સ્વ. ડો. યેશુબેન, સ્વ. મધુબેન, સરોજબેન, ભાનુબેન ડો. ઉષાબેન, મીનાબેનના ભાભી. આશા, શ્રીકાંતભાઇ, ઉમેશભાઇના સાસુ. ચેતસના દાદીમાં. નમ્રતા, નીલ, અપર્ણા, તનુજ, ભાર્ગવના નાની તા. ૪-૧૦-૨૬ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. લાય લેક હોલ, જોલી જીમખાના, ઘાટકોપર (વેસ્ટ).

**ઝાલા વિશા શ્રી શ્વે. મૂ. પૂ. જૈન**

દેવચરાડી નિવાસી હાલ બોરીવલી સ્વ. હસમુખલાલ નરસીદાસ શાહના ધર્મપત્ની અ. સૌ. હેમલતાબેન (ઉં. વ. ૮૦) તા. ૪-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન નાગજીભાઇ બોરીયાવાલાની સુપુત્રી. મંગેશ, પરાગ તથા શિલ્પાના માતુશ્રી. રીટા, અલ્પા તથા વિકાસના સાસુ. લેશા-સાહિલ, માનસી, યુક્તા, નિપુણના દાદી. હાર્દિ-માનવના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ હૈદરાબાદ, સ્વ. વીરબાળાબેન જયંતીલાલ કેશવજીભાઈ શાહના પુત્ર જીતેશભાઇ (ઉં. વ. ૬૫) તે ચેતનાબેનના પતિ. શુભમના પિતા. રશ્મિભાઈ તથા ભાવનાબેન શૈલેષકુમાર સંઘવીના ભાઈ, નયનાબેનના દિયર આણંદપુર ભાડલા નિવાસી સ્વ. ચીમનલાલ માધવજીભાઈ સંઘવીના જમાઈ. ૩/૧૦/૨૬ના હૈદરાબાદ મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ બોરીવલી, સ્વ. હીરાબેન ચીમનલાલ દોઢીવાળાના પુત્ર સ્વ નિરંજનભાઈના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૩) તા. ૪-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અશ્વિનભાઈ, જયપ્રકાશભાઈ, પંકજભાઈ તથા રીનાબેન ભરતભાઈ શેઠના ભાભી. સ્વ. તારાબેન સૌભાગ્યચંદ મહેતાના દીકરી. સ્વ. શ્રેણિકભાઈ, સ્વ. બિપીનભાઈ, અશોકભાઈ, મધુબેન રજનીકાંત, શોભનાબેન પંકજભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી વિશા ઓશવાળ જૈન**

રેખાબેન શરદકુમાર ઝવેરી (ઉં. વ. ૭૯) તે હાલ બોરીવલી, સ્વ. શરદકુમાર મંગલચંદ ઝવેરીના ધર્મપત્ની, જનકના માતુશ્રી. રીમાના સાસુ. સ્વ. સાધનાબેન, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ.કાશ્મીરાબેન, સ્વ. ભારતીબેન, મયુરભાઈ, સ્વ કલ્પનાબેન હેનાબેન કિરીટભાઈના ભાભી. ભરતભાઈ, રોહિતભાઈ, મીનાબેન પલ્લવીબેનના બહેન. ૪/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૬/૧૦/૨૬ના રોજ ૪ થી ૬. પેરેડાઇઝ હોલ, દોલત નગર રોડ નં ૧૦, બોરીવલી ઈસ્ટ.

**દેરાવાસી જૈન**

પેથાપુર નિવાસી હાલ મુલુન્ડ, સ્વ. સુરેશભાઈ માણેકલાલ શાહ (ઉં. વ. ૮૭) તે સ્વ.રમીલાબેનના પતિ. હિતેશભાઈ તથા ધર્મેશભાઈના પિતાશ્રી. પૂર્વીબેનના સસરા. ભાવિકના દાદાશ્રી. તા. ૪.૧૦.૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી, હાલ થાણા. અ.સૌ. નયનાબેન હેમાણી (ઉં. વ. ૮૧) તે હેમેન્દ્રભાઈના જયંતીલાલ હેમાણીના ધર્મપત્ની, મેઘના સંજય કરાવેકાર, ભાવિકા અનિરુદ્ધ દામાણીના માતુશ્રી. ભૂમિકા, હર્ષના દાદી. ઇલાબેન રાજેન્દ્રભાઇ શાહ, નીતાબેન જયેશભાઇ પારેખના ભાભી. પિયરપક્ષે સ્વ. ભુપતલાલ અમરશી કામદારના સુપુત્રી. રવિવાર તા. ૪ ઓક્ટોબર ૨૬ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. એડ્રેસ. ૬૭૭/ ૪ વૃંદાવન સોસાયટી. થાણે વેસ્ટ.

### લોકોને છેતરવા બોગસ એપીકે ફાઈલ

પાડીને ૫.૬૨ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. છેતરાયેલા વૃદ્ધે આ પ્રકરણે ભાયખલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની પ્રોપર્ટી સેલને સોંપવામાં આવી હતી અને ફરિયાદી વૃદ્ધને પાઠવાયેલી એપીકે ફાઇલની તપાસ કરાઇ હતી. દરમિયાન ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે પોલીસ ટીમ મધ્ય પ્રદેશ રવાના થઇ હતી અને ગુનામાં સામેલ આરોપીને ત્યાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપી વિવિધ સર્વર સર્વિસ પ્રોવાઇડર કંપનીઓ પાસેથી અલગ અલગ કંપનીના સર્વર વાપરતો હતો. તેણે બનાવેલી એપીકે ફાઇલ્સથી સાયબર ગુનેગારોએ ભારતભરમાં ૯,૬૭૩ લોકો સાથે છેતરપિંડી આચરી હતી.

## પારસી મરણ

દારા જેહાનબક્ષ દુબાષ (ઉં. વ. ૮૯) તા. ૪-૧૦-૨૬ના રોજ ગુજરી ગયા છે. કોલીના પતિ. જીવ અને અદીના પિતા. લીલા, ઝેન્ડ, ફિનિક્સના ગ્રાન્ડફાધર. ઉઠમણું તા. ૬-૧૦-૨૬ના. ઠે. ફલેટ નં.૨૦૧, સમુદ્ર સેતુ, સાહેર અગિયારી લેન, ભુલાભાઇ દેસાઇ રોડ, મું-૨૬.

કેશમીરા મેહરનોશ કાંગા તે મેહેરનોશના ધનીયાની. તે મરહુમો નાજામાય જાલેજર સુબેદારના દીકરી. તે મરહુમો માનેકબાઇ દારબશા કાંગાના વહુ. (ઉં. વ. ૬૯) રે. ઠે. આસ્થા ઓલ એજ હોમ, ભુત બંગલા, ઉત્તન, મીરા-ભાયંદર, મુંબઇ-૪૦૧૧૦૬. ઉઠમણાંની ક્રિયા તા. ૬-૧૦-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ડુંગરવાડી સગદી પર પેતરસ બજાના અસથકે.

## પાયદસ્ત

મરઝબાન બેહરામજી દુમસીયા તે મરહુમ રોશનના ધની. તે મરહુમો જરબઇ બેહરામજી દુમસીયાના દીકરા. તે પરસી ને જેસમીનના પપા. તે ઝરીના ને યોગેશના સસરા. તે મરહુમો ગુલ, ધન, નોશીર ને થ્રીતીના ભાઇ. તે ઝરેહ ને ઝચના મમાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૭૩૨ દીનશા હાઉસ, પહેલે માળે, ફ્લેટ નં.૪, જે. વીમાદલાલ રોડ, દાદર પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. પાયદસ્ત: તા. ૭-૧૦-૨૬ને દિને સવારે ૭.૪૦ વાગે ઉપરની જે બંગલી ખાલી હશે તેમાં થશે. ઉઠમણાંની ક્રિયા: તા. ૬-૧૦-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છે જી.

## હિન્દુ મરણ

સાગરોસણા નિવાસી હાલ મુંબઇ દીપક ચંદુલાલ શાહ તા. ૪-૧૦-૨૬ના અવસાન થયેલ છે. શિલ્પાબેનના પતિ. ચિરાગ અને સંકેતના પિતા. રૂપલ અને અમ્રિતાના સસરા. જાનવી અને રેયાંશના દાદા. પ્રાર્થનાસભા તા. ૭-૧૦-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યાભવન, ચોપાટી.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

ઝાલાવાડ સત્તર તાલુકા ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી સરોજ ચંદ્રવદન ત્રિવેદી (ઉં. વ. ૭૭) તે ચંદ્રવદનના ધર્મપત્ની તા. ૨-૧૦-૨૬ શ્રીજીના ચરણ પામ્યા છે. તે સ્વ. નારાયણભાઇ તથા નર્મદાબેનના પુત્રવધૂ. તે સ્વ. મગનલાલ હીરજી વ્યાસના દીકરી. દિપાલી તથા હિતેનના માતુશ્રી. દિપ્તી અને યોગેશ જોશીના સાસુ. ગટીક અને જૈનીલના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાંઢના જયંતીલાલ પુરુષોતમ ઠક્કર (અનમકઠ) (ઉં. વ. ૭૬) હરિરામ ધરમશીના પોત્ર. સ્વ. ઝવેરબેન પુરુષોતમ અનમકઠ ઠક્કરના પુત્ર તા. ૪-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. તે જયશ્રી (ભગવતી)ના પતિ. દયાળજી માવજી કક્કડ રતડીયાના જમાઇ. મયુર, મનીષ, ચિરાગના પપ્પા. વૈશાલી મયૂર, ખુશ્બુ મનીષ, શ્વેતા ચિરાગના સસરા. પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. આર્ટ ઓફ લિવિંગ, ફર્સ્ટ ફ્લોર, પરમેશ્વરી સેન્ટર, નંદનવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટેની સામે, હોટેલ અચિજા લેન, મુલુંડ (વેસ્ટ). બૈરાઓએ એજ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા લાડ વણિક**

સ્વ. કનૈયાલાલ અને વિરમતીબેનના પુત્ર રમેશચંદ્ર કનૈયાલાલ શાહ (ઉં.વ. ૮૮) મૂળ વતન તળોદા હાલ બોરીવલી તા. ૪-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. શકુંતલાબેનના પતિ. અરવિંદભાઇ, શકુંતલાબેન, સુશીલાબેન, સરલાબેનના મોટાભાઇ. તે સૌ. સંધ્યાબેન અરવિંદ શાહના જેઠજી. અંકિત અરવિંદ શાહના કાકા. સૌ. ખુશ્બુ અંકિત શાહના કાકાજી. સ્વ. હરકિસનદાસ નગીનદાસ (વસઇવાળા)ના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**વાડા સિનોર દશાનીમા વણિક સમાજ**

સ્વ. ચંદ્રકાંત મુળજીભાઇ પરીખ (બખલી) (ઉં. વ. ૮૯) તા. ૧-૧૦-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે શોભનાબેનના પતિ. સુશ્રી શેફાલીના પિતાશ્રી. પ્રતિકના સસરા. એશનીના દાદા. પ્રાર્થનાસભા તથા તમામ લૌકિક વિધિઓ બંધ રાખવામાં આવેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ ઘાટકોપર સ્વ. ત્રિવેણીબેન શાંતિલાલ ગાંધીના સુપુત્ર સ્વ. ચંદ્રકાંતભાઇના ધર્મપત્ની ગં. સ્વ. કોકિલા ચંદ્રકાંત ગાંધી (ઉં.વ.૭૯) તા. ૪-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હિરલ ગાંધી, પારુલ કલ્પેશ પારેખ, હેમાલી પ્રજ્ઞેશ મહેતાના માતુશ્રી. સ્વ. કનૈયાલાલ, મધુસુદન, સ્વ. અરવિંદભાઇ, કિરીટભાઇ, મનોજભાઇ, સ્વ. હંસાબેન મનસુખલાલ, ઉષાબેન જગદીશકુમાર, જયોતિબેન જયંતકુમારના ભાભી. તણસાવાળા સ્વ. કાંતિલાલ પરમાણંદદાસ મથુરીયાના દીકરી. સ્વ. સુરેશભાઇ, મધુભાઇ, સ્વ. વસુમતીબેન નવીનચંદ્ર શશીકલા મંગલદાસ અને સ્વ. શૈલેષના બેન. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૬ મંગળવારના સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, લવન્ડર બાગ, ૯૦ ફીટ રોડ, સરીતા પાર્ક, ઘાટકોપર (ઇસ્ટ). સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ શેલાર ખૂમાણના સમઢીયાળા (હાલ મુંબઇ)ના શાંતાબેન ભાણજીભાઇ વિરાસ (ઉં.વ. ૭૦) શુક્રવાર તા. ૨૫-૯-૨૬ના અવસાન પામ્યા છે. તે ભાણજીભાઇ દેવશીભાઇ વિરાસના પત્ની. સ્વ. ઉમાબેન તથા સ્વ. દેવશીભાઇ ખોડાભાઇ વિરાસના પુત્રવધૂ. સ્વ. સુમલબેન તથા સ્વ. રાજાભાઇ કાનાભાઇ વાઘના પુત્રી. સ્વ. દિનેશ, હિંમત, યોગેશ, રજનીના માતા. ધુડીબેન, લીલાબેન, વિશ્રામભાઇ, નરેશભાઇના ભાભી. કાંતાબેન, મધુબેન, રમેશભાઇના સાસુ. તેમનું બારમું મંગળવાર તા. ૬-૧૦-૨૬ના સાંજે ૫ કલાકે તેમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. ઠે. રૂમ. નં.૫, ૪૭૦-ડી, મિશન કંપાઉન્ડ, બકરા અડ્ડા, એન.એમ. જોશી માર્ગ, ચિંચપોકલી (પશ્ચિમ).

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

મેમકાવાળા વઢવાણ નિવાસી હાલ મુલુન્ડ, સ્વ. કાંતાબેન માણેકલાલ મોહનલાલ સોલંકીના પુત્ર હર્ષદભાઈ (ઉં. વ. ૭૨) ૩/૧૦/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિનેશભાઇ, પ્રફુલ્લાબેન રમેશચંદ્ર સોલંકી, કિશોરભાઈના ભાઈ. ગં.સ્વ. નયનાબેનના દિયર, ભાવનાબેનના જેઠ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|




# પહેલાં રિસ્ક શું છે એ સમજી લો...




અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

થોડાં વર્ષ પહેલાં મેં બે મિત્રોની સાઈકલ સવારી વિશે એક મસ્ત જોક સાંભળ્યો હતો. આગળની સીટ પર બેઠેલો મિત્ર રામ હેન્ડલ સંભાળી રહ્યો હતો અને પાછળની સીટ વાળો શ્યામ પેડલ મારી રહ્યો હતો. શહેરના ટ્રાફિક વચ્ચે પણ સાઈકલ એકદમ સ્મૂધ-બરાબર ચાલી રહી હતી અને બંને વચ્ચેનું કોઓર્ડિનેશન પણ જોરદાર હતું. આગળ જતા રસ્તામાં એક ચઢાણ આવ્યું. બે લોકોના વજન સાથે સાઈકલ માટે એ ચઢાણ થોડું અઘરું હતું. શ્યામે તો જીવ લગાવીને પેડલ મારવાનું શરૂ કર્યું. એના શ્વાસ ફૂલી ગયા. માંડ માંડ ટોચ પર પહોંચ્યા ત્યારે એ સાવ થાકીને લોથપોથ થઈ ગયો હતો. થાક ખાતા ખાતા એણે કહ્યું, 'ભાઈ, મારી જિંદગીમાં મેં આટલું અઘરું અને ભારે ચઢાણ ક્યારેય નથી જોયું!'

રામે તરત જ જવાબ આપ્યો : 'તું વિચાર તો કર, જો મેં તને મદદ ન કરી હોત તો તારું શું થાત?' શ્યામને નવાઈ લાગી કે રામે વળી શું મદદ કરી! રામે કહ્યું : 'અરે દોસ્ત, ચઢાણ એવું ઊંચુ હતું કે જો મેં બ્રેક એકદમ મજબૂતીથી પકડી ન રાખી હોત તો આપણે તો પાછળ ગબડી ગયા હોત!'

બસ, રોકાણકારો જ્યારે પોતાના અનુભવો શેર કરે છે ત્યારે આવું જ કંઈક જોવા મળે છે. પોતાના ફાઈનાન્શિયલ ગોલ્સ કે આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધતી વખતે તેઓ મહેનત તો ખૂબ કરે છે, પણ એમને ખબર જ નથી હોતી કે પાછળથી કેટલીક બ્રેક્સ લાગી રહી છે. આપણા ઉદાહરણમાં તો મિત્રોએ ચઢાણ પર થોડું જ અંતર કાપવાનું હતું. પણ જરા વિચારો કે કોઈએ બ્રેક મારેલી રાખીને માઉન્ટ એવરેસ્ટ ચઢવો પડે તો શું થાય?

ઇન્વેસ્ટમેન્ટની દુનિયામાં આ સફર કોઈ નાની નથી, પણ આખી જિંદગી સાઈકલ લઈને ચઢાણ ચઢવા જેવી છે. અર્થશાસ્ત્ર અને રોકાણની ભાષામાં આ ચઢાણને 'ફુગાવો (ઈન્ફલેશન)' કહે છે. આ એ છે જેનાથી ચીજવસ્તુઓના ભાવ સતત વધતા રહે છે.

આપણા રોકાણમાંથી મળતી આવક આ મોંઘવારીના વધારા સાથે કદમ મિલાવી શકે તેવી હોવી જોઈએ.

એટલા માટે જ આપણે આ આજીવન ચઢાણનું ઉદાહરણ લીધું.

હવે ચાલો, આપણે એવી જ કેટલીક અન્ય બ્રેક્સને સમજીએ. મુખ્યત્વે ત્રણ પ્રકારની બ્રેક હોય છેઃ ખર્ચ (કોસ્ટ), ટૅક્સ અને અતિશય સાવચેતી.

જો રોકાણ કરવાનો ખર્ચ વધારે હોય તો તમારું રિટર્ન ઘટી જાય છે. એવી જ રીતે ટૅક્સ પણ તમારા પ્રોફિટનો મોટો ભાગ ખાઈ જાય છે. આ બંને વસ્તુ સાઈકલની સ્પીડ ઘટાડે છે, જેથી ઉપર ચઢવા માટે તમારે વધુ તાકાત લગાવવી પડે છે.

આ બે બ્રેક્સ તો સરળતાથી સમજાઈ જાય તેવી છે, પણ ત્રીજી બ્રેક અતિશય સાવચેતી રાખવી એના તરફ રોકાણકારોનું ધ્યાન સામાન્ય રીતે જતું નથી. આ અદલોદ્લ આપણા બે મિત્ર જેવું છે. શ્યામને ખબર જ નહોતી કે રામે બ્રેક દબાવી રાખી છે, જેના લીધે એણે બમણી મહેનત કરવી પડી રહી હતી. સામાન્ય રીતે ભારતીયો શૅરમાં (ઇક્વિટીમાં) રોકાણ કરવાનું રિસ્ક લેવાથી બચે છે. આ બાબત રિસ્ક અને રિટર્નના ગણિત કરતાં પણ, ફાઇનાન્સની ઓછી સમજ અને નબળા પ્લાનિંગને કારણે વધુ છે. મોટાભાગના લોકોને ઇક્વિટીની કે અન્ય રોકાણના વિકલ્પોના રિસ્કની સાચી ખબર હોતી નથી. ઇક્વિટી થોડું રિસ્કી ચોક્કસ છે, પણ એ લાંબા ગાળે ફુગાવાને પછાડવાની તાકાત ધરાવે છે. જોકે, મોટાભાગના લોકો શોર્ટ-ટર્મમાં થતા ભાવના ઉતાર-ચઢાવ જોઈને એનાથી દૂર રહેવાનું પસંદ કરે છે. આ ચક્કરમાં તેઓ લાંબા ગાળે વેલ્થ ક્રિએટ કરવાનો મોકો ગુમાવી દે છે. ઘણાં રિસર્ચ બતાવે છે કે તમામ એસેટ ક્લાસમાં ઇક્વિટી જ એક એવો વિકલ્પ છે જે ટૅક્સ પછી પણ મોંઘવારી કરતાં વધુ રિટર્ન આપી શકે છે. સમય જતાં સંપત્તિ બનાવવાનો એકમાત્ર રસ્તો મોંઘવારીને માત આપવાનો છે. એટલે જ રિસ્કને સમજો, અને જાણતા-અજાણતા તમે જે બ્રેક્સ લગાવી રહ્યા છો તેને ઓળખી લો... ■

# ડિલિંગ રૂમથી શોપિંગ બાસ્કેટ સુધી...



કરન્સી કંપાસ
ડો.યોગેશ દડકે
feedback@bombaysamachar.com

એક પરિવાર કાર ખરીદતો હોય, એક માતા-પિતા વિદેશમાં ભણતા બાળકની ફી ભરતા હોય, એક વેપારી વિદેશથી પાર્ટ્સ મગાવતો હોય અને એક રોકાણકાર નાણાંનું રોકાણ કરતો હોય ત્યારે ઉક્ત ચારે નિર્ણય અલગ અલગ જણાય છે.

જોકે, હાલમાં આ ચારેય બાબત એક જ સાંકળથી સંકળાયેલી પુરવાર થઇ છે. જીઓ-પોલિટિકલ પરિબળોએ ક્રૂડ ઓઇલને ડહોળ્યું, ક્રૂડ ઓઇલે મોંઘવારી વધવાની શક્યતા સર્જી અને બોન્ડના વ્યાજદરને અસર પહોંચાડી, તેથા ડૉલર મજબૂત થયો અને ચલણ બજારે આ બધી અસર ભારત સુધી પહોંચાડી!

વિદેશી ચલણનો મામલો માત્ર ડીલિંગ રૂમમાં પૂરો થતો નથી. આખરે તે તમારી શોપિંગ બાસ્કેટ સુધી પહોંચે છે. ગયા અથવાડિયે ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો. લગભગ ૯૬ની આસપાસ, બે મહિનાના તળિયે પહોંચ્યો હતો અને તે બંધ થતાં લગભગ ૯૫.૯૮ પર આવ્યો. બ્રેન્ટ ક્રૂડ ૧૦૮ ડૉલર પ્રતિ બેરલની નજીક પહોંચ્યા પછી પાછું ફર્યું. ટ્રેડરોએ કહ્યું કે સરકારી બેંકોએ આરબીઆઇ વતી ડૉલર વેચ્યા હશે, જેથી રૂપિયાનો ઘટાડો અટક્યો હશે.

મહત્ત્વનો મુદ્દો એ નથી કે ૯૬નો આંકડો જાદુઈ છે કે નહીં! મુદ્દો એ છે કે ભારત લગભગ ૯૦ ટકા ક્રૂડની આયાત કરે છે, તેથી જ્યારે તેલ અને ડૉલર બન્ને એકસાથે વધે ત્યારે રૂપિયા પર દબાણ આવે છે. આ દબાણ વૈશ્વિક છે. ડૉલર પાછલાં ઘણા મહિનાથી ઊંચા સ્તરે છે, કારણ કે અમેરિકન ટ્રેઝરી યિલ્ડમાં સતત વધારો થઇ રહ્યો છે. રોકાણકારોને ચિંતા છે કે અમેરિકામાં વ્યાજદર કેટલા ઊંચા રહેશે! તેલને કારણે મોંઘવારી વધવાનો ડર છે, તેથી કડક નાણાં નીતિની અપેક્ષા વધી છે.

આની અસર માત્ર રૂપિયા પર નહીં, ઘણાં ઊભરતા દેશનાં ચલણ પર પડી છે, ઓસ્ટ્રેલિયાની સેન્ટ્રલ બેંકે વ્યાજદર વધાર્યા છતાં ઓસ્ટ્રેલિયન ડૉલર સંઘર્ષ કરતો રહ્યો, કારણ કે બજારે નિર્ણય સાથેની ગાઈડન્સ પર ધ્યાન આપ્યું. ફરી એકવાર સાબિત થયું કે ચલણો માત્ર હેડલાઈન રેટ પર નહીં, અપેક્ષાઓ પર પ્રતિક્રિયા આપે છે.

જોકે, ભારતનું અર્થતંત્ર મજબૂત છે, જે એક મહત્ત્વનું પરિબળ છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વાસ્તવિક જીડીપી ૭.૮ ટકા વધ્યો. ઓગસ્ટમાં ઔદ્યોગિક ઉત્પાદન આઠ ટકા વધ્યું, જેમાં મેન્યુફેક્ચરિંગ નવ ટકા વધ્યું. કાર અને ઘર વપરાશની વસ્તુઓ જેવા કન્ઝ્યુમર ડ્યુરેબલનું ઉત્પાદન ૧૧.૧ ટકા વધ્યું. ઓગસ્ટમાં કુલ જીએસટી કલેક્શન લગભગ બે લાખ કરોડ હતું, જે ગયા વર્ષ કરતાં ૧૪.૮ ટકા વધુ છે. આ આંકડા એ સાબિત નથી કરતા કે દરેક ભારતીયો મુક્તપણે ખર્ચ કરી રહ્યાં છે, પણ તે બતાવે છે કે વૈશ્વિક સ્તરની વિકટ સ્થિતિ છતાં સ્થાનિક પ્રવૃત્તિ મજબૂત રહી છે.

આ સ્થિતિસ્થાપકતામાં જ એ સવાલનો જવાબ છે કે ચલણની કથા દરેક વાચક માટે શા માટે મહત્ત્વની છે! એક સ્માર્ટફોનનો વિચાર કરો. તેની અંતિમ કિંમત માત્ર રૂપિયા-ડૉલરના રેટ પર આધારિત નથી, પણ આયાતી ચિપ્સ, ધાતુઓ, ભાડું અને ઊર્જા બધું વૈશ્વિક ભાવ અને ચલણથી પ્રભાવિત થાય છે. આ જ વાત કાર, ઉપકરણો અને ઘણી રોજિંદી વસ્તુઓને લાગુ પડે છે.

ભારતે તહેવારો પહેલા ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી ઘટાડી છે, કારણ કે વનસ્પતિ તેલના ભાવ ઝડપથી વધ્યા હતા. આ બાબત યાદ અપાવે છે કે સરકાર ક્યારેક વેપાર નીતિનો ઉપયોગ કરીને વૈશ્વિક ભાવની ઘરના બજેટ પર થતી અસર ઘટાડવા પ્રયાસ કરે છે.

આની બીજી બાજુ પણ છે. ઓગસ્ટમાં ભારતમાં રીટેલ મોંઘવારી ૪.૮૨ ટકા થઈ, જ્યારે જથ્થાબંધ મોંઘવારી ઘણી વધારે હતી. જો ઊંચા ઊર્જા ખર્ચનો દોર ચાલુ રહેશે, તો કંપનીઓએ નક્કી કરવું પડશે કે કેટલો ખર્ચ પોતે સહન કરવો અને કેટલો ગ્રાહક પર પસાર કરવો! આ નિર્ણયની અસર પછીથી રેસ્ટોરન્ટનાં બિલ, એર ટિકિટ, ડિલિવરી ચાર્જ અથવા ઉત્પાદિત વસ્તુના ભાવમાં દેખાઈ શકે છે.

આની અસર વ્યાજદરની અપેક્ષા પર પણ પડી શકે છે, જે બોરોઇંગ કોસ્ટ અંતે રૂપિયાને અસર કરે છે. મજબૂત ઘરાકી કંપનીઓને ભાવ વધારો સંભાળવામાં મદદ કરી શકે છે, પણ સતત મોંઘવારી આખરે તે જ ખરીદશક્તિને નબળી પાડી શકે છે, જે વપરાશી માટે ટેકો આપે છે. તેથી ચલણ, મોંઘવારી અને વપરાશ વચ્ચેના સંબંધ બન્ને દિશામાં વિચરણ કરે છે.

સીએફઓ કે બિઝનેસ ઓનર્સ માટે પાઠ એ છે કે માત્ર ડૉલરના બિલને જ નહીં, આખા એક્સપોઝરને ધ્યાનમાં લેવું જરૂરી છે. આયાતી કાચો માલ, ઇંધણનો ખર્ચ, ઋણ ખર્ચ, ભાવ વધારવાની ક્ષમતા અને હેજિંગના ખર્ચમાં એકસાથે ફેરફાર થઇ શકે છે. એનઆરઆઇ કે એચએનઆઇ માટે, વિદેશમાં વધુ વ્યાજ મળવું એ વળતરનો માત્ર એક ભાગ છે; વાસ્તવમાં ચલણમાં રૂપાંતર નક્કી કરે છે કે ગજવામાં ખરેખર શું આવે છે!

રોકાણકાર માટે, મજબૂત ભારતીય માગ કમાણીને ટેકો આપી શકે છે, જ્યારે નબળો રૂપિયો વિદેશી પોર્ટફોલિયોના વળતરને બદલી શકે છે. વિદ્યાર્થી કે માતા-પિતા માટે, એક રૂપિયાના ફેરફારનો પણ જ્યારે આખા વર્ષની ટ્યુશન અને રહેવાના ખર્ચ સાથે ગુણાંક ત્યારે મોટો બની જાય છે. વૈશ્વિક સ્તરે કામ કરતા પ્રોફેશનલ માટે, વિનિમય દર કંપનીના બજેટ, રોકાણના નિર્ણયો અને કંપનીઓ ક્યાં ભરતી કરે છે તેની સાપેક્ષ અર્થવ્યવસ્થાને અસર કરે છે.

આ સપ્તાહમાં પણ આ જ પરિબળોની અસર જોવા મળશે, જેમાં મધ્ય પૂર્વની રાજદ્વારી સ્થિતિ અને તેલ પુરવઠો, અમેરિકન આર્થિક ડેટા અને ફેડરલ રિઝર્વના સંકેતો, અને ઘરેલુ મોંઘવારી અને ચલણની સ્થિતિ પર આરબીઆઇના પ્રતિભાવનો સમાવેશ છે. આમાંથી એકે પરિબળ રૂપિયા માટે વિશ્વસનીય આગાહી આપતું નથી. જોકે, આ તમામ પરિબળો સાથે મળીને તે આપણને એક સારો અંદાજ આપે છે. ટ્રેડિંગ સ્ક્રીન પર દેખાતી ચલણની વધઘટ રોજિંદા જીવનથી દૂર જણાતી હોય છે, પરંતુ તેની યાત્રા અંતે આપણાં ઘરની ઘણી નજીક પૂરી થાય છે. ■

# ઉદ્યોગસાહસિકતાને કેમ વધાવવી જોઈએ...

અર્થતંત્રની



આજ-કાલ
કિશન દેસાઈ
feedback@bombaysamachar.com

ભારતીય અર્થતંત્રના વિકાસ અને સમૃદ્ધિમાં ઉદ્યોગસાહસિકતા (Entrepreneurship) હંમેશાં સૌથી મહત્ત્વપૂર્ણ પાયો રહી છે. કોઈપણ દેશનો આર્થિક વિકાસ માત્ર સરકારી કે કોર્પોરેટ નોકરીઓ પર નિર્ભર રહી શકતો નથી. તેના માટે નવીનતા, જોખમ લેવાની ક્ષમતા અને સ્થાનિક સ્તરે મૂલ્ય નિર્માણ કરતા સાહસિકોની જરૂર પડે છે. અર્થતંત્રમાં ઉદ્યોગસાહસિકતાના ફાયદાઓને સમજીએ ત્યારે જાણવા મળે છે કે તે માત્ર એક વ્યક્તિ કે પરિવારને આર્થિક રીતે સક્ષમ બનાવતી નથી, પરંતુ સમગ્ર દેશના જીડીપી, રોજગારી અને ઉત્પાદકતાને નવી ઊંચાઈ પર લઈ જાય છે.

પ્રાચીન ભારતનો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે આપણી ભારતીય સભ્યતા મૂળભૂત રીતે એક વ્યાપારી અને વિનિમય-આધારિત સભ્યતા રહી છે. પ્રાચીન કાળથી જ ભારતનો દરેક નાગરિક કોઈને કોઈ કૌશલ્ય, હસ્તકળા, ખેતી કે વ્યાપાર સાથે જોડાયેલો હતો. શિલ્પકારો, વણકરો, ખેડૂતો, વેપારીઓ અને કારીગરો પોતપોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર સાહસિક જ હતા. ગામડાંઓ આત્મનિર્ભર આર્થિક એકમો હતા, જ્યાં ચીજવસ્તુઓ અને સેવાઓનો મુક્ત વિનિમય થતો હતો. આ જ કારણ હતું કે ભારત સદીઓ સુધી વિશ્વની અગ્રણી આર્થિક સત્તા અને 'સોનાની ચિડિયા' તરીકે ઓળખાતું હતું. આ પ્રાચીન ભારતીય વિનિમય મૉડેલ દર્શાવે છે કે ઉદ્યોગસાહસિકતા એ આપણા ડીએનએમાં વણાયેલી છે.

આજના આધુનિક આર્થિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ભારતનું આર્થિક મૉડેલ પણ એ જ ખ્યાલ પર આધારિત છે જ્યાં દરેક નાગરિક મૂળભૂત રીતે એક સાહસિક કે ઉત્પાદક એકમ તરીકે કાર્ય કરે છે. જ્યારે અર્થતંત્રમાં મોટાભાગના લોકો માત્ર નોકરી શોધવાને બદલે નાના-મોટા વ્યવસાયો, સ્ટાર્ટઅપ્સ કે સ્વતંત્ર સેવાઓ શરૂ કરે છે, ત્યારે નાણાંનું પરિભ્રમણ ઝડપી બને છે. દરેક નાની કે મોટી એન્ટરપ્રાઇઝ પોતાના સ્તરે નવી રોજગારીઓ ઊભી કરે છે, જેનાથી બેરોજગારીની સમસ્યાનો કાયમી ઉકેલ મળે છે અને ટેક્સ દ્વારા સરકારની આવકમાં પણ વધારો થાય છે.

વર્તમાન જોબ માર્કેટ તરફ નજર કરીએ તો તે ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ઓટોમેશન અને ટેકનોલોજીના કારણે પરંપરાગત નોકરીઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. ઘણી મોટી કંપનીઓમાંથી મોટા પાયે લય-ઓફ આપી રહ્યા છે. આવા અનિશ્ચિત વાતાવરણમાં માત્ર ડિગ્રી આધારિત નોકરીઓ પર નિર્ભર રહેવું જોખમી બની ગયું છે. આ પરિસ્થિતિમાં સ્કિલ આધારિત કમાણી અને વ્યવસાય એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવ્યા છે. આજે વ્યક્તિ પાસે જો કોઈ ચોક્કસ કૌશલ્ય હોય જેમ કે કોડિંગ, ડિજિટલ માર્કેટિંગ, ક્રાફ્ટિંગ, કન્સલ્ટિંગ કે ટેકનિકલ નોલેજ તો તે ખૂબ ઓછા મૂડીરોકાણ સાથે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી શકે છે. સ્કિલ-બેઝ્ડ બિઝનેસ માત્ર આર્થિક સુરક્ષા જ નથી આપતો, પરંતુ વ્યક્તિને તેની ક્ષમતા મુજબ અમર્યાદિત કમાણી કરવાનો અવસર પણ પૂરો પાડે છે.

ઉદ્યોગસાહસિકતાનો સૌથી મહત્ત્વનો સિદ્ધાંત છે 'સ્કિન ઇન ધ ગેમ'. નોકરીમાં વ્યક્તિ મોટે ભાગે નિયત કલાકો માટે કામ કરે છે અને તેને નિશ્ચિત પગાર મળે છે, જ્યાં તેનું વ્યક્તિગત જોખમ મર્યાદિત હોય છે, પરંતુ વ્યવસાયમાં સાહસિક પોતે પોતાનું નાણું, સમય અને મહેનત દાવ પર લગાવે છે. જ્યારે તમારું પોતાનું જોખમ સામેલ હોય છે, ત્યારે નિર્ણય લેવાની ગુણવત્તા, જવાબદારી અને કાર્યક્ષમતા આપોઆપ વધી જાય છે. આ 'સ્કિન ઇન ધ ગેમ'નો ભાવ જ દેશના આર્થિક સંસાધનોનો શ્રેષ્ઠ અને બિન-વેડફાટયુક્ત ઉપયોગ સુનિશ્ચિત કરે છે, જે સમગ્ર અર્થતંત્ર માટે અત્યંત ફાયદાકારક છે.

નોકરી અને વ્યવસાય વચ્ચેની કાર્યનૈતિકતામાં પણ મોટો તફાવત જોવા મળે છે. નોકરીમાં મોટે ભાગે કામ કરવા પાછળનો હેતુ આપવામાં આવેલાં કાર્યો પૂરા કરવાનો અથવા શિફ્ટનો સમય પૂરો કરવાનો હોય છે, જેનાથી ઘણીવાર પેસિવ વર્ક કલ્ચર ઊભું થાય છે. આનાથી વિપરીત, એક સાહસિક કે બિઝનેસમેનની વર્ક એથિક્સ માલિકીભાવ અને પરિણામ પર આધારિત હોય છે. વ્યવસાય કરનાર વ્યક્તિ માટે દરેક ગ્રાહક મહત્ત્વનો છે, દરેક દિનચર્યા પ્રોડક્ટિવ હોવી જરૂરી છે અને સતત ઇનોવેશન કરવું અસ્તિત્વ માટે અનિવાર્ય છે. આ પ્રોએક્ટિવ અને સોલ્યુશન-ઓરિએન્ટેડ વર્ક કલ્ચર સમાજમાં ઉત્પાદકતાનો નવો માહોલ તૈયાર કરે છે.

ટૂંકમાં, ભારતીય અર્થતંત્રને જો આગામી સમયમાં વિશ્વની ટોચની આર્થિક શક્તિ બનાવવી હોય તો ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવું અનિવાર્ય છે. આપણી પ્રાચીન સભ્યતાના વિનિમય મૉડેલમાંથી પ્રેરણા લઈને, આજના જોબ માર્કેટના પડકારો સામે સ્કિલ-બેઝ્ડ સાહસિકતા અપનાવવી એ જ સમયની માગ છે. જ્યારે દેશનો યુવાન 'જોબ સિકર'(નોકરી શોધનાર) મટીને 'જોબ ક્રિએટર' (રોજગાર આપનાર) બનશે, ત્યારે અર્થતંત્ર વધુ મજબૂત, આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે. ■

# જૂનું ઘર ખરીદવાના છો? આ જરૂર વાંચી લો




વરુણ સિંહ
feedback@bombaysamachar.com

**મુંબઈના** પરા કાંદિવલીમાં રીસેલ ઘર ખરીદનો આ કિસ્સો બધાને મદદરૂપ થશે.

જિજ્ઞેશ ખિરાઈયા અને તેમનાં માતા કુસુમબહેન તો માત્ર એ ૫૦,૦૦૦ રૂપિયા પાછા મેળવવા માગતાં હતાં, જે કાંદિવલી વેસ્ટની એક સોસાયટીએ તેમના ફ્લેટના માલિકી હક બદલાયા પછી પોતાની પાસે રાખી લીધા હતા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, મુંબઈની કો-ઓપરેટિવ કોર્ટ નંબર ત્રણે, તેમને તે રકમ પાછી અપાવી. આ ચુકાદા દ્વારા, ન્યાયાધીશ વી. આર. કુલકર્ણીએ એવા દરેક વ્યક્તિને એક ઉપયોગી ઉકેલ પણ આપ્યો છે, જે રીસેલ ફ્લેટ ખરીદી રહ્યા હોય અને તેમને છેલ્લી ઘડીએ કહેવામાં આવે કે વધારાની રકમ ચૂકવ્યા વિના સભ્યપદનું ટ્રાન્સફર નહીં થશે.

વર્ષોથી આ પ્રકારની પદ્ધતિ જોઈ છે. સોસાયટી પહેલાં ટ્રાન્સફર પ્રીમિયમ વસૂલે છે. ત્યારબાદ અન્ય માગણીઓ આવે છે, જેમ કે પાર્કિંગ ડિપોઝિટ, ડોનેશન, વેલ્ફેર ફંડ કે સમારકામ માટેનું યોગદાન! માત્ર નામ બદલાય છે. આ પૈસા એટલા માટે માગવામાં આવે છે, કારણ કે તમે નવા સભ્ય તરીકે આવી રહ્યા છો અને કોઈ અન્ય વ્યક્તિ જઈ રહી છે. આ કિસ્સામાં સભ્યોએ ટ્રાન્સફર પ્રીમિયમ તરીકે પહેલેથી જ ૨૫,૦૦૦ રૂપિયા ચૂકવી દીધા હતા. તે ઉપરાંત, જૂન ૨૦૧૭માં સોસાયટીએ ૨૦૧૨ના સામાન્ય સભાના ઠરાવ હેઠળ નોન-રિફંડેબલ કાર પાર્કિંગ ડિપોઝિટ તરીકે ૭૫,૦૦૦ રૂપિયા વસૂલ્યા હતા. બાદમાં તેમણે ૨૫,૦૦૦ રૂપિયા પાછા આપ્યા અને ૫૦,૦૦૦ રૂપિયા પોતાની પાસે રાખી લીધા. કોર્ટે પોતાની પાસે રાખેલી આ રકમને નવી સુવિધા માટેનો વાજબી ચાર્જ નહીં, પરંતુ વધારાની ટ્રાન્સફર વસૂલાત ગણી હતી.

આ તારણ મહત્ત્વનું છે, કારણ કે કાયદામાં આ વિશે સ્પષ્ટ મર્યાદા નક્કી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ની કલમ ૭૯-એ હેઠળ, રાજ્ય સરકાર નીતિવિષયક બાબતો પર બંધનકર્તા નિર્દેશો જારી કરી શકે છે. આ કલમ હેઠળ ૯ ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ જારી કરાયેલા પરિપત્રમાં મુંબઈ સહિતના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં ટ્રાન્સફર પ્રીમિયમની મર્યાદા ૨૫,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

આ જ કાયદાની કલમ ૭૨ સામાન્ય સભાની સત્તાને કાયદા, નિયમો અને તે નિર્દેશોને આધીન રાખે છે. કાયદા દ્વારા ન આપવામાં આવી હોય તેવી કોઈ સત્તા માત્ર ઠરાવ દ્વારા ઊભી કરી શકાતી નથી. બોમ્બે હાઈકોર્ટે પણ સોસાયટીઓએ વધારાની વસૂલાતને ડોનેશન અથવા વેલફેર ફી તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે આવું જ કહ્યું હતું. અહીં કોર્ટે પાર્કિંગ ટેગ પર આ સિદ્ધાંત લાગુ કર્યો હતો.

જોકે અહીં ખાસ વાતે નોંધવી રહી કે આ આદેશમાં એવું નથી કહેવામાં આવ્યું કે સોસાયટી પાર્કિંગ ચાર્જ નક્કી કરી શકતી નથી. તે જાળવણી, સિંકિંગ ફંડ અથવા વાસ્તવિક, મૂલ્યાંકન કરેલ સમારકામ યોગદાન પર પ્રતિબંધ મૂકતો નથી. કાયદેસર પાર્કિંગ ફી પર કોઈ પ્રતિબંધ નથી. કોર્ટે જે નામંજૂર કરી, તે નિર્ધારિત પ્રીમિયમ ઉપરાંત, કોઈ અલગ સેવા અથવા પુરવાર થયેલા હિસાબ વિના, ટ્રાન્સફર સમયે લેવામાં આવેલી વધારાની એકમ રકમ છે. સોસાયટીનો દાવો કે સમારકામ માટે લગભગ નવ લાખ રૂપિયા પાર્કિંગ કલેક્શનમાંથી ચૂકવવામાં આવ્યા હતા. આ દાવો નિષ્ફળ ગયો, કારણ કે તે માટે કોઈ બિલ અથવા વાઉચરનો આધાર મળ્યો નહોતો. યોગ્ય સત્તા વિના, પહેલથી પૈસા લઈને તેને પાછળથી ખર્ચવાથી તે કાયદેસર બની જતું નથી.

રીસેલ બાયર માટે વ્યવહારુ સરળ વાત એ છે કે તે લેખિતમાં બ્રેકઅપ માગે. જો રસીદ પર પહેલાંથી જ રૂ. ૨૫,૦૦૦ ટ્રાન્સફર પ્રીમિયમ તરીકે હોય, તો તમારા પ્રવેશ સાથે સંકળાયેલી પ્રત્યેક વધુ એક વખતની માગને શંકાસ્પદ ગણાવી જોઈએ. વહેલાસર વાંધો ઉઠાવો. ચેક, રસીદ અને નોટિસ સંભાળીને રાખો. આવા વિવાદ માટે મર્યાદા છ વર્ષ છે. બિલમાં એરિયર્સ બતાવ્યું હોવાથી વ્યાજ ૨૧ ટકા સુધી નહીં પહોંચે. આ કિસ્સામાં કોર્ટે ૩૦ જાન્યુઆરી ૨૦૨૨ની લેખિત માગથી છ ટકા સાદા વ્યાજ વત્તા ખર્ચની મંજૂરી આપી હતી.

જિજ્ઞેશ અને કુસુમબહેને ૫૦,૦૦૦ રૂપિયાના ઓર્ડર માટે ચાર વર્ષ રાહ જોઈ. સાધારણ રકમ માટે આ લાંબી લડાઈ છે. જોકે, ચુકાદાનું મૂલ્ય માત્ર આંકડો નથી. તે યાદ અપાવે છે કે મેનેજિંગ કમિટી, સભ્યપદના દ્વારનો ઉપયોગ બીજા કેશ કાઉન્ટર તરીકે કરી શકતી નથી. જો તમે રીસેલમાં ઘર ખરીદી કરી રહ્યા છો અને સોસાયટી ટ્રાન્સફર માટે કાયદા દ્વારા આપવામાં આવેલી મંજૂરી કરતાં વધુ નાણાં વસૂલ કરવા ઇચ્છે છે ત્યારે આ કાંદિવલીનો કેસ તમારા માટે માર્ગદર્શક બની શકે છે. ■

**આગામી કોલમ પ્રગટ થાય એ દરમિયાન તમને મૂંઝવતા સવાલ અને અનુભવ 'મુંબઈ સમાચાર'ને લખી શકો છો.** feedback@bombaysamachar.com

KIND ATTN. TO: CHAIRMAN, SECRETARY & MEMBERS
CONSULT US FOR :
RE DEVELOPMENT PROJECTS & BUILDING REPAIR.
40 + YEARS EXPERIENCE
Complete Re-Development Services from Feasibility report to Possession of New Flats.
SEND ME FOLLOWING DETAILS
1) NAME OF SOCIETY AND ADDRESS
2) PLOT AREA
3) NO. OF. MEMBERS
4) CONVEYANCE WITH SOCIETY (Yes/ No)
PIONEER IN SELF RE - DEVELOPMENT
SANJAY BAKUL SHETH GROUP
+ 91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
E-MAIL ID : pmcsanjayrex@gmail.com

ફાયનાન્સ ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# ગાયબ થઈ ગયેલું બોનસઃ વધારાના પૈસા માટે પણ પ્લાનિંગ કેમ જરૂરી છે?

સોમવારે સવારે નિખિલને એ મેસેજ મળ્યો, જેની તે ઘણા સમયથી રાહ જોઈ રહ્યો હતો.

Annual Bonus Credited: ₹૭૫,૦૦૦

આ રકમ તેને પોતાના નિયમિત પગાર કરતાં કંઈક અલગ લાગી. પગાર સાથે તો પહેલેથી જ ઘણી જવાબદારીઓ જોડાયેલી હતી

ઘરનું ભાડું, ઘરખર્ચ, EMI, રોકાણ અને બીજાં બિલ્સ. જ્યારે બોનસ? એ તો વધારાના પૈસા લાગ્યા.

નિખિલ ઘણા મહિનાથી પોતાનો ફોન બદલવાનું વિચારી રહ્યો હતો. તે અને તેની પત્ની એક નાની રજા પર જવાની વાત પણ ઘણા સમયથી કરતા હતા. હવે બોનસ આવી ગયું હતું એટલે આ બંને ખર્ચ કરવાનું જાણે વધુ સરળ લાગવા માંડ્યું. અને આમ પણ આમાંથી કોઈ ખર્ચ બિનજરૂરી લાગતો નહોતો.

ફોન માટે રૂ ૩૦,૦૦૦.

રજા માટે લગભગ રૂ ૨૫,૦૦૦.

હજી પણ રૂ ૨૦,૦૦૦ બચતા હતા.

પછી થોડી શોપિંગ થઈ. બે-ત્રણ વખત સારી જગ્યાએ ડિનર થયું. વચ્ચે બીજા કેટલાક નાના-મોટા ખર્ચ પણ થતા ગયા.

થોડાં અઠવાડિયાં પછી નિખિલની નજર પોતાના બૅન્ક બૅલેન્સ પર પડી. રૂ ૭૫,૦૦૦ લગભગ પૂરા થઈ ગયા હતા!

તેણે કોઈ એક બહુ મોટો કે બિનજરૂરી ખર્ચ કર્યો નહોતો. એવો એક પણ ખર્ચ નહોતો, જેના તરફ આંગળી ચીંધીને તે કહી શકે કે આ મારી ભૂલ હતી. પૈસા બસ ધીમે-ધીમે ખર્ચાઈ ગયા હતા એક પછી એક વાજબી લાગતા ખર્ચ પાછળ.

ભૂલ ક્યાં થાય છે? વધારાની આવકને 'વધારાના પૈસા' માનવામાં.

આપણી નિયમિત માસિક આવક સિવાય અચાનક કોઈ રકમ મળે ત્યારે આપણા વર્તનમાં એક રસપ્રદ ફેરફાર જોવા મળે છે. બોનસ, ઇન્સેન્ટિવ, એરિયર્સ, ટૅક્સ રિફંડ, ભેટ કે અન્ય કોઈ અણધારી આવકને આપણે ઘણીવાર આપણા નિયમિત નાણાકીય આયોજનનો ભાગ માનતા જ નથી. આ રકમ પર આપણા રોજિંદા ખર્ચ આધારિત નથી હોતા, એટલે આપણું મન તેને ખર્ચવાની જાણે થોડી વધુ છૂટ આપી દે છે.

આવું કેમ થાય છે? 'મેન્ટલ એકાઉન્ટિંગ'નો ખેલ

બિહેવિયરલ ઇકોનોમિક્સમાં આ વલણને 'મેન્ટલ એકાઉન્ટિંગ' દ્વારા સમજાવવામાં આવે છે એટલે કે આપણે મનમાં જ પૈસાને અલગ-અલગ ખાનામાં વહેંચી દઈએ છીએ અને એ પૈસા ક્યાંથી આવ્યા છે તેના આધારે તેની સાથે અલગ રીતે વર્તીએ છીએ.

આપણી નિયમિત આવકમાંથી મળેલા રૂ ૨૦,૦૦૦નો ઉપયોગ કદાચ આપણે સમજી-વિચારીને કરીએ, પણ એ જ રૂ ૨૦,૦૦૦ અચાનક બોનસ તરીકે મળે તો તેને ખર્ચવાનું ઘણું સરળ લાગી શકે.

જોકે નાણાકીય દૃષ્ટિએ જોઈએ તો રૂ ૨૦,૦૦૦ એટલે રૂ ૨૦૦૦૦ જ રહે છે પછી તે પગારથી મળ્યા હોય કે બોનસથી.

**છૂપી કિંમતઃ** પૈસા સાથે એક તક પણ જતી રહે છે

બોનસનો આનંદ માણવો એ કોઈ નાણાકીય ભૂલ નથી. પૈસા માત્ર બેંક ખાતામાં જમા કરવા માટે નથી; તેનો હેતુ આપણા જીવનને વધુ સારું બનાવવાનો પણ છે, પરંતુ એકસાથે મળેલી આવી રકમ ઇમર્જન્સી ફંડને મજબૂત કરવા, દેવું ચૂકવવા, રોકાણ વધારવા કે કોઈ મહત્ત્વના નાણાકીય લક્ષ્ય માટે પણ ઉપયોગી બની શકે છે.

જ્યારે આખી રકમ કોઈ આયોજન વિના ખર્ચાઈ જાય છે ત્યારે માત્ર પૈસા જ નથી જતા. એ પૈસા સાથે જોડાયેલી એક તક પણ જતી રહે છે.

**મુખ્ય શીખઃ** પૈસા આવે તે પહેલાં જ નક્કી કરો.

અનિયમિત રીતે મળતી આવકને સંભાળવાની એક સરળ રીત છે તેને ખર્ચવાનું શરૂ કરો એ પહેલાં જ નક્કી કરો કે આ પૈસાનો ઉપયોગ ક્યાં કરવાનો છે.

તે માટે કોઈ એક નક્કી ફૉર્મ્યુલા નથી. તમે રકમનો એક ભાગ રોકાણ માટે રાખી શકો, બીજો ભાગ કોઈ મહત્ત્વની નાણાકીય જરૂરિયાત માટે ફાળવી શકો અને થોડો ભાગ માત્ર તમારી ઇચ્છા કે આનંદ માટે પણ રાખી શકો.

આ રીતે તમારે પૈસાનો આનંદ માણવો કે નાણાકીય રીતે જવાબદાર રહેવું એ બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની જરૂર નથી. તમે બંને કરી શકો છો.

## નિષ્કર્ષ

*બોનસ મળવાનો આનંદ થવો જ જોઈએ. આખરે તમે એ કમાયા છો અને તેનો થોડો ભાગ તમારી કોઈ ઇચ્છા પૂરી કરવા માટે વાપરવામાં કંઈ ખોટું નથી,*

*પરંતુ વધારાની આવક માત્ર થોડા સમય માટે તમારી લાઇફસ્ટાઇલ અપગ્રેડ કરવા કરતાં ઘણું વધારે કરી શકે છે. સમજી-વિચારીને તેનો ઉપયોગ કરવામાં આવે તો એ જ રકમ તમને તમારા કોઈ મહત્ત્વના લક્ષ્યની એક ડગલું વધુ નજીક લઈ જઈ શકે છે.*

*કારણ કે સવાલ માત્ર એટલો નથી કે, આ પૈસાથી હું શું ખરીદી શકું?*

*સવાલ એ પણ છે કે આ પૈસા મારા માટે શું કરી શકે?* ■

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# બીમારીને કારણે નથી ખવાતું ને નથી ખાતાં એ જ બીમારી છે?





આપણા સમાજમાં એક વિચિત્ર માનસિકતા પ્રવર્તે છે. સામાન્ય રીતે કોઈ પાતળું હોય તો કહેશે, 'કેમ તને ઘરમાં ખાવા નથી આપતાં?'

બીજી તરફ બધાને ફિલ્મનો હીરો હીરોઈન તો સ્લિમ એન્ડ ટ્રિમ જ જોઈએ!! પણ એક સ્થિતિ એવી છે, જેમાં ખાવું ન હોય, એ પોતે જ એક બીમારી હોય છે. ચાલો, તેના વિશે જાણીએ.

આપણે જેના વિશે વાત કરી રહ્યાં છીએ તે છે એનોરેક્સિયા નર્વોસા (Anorexia nervosa ). જોકે, તેને બીમારી કહેવાને બદલે વિકાર કહેવો વધુ યોગ્ય છે. એનોરેક્સિયા નર્વોસા એ ખાવા-પીવાને લગતી એક વિકૃતિ અને માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ છે જે તમને તમારા ખોરાકના પ્રમાણને મર્યાદિત કરવા પ્રેરે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિઓ તેમના શરીરનું વજન શક્ય તેટલું ઓછું રાખવા માટે ખોરાકનું પ્રમાણ ઘટાડી દે છે. તેમને સતત એ ભય હોય છે કે ક્યાંક મારું વજન વધી તો નહીં જાય ને? એનોરેક્સિયા (Anorexia)નો અર્થ ખાવાની ઇચ્છા ન થવી એવો થાય છે, પરંતુ આ સ્થિતિ તેના કરતાં ઘણી વધારે ગંભીર છે. તે માનસિક સ્વાસ્થ્યને લગતી એક સિરિયસ સમસ્યા છે, જે ખાવા-પીવા, વજન અને શરીરના દેખાવ (બોડી ઈમેજ) વિશેના નકારાત્મક વિચારો અને લાગણીઓમાંથી ઉદ્ભવે છે. વજન વધતું અટકાવવા અથવા વજન ઘટાડવાનું ચાલુ રાખવા માટે,

### ▶ એનોરેક્સિયાના પ્રકાર

વ્યક્તિ જ્યારે ખોરાક મર્યાદિત કરી નાખે, વજન સમતોલ રાખવા વધુ પડતી કસરત કર્યા કરે તેને પ્રતિબંધિત એનોરેક્સિયા (રિસ્ટ્રીકટેડ એનોરેક્સિયા) કહે છે. બીજો પ્રકાર છે, બિંજ-પર્જ એનોરેક્સિયા, જેમાં થોડા સમયમાં જેટલું ખાવું હોય તેટલું ખાઈ લેવું, જેને અંગ્રેજીમાં બિન્જઇટિંગ કહે છે અથવા વ્યક્તિ અંગ્રેજીમાં પરજીંગ એટલેકે શદ્ધીકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

શુદ્ધીકરણનો અર્થ ઊલટી, રેચકનો ઉપયોગ જેથી વજન ન વધે. ત્રીજો એક પ્રકાર છે, જેમાં વ્યક્તિનું વજન સામાન્ય હોય છે, તેમ છતાં તે ઓછો ખોરાક લે છે. આવા સમયે એનોરેક્સિયા ઓળખવું મુશ્કેલ બને છે.

### ▶ એનોરેક્સિયાનાં કારણ

વૈજ્ઞાનિકોના અભ્યાસ મુજબ એનોરેક્સિયા ધરાવતા લોકોના મગજમાં થોડો તફાવત જોવા મળે છે. ઉદાહરણ તરીકે, સેરોટોનિન અને ડોપામાઇનનું સ્તર અલગ અલગ હોઈ શકે છે. આ ભૂખ, મૂડ અને આવેગ નિયંત્રણને અસર કરી શકે છે. જો પરિવારમાં એનોરેક્સિયાનો ઇતિહાસ હોય તો તેની અસર રૂપે પણ એનોરેક્સિયા હોઈ શકે. આનો અમુક હિસ્સો તમારા જનીનોમાં હોઈ શકે છે. તેનો અમુક હિસ્સો પરિવારના વર્તનને જોઈને શીખેલાં હોઈ શકે છે.

ઘણા લોકો મિત્રો, સંસ્કૃતિ, સોશ્યલ મીડિયા કે નોકરીના દબાણને કારણે પોતાના શરીર અને દેખાવ વિશે વધુ પડતા ચિંતિત કે સભાન બની જાય છે. કિશોરો ઘણીવાર આ દબાણ સૌથી વધુ અનુભવે છે. દેખાવ બાબતે તેઓ પોતાની જાત પ્રત્યે પ્રત્યે ખૂબ કઠોર બની શકે છે. શરીરના વજનને કારણે આત્મ-સન્માન ઓછું હોવું અથવા એવું માનવું કે તમારું મૂલ્ય તમારા શરીરના વજન પર આધારિત છે, તેનાથી ઇટિંગ ડિસઑર્ડર વિકસી શકે છે. આમાં સામાજિક આઘાત, શોષણ અને ધાકધમકી (બુલિંગ) જેવાં પરિબળો પણ કારણભૂત બની શકે છે.

### ▶ એનોરેક્સિયા નર્વોસાથી શું તકલીફો થાય?

કુપોષણ આપણા શરીરના લગભગ દરેક અંગ અને પેશીને અસર કરી શકે છે. એનોરેક્સિયામાંથી સાજા થયા પછી પણ અંગોને થયેલું ગંભીર નુકસાન કદાચ કાયમી હોઈ શકે છે. એનોરેક્સિયા આપણા માનસિક સ્વાસ્થ્ય માટે પણ વિનાશક સાબિત થઈ શકે છે. સારવાર શરૂ થયા પછી પણ આ અસરોમાંથી બહાર આવવામાં સમય લાગી શકે છે. એનોરેક્સિયાની સારવાર ન કરાય તો ઘણા નુકસાન થઈ શકે છે. હાડકાના જથ્થાનું અને દાંતના ઈનેમલનું નુકસાન, કિડની અને લીવરને નુકસાન, હૃદય નિષ્ફળતા, બાળકોમાં વિકાસમાં વિલંબ, પુખ્ત વયના લોકોમાં વંધ્યત્વ, જાતને નુકસાન પહોંચાડવું અને આત્મહત્યાના વિચારો વગેરે સમસ્યાઓ જોવા મળી શકે છે.

એનોરેક્સિયા નર્વોસાનાં લક્ષણો

કેલરી ગણતરી અથવા આહાર પર વધુ પડતું ધ્યાન, શારીરિક દેખાવ બાબતે વધારે પડતી સભાનતા અને ચિંતા, લાંબા સમય સુધી એક સાથે કસરત કરવી (ખાસ કરીને ખાધા પછી), જાડા હોવાની ફરિયાદ કરવી, ભૂખ દબાવતી દવાઓ, રેચક અથવા મૂત્રવર્ધક દવાઓનો વધુ પડતો ઉપયોગ, વારંવાર વજન જોયા કરવું, સમાજથી દૂર રહેવું અથવા શોખમાં રસ ગુમાવવો જેવાં ભાવનાત્મક લક્ષણો જોવા મળી શકે.

શારીરિક લક્ષણોમાં વજનમાં નોંધપાત્ર ઘટાડો અથવા વજન ન વધવું (બાળકો કે કિશોરોમાં), અત્યંત પાતળો કે નબળો દેખાવ, હંમેશાં ઠંડી લાગવી, થાક કે ઊર્જાનો અભાવ, અનિયમિત માસિક કે માસિક ન આવવું, માનસિક મૂંઝવણ કે સ્પષ્ટ રીતે વિચારી ન શકવું, ચક્કર આવવાં, શરીરમાં પાણીની અછત (ડિહાઇડ્રેશન), હૃદયના ધબકારા ધીમા પડવા, વાળ પાતળા થવા, વાળ ઝડપથી ખરવા વગેરે.

### ▶ એનોરેક્સિયાની સારવાર

આની સારવાર તે વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતો મુજબ કરવામાં આવે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિની સારવારમાં સૌથી મોટો પડકાર એ છે કે તેમને એ વાત સમજવામાં અને સ્વીકારવામાં મદદ કરવી કે તેઓ એક ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે.

આપણે સહુએ એ યાદ રાખવું જરૂરી છે કે ન ખાવું, અથવા ઓછું ખાવું એ વજન સમતોલ કરવાનો સાચો રસ્તો નથી. નિષ્ણાતો પાસેથી ખોરાકમાં ફેરફાર કરવો અને યોગ અથવા અન્ય કસરતો કરીને, રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ વધારીને વધારાની કેલરી કે ચરબીને બાળવી એ બહેતર અને બેસ્ટ વિકલ્પ છે.■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘડતર | FREQUENTLY |
| ઘડપણ | CLOCK |
| ઘડિયાળ | MAKING |
| ઘડી | OLD AGE |
| ઘડીઘડી | MOMENT |

### માતૃભાષાની મહેક

સમય એટલે કાળ, વખત. સમય વર્તે સાવધાન માર્મિક કહેવત છે. સમયને વર્તમાન નથી હોતો. સમય ઓળખવો, સમય જોવો કે સમય અનુસાર વર્તવું એટલે પ્રસંગ કે સંજોગ બરાબર સમજી લેવા કે જાણી લેવા. સમય ભરાઈ જવો એટલે અવકાશ ન રહેવો, વખત પૂરો થઈ જવો. એ ઉપરાંત આખર કાળ આવી લાગવો, મૃત્યુ નજીક આવવું એવા પણ અર્થ છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CHROMOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ચોરસ બ) રંગ
ક) વાતાવરણ ડ) ઊંચાઈ

### ઈર્શાદ

*નથી મારી પાસે કંઈ, સાદું સુખ છે,*
*તમે આવો તો એ બની જાય દોઢું.*
*-- મકરંદ દવે*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | | ■ | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | | | ■ |
| ■ | | ■ | ૧૧ | | ૧૨ | | ■ | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | | ■ | | ■ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ૧૮ | ■ | ૧૯ | ■ | ૨૦ | |
| | ■ | ■ | ૨૧ | | ૨૨ | | ■ | | ■ |
| ■ | ૨૩ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | | ૨૬ |
| ૨૭ | ■ | ૨૮ | | ■ | | ■ | | ■ | |
| ૨૯ | | | | ■ | ૩૦ | | | | |

#### આડી ચાવી

૧. વરણાગિયું (૫)
૪. આબરૂદાર (૪)
૭. --- કરવું=ઉકેલ લાવવો (૨)
૮. પર્વત (૩)
૧૦. --- ની જીભ અને અક્કર્મીના ટાંટિયા (૩)
૧૧. ઘોડો --- પ્રાણી છે (૪)
૧૪. --- આયે બહાર આઈ (૨)
૧૫. ચાલાક, ચતુર (૩)
૧૭. ભાડેથી રહેનાર (૩)
૨૦. તક, અનુકૂળ સમય (૨)
૨૧. રોજો, કબરસ્તાન (૪)
૨૩. ઈચ્છા, ખુશી (૩)
૨૫. સરળ, ભલું (૩)
૨૮. દેહ, શરીર (૨)
૨૯. જેમાં તલ થાય તે શીંગ (૪)
૩૦. ધર્મમાં આસ્થાવાળું, ધર્મિષ્ઠ (૫)

#### ઊભી ચાવી

૧. સુંદર, રૂપાળું (૩)
૨. ફિકરની ફાકી કરે એનું નામ--- (૩)
૩. કારીગરી, કસબ (૪)
૪. હાસ્યરસ પ્રધાન નાટક (૪)
૫. ટીલું (૩)
૬. અનુમાન, કલ્પના (૨)
૯. ખોટો આરોપ મૂકનારું (૪)
૧૧. તીર્થસ્થાનની મુસાફરી (૨)
૧૨. પાણી, જળ (૨)
૧૩. રસ્તો (૩)
૧૪. ઉપકાર (૩)
૧૬. ઘોંઘાટ, શોરબકોર (૪)
૧૮. ભૂલ, કસૂર (૨)
૧૯. કાયદો (૨)
૨૧. સહિયારું (૪)
૨૨. પાયમાલી (૪)
૨૪. અંજામ, પરિણામ (૩)
૨૫. સારાપણું, સજ્જનતા (૩)
૨૬. સર્વ, તમામ (૩)
૨૭. દીવાલ (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ ના | ય | ૩ ક | ■ | ૪ ગુ | ણા | ૫ નુ | વા | ૬ દ |
| ૭ ધા | મ | ■ | ૮ મુ | દ્ | લ | ■ | તિ | ■ | રિ |
| તા | ■ | ■ | ર | ■ | ■ | ૯ વ્યો | ■ | ૧૦ રુ | દ્ર |
| ■ | ૧૧ સો | ૧૨ બ | ત | ■ | ૧૩ ન | મ | ૧૪ ક | ■ | ■ |
| ■ | ■ | ખ | ■ | ૧૫ દ | ક્ષ | ■ | ૧૬ ભા | ણે | જ |
| ૧૭ મ | મ | ત | ■ | ૧૮ મા | ત્ર | ■ | ર | ■ | ■ |
| ■ | ■ | ૧૯ ર | ૨૦ હી | મ | ■ | ૨૧ મ | જા | લ | ■ |
| ૨૨ પ | થ | ■ | રા | ■ | ■ | ધુ | ■ | ■ | ૨૩ ચ |
| ર | ■ | ક | ■ | ૨૪ મા | શૂ | ક | ■ | ૨૫ ની | ર |
| ૨૬ વા | સ્ત | વિ | ક | તા | ■ | ૨૭ ર | જ | ક | ણ |

### ઓળખાણ પડી?



દેખાવમાં અસ્સલ સંતરા જેવું દેખાતું તેમજ રસદાર અને મીઠો સ્વાદ ધરાવતું 'ખાસી મેન્ડેરિન' ફળ કયા રાજ્યમાં જોવા મળે છે?

અ) કેરળ બ) ઉત્તર પ્રદેશ ક) ગુજરાત ડ) મેઘાલય

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ભીતર ધાંધલ મચી ગઈ છે' પંક્તિમાં ભીતર શબ્દનો અર્થ જણાવો.

અ) ગામ બ) ઓરડો ક) દિમાગ ડ) અંદર

### માઈન્ડ ગેમ

આજની તારીખમાં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ તરીકે જાણીતું શહેર અગાઉ કયા નામથી ઓળખાતું હતું એ જાણો છો?

અ) કાલિકટ બ) અલાહાબાદ ક) રેહમાન નગર ડ) પરવાના

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | ૨ | | ૯ | | ૫ | ૧ |
| ૬ | | ૧ | ૪ | | ૩ | ૮ | | ૭ |
| | | | | | | | | |
| | ૫ | ૬ | | ૩ | | ૧ | ૪ | |
| | | | ૧ | | ૫ | | | |
| | ૪ | ૩ | | ૨ | | ૯ | ૮ | |
| | | | | | | | | |
| ૪ | | ૯ | ૫ | | ૧ | ૨ | | ૮ |
| ૮ | ૬ | | ૭ | | ૨ | | ૧ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૮ | ૨ | ૬ | ૪ | ૭ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૫ | ૮ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૮ |
| ૩ | ૭ | ૨ | ૮ | ૯ | ૬ | ૧ | ૪ | ૫ |
| ૭ | ૯ | ૩ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૫ | ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૨ | ૬ | ૧ | ૫ | ૪ | ૯ | ૮ | ૭ | ૩ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ઘટ્ટ | THICK |
| ઘટા | TREES |
| ઘટાડો | DECREASE |
| ઘટસ્ફોટ | DIVORCE |
| ઘટિકા | TIME |

ગુજરાત મોરી મોરી રેઃ વરસાદ

ઓળખાણ પડી? પેર

માઈન્ડ ગેમ : ઔરંગાબાદ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ ઝાકળ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જયવંત પદમશી ચિખલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) ડાયના સંતોકે (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અરવિંદ કામદાર (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દેસાઈ (૩૫) પુષ્પા પટેલ (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) મહેશ દોશી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વિણા સંપટ (૪૧) અંતુલ સંપટ (૪૨) મહેશ શેઠ (૪૩) ફાલ્ગુની શેઠ (૪૪) ભામીની સંપટ

## સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ઓછા પાણીમાં ખેતી સાથે સ્વાસ્થ્યને સુધારે છે કોદરી!

કોદરી એક એવું ધાન્ય છે જેને આપ લાંબો સમય સુધી સાચવી શકો છો. સામાન્ય રીતે મોસમમાં બદલાવની અસર ઘરમાં સાચવીને રાખેલાં કઠોળ કે ધાન ઉપર પડતી હોય છે. તેમાં કીડા પડી જતાં હોય છે. કોદરી એક એવું ધાન્ય છે કે જે લાંબા સમય સુધી ખરાબ થતું નથી. તેને એક વર્ષ સુધી રાખો તો પણ તેમાં કીડા કે જીવાત જોવા મળતી નથી. કોદરીની બીજી ખાસ વાત એ છે કે કોદરીની ખેતી ઓછા પાણીમાં સરળતાથી થઈ શકે છે. કોદરીનો ઉપયોગ પ્રાચીનકાળથી થતો આવ્યો છે. તેને ઔષધી ગણવામાં આવે છે. પિત્ત-કફ, પાચન સંબંધિત તકલીફમાં અતિગુણકારી ગણવામાં આવે છે. તેનો છોડ ૬૦-૯૦ સે.મી ઊંચો થાય છે. તેના બીજ ચમકદાર, ગોળ રાઈના દાણા જેવાં નાના તેમ જ સફેદ કે આછા ભૂરા રંગના જોવા મળે છે.

કોદરીને ભારતની વિવિધ ભાષામાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે : જેમ કે તેનું વાનસ્પતિક નામ ‘પૈસપૈલેમ ક્રોબિક્યૂલેટમ’ છે. તો અંગ્રેજીમાં તેને કોદો મિલેટ કે રાઈસ ગ્રાસ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં કોદ્રવ તે કોરદૂષ, હિન્દીમાં કોદો કે કોદ્રા, ગુજરાતીમાં કોદરી કે મેન્યા, મરાઠીમાં હારિક કે કોદ્ર, બંગાળીમાં કોદોઆધાન, કન્નડમાં હરિકા, તમિળમાં વરાગુ કે વરાકુ, પંજાબીમાં કોદ્રા કે કોદોન, તેલુગુમાં અરિકલુ કે કીરારૂગા તરીકે ઓળખાય છે.

કોદરીમાં સારા પ્રમાણમાં વિટામિન, આયર્ન,



કૅલ્શ્યિમ, મેગ્નેશ્યિમ, તેમ જ ફાઈબર સમાયેલું હોય છે. એવું કહેવાય છે કે ભારતમાં કોદરી મૂળ આફ્રિકાથી આવી હતી. કોદરીની ખેતી ભારતમાં આશરે ૩ હજાર વર્ષ પહેલાથી થતી આવેલી જોવા મળે છે. વિશ્વનો ૯૦ ટકા કોદરીનો પાક ફક્ત ભારતમાં લેવામાં આવે છે. કોદરીની ખેતી ભારતનાં વિવિધ રાજ્યો જેવા કે ગુજરાત, કર્ણાટક, તમિળનાડુ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન તેમ જ ઉત્તર પ્રદેશમાં જોવા મળે છે. કોદરીનો પાક ખરાબ માટી કે ઓછા પાણીમાં સરળતાથી ઊગી નીકળે છે. જેથી તે પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે ઓળખાય છે. તેને પોષક તત્ત્વોનું પાવરહાઉસ ગણવામાં આવે છે.

## કોદરીની મસાલેદાર ખીચડી



**સામગ્રીઃ** ૩૦૦ ગ્રામ કોદરી, ૧૦૦ ગ્રામ મગની પીળી દાળ, ૧ વાટકી મિક્સ શાકભાજી (ફ્લાવર, વટાણા, ફણસી, ટમેટાં, બટાકા,) ૧ નંગ તમાલપત્ર, ૧ મોટો ટુકડો તજ, ૨ નંગ લવિંગ, ૩-૪ નંગ મરી, ૨ મોટી ચમચી વઘાર માટે ચોખ્ખું ઘી, ૧ નાની ચમચી રાઈ, ૨ નંગ લાલ આખા મરચાં, ચપટી હિંગ, ૧ નાની ચમચી ગરમ મસાલો, ૧ નાની ચમચી હળદર, ૧ મોટી ચમચી આદુંની કતરણ, સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ કોદરી-મગની દાળને બરાબર સાફ કરીને પાણીમાં ડૂબાડીને અડધો કલાક રાખવી. હવે કડાઈમાં ૧ ચમચી ઘી ગરમ કરવું. તેમાં રાઈ, આખા મરચાં, હિંગ, તમાલપત્ર નાખીને વઘાર તૈયાર કરવો. તેમાં મિક્સ શાકભાજી ભેળવવાં. તજ, લવિંગ, મરી ભેળવવાં. સ્વાદાનુસાર મીઠું, હળદર, ભેળવવાં. પલાળેલી કોદરી તેમ જ પલાળેલી મગની પીળી દાળ ઉમેરવી. આવશ્યક્તા મુજબ પાણી ઉમેરવું. ધીમા તાપે ખીચડી બનાવવી. ખીચડી તૈયાર થઈ જાય ત્યારબાદ તેમાં ગરમ મસાલો તેમ જ ઘી ભેળવીને બરાબર હલાવી લેવું. કોથમીરથી સજાવીને દહીં સાથે ગરમાગરમ પીરસવી.

## કોદરીના સ્વાસ્થ્યવર્ધક ગુણો જોઈ લઈએ

**હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારી :** કોદરીમાં ફાઈટિક એસિડ જેવા ગુણકારી ફાઈટોકેમિકલ સમાયેલાં છે જે કૉલેસ્ટ્રોલની માત્રાને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે. કોદરીમાં ચરબીની માત્રા ઓછી તથા ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. વળી તેમાં પર્યાપ્ત માત્રામાં મેગ્નેશ્યિમ હોય છે. જે બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે. બ્લડ પ્રેશર નિયંત્રણમાં રહે તો હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે છે. હૃદયમાં લોહી પૂરતાં પ્રમાણમાં પહોંચે છે. જે વ્યક્તિના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. કોદરીનું સેવન સપ્રમાણ માત્રામાં નિયમિત રીતે કરવાથી હૃદયનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ મળે છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** કોદરીમાં સારી માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે. તેથી કોદરીનું સેવન કરવાથી લાંબા સમય સુધી વ્યક્તિની ભૂખ સંતોષાયેલી રહે છે. કોદરી પૉલિફેનોલથી ભરપૂર ધાન્ય ગણાય છે. એક વાટકી કોદરીનું સેવન કર્યા બાદ વારંવાર ખાવાની ઈચ્છા કે તળેલું-ચટાકેદાર ખાવાની ઈચ્છા ધીમે ધીમે ઘટવા લાગે છે. જે લાંબા ગાળે વ્યક્તિને વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી બને છે. વળી પૌષ્ટિક ભોજન કર્યાનો સંતોષ મેળવી શકાય છે. તેથી જ તેને નાનું છતાં શક્તિશાળી ધાન્ય ગણવામાં આવે છે.

**ડાયાબિટીસમાં અતિલાભકારીઃ** કોદરીનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. તેનો અર્થ એવો થાય છે કે તે લોહીમાં ગ્લુકોઝની માત્રાને ધીમે ધીમે છોડે છે. સફેદ ચોખાની સરખામણીમાં કોદરીનું સેવન કરવાથી લોહીમાં શર્કરાની માત્રા અચાનક વધી જવાની સમસ્યાથી બચી શકાય છે. કેમ કે તેમાં શર્કરાની માત્રા ઓછી તથા પૉલિફિનોલ અધિક પ્રમાણમાં હોય છે. ઓછા ગ્લાઈસેમિક ઈન્ડેક્સવાળું અનાજ ડાયાબિટીસની સમસ્યામાં અતિલાભકારી ગણાય છે. લોહીમાં શર્કરાની માત્રામાં ઉતાર-ચઢાવ રહેતો હોય તેવાં દર્દીઓ માટે વરદાન સમાન ગણાય છે. ૨૦૨૨માં કરવામાં આવેલાં એક અભ્યાસ મુજબ કોદરીમાંથી બનેલી વિવિધ વાનગી જેવી કે ઈડલી-ઉપમા-પુલાવ ખાતા દર્દીઓનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ સફેદ ચોખાથી બનાવેલ વાનગી ખાતા દર્દીઓની તુલનામાં લગભગ ૬૦ ટકા ઓછો હતો.

**ઘાવ ભરવામાં લાભકારી :** કોદો માટે એવું કહેવાય છે કે તે કુદરતી રીતે જ લોહીનું શુધ્ધીરણ કરવામાં મદદ કરે છે. કોદરી એક એવું ધાન્ય છે જે શરીર ઉપર પડેલાં નાના-મોટાં ઘાવ ભરવામાં મદદરૂપ બને છે. કેમ કે કોદરીમાં રહેલાં પોષક તત્ત્વો એટલાં આરોગ્યવર્ધક છે કે તે કોદરીનું સેવન કરવાથી શરીરને પૂરતી માત્રામાં પોષણ મૂલ્યો મળી રહે છે. જેથી ઘાવ ઝડપથી ભરાઈ જવામાં મદદ મળી શકે છે.

**પાચન તંત્રમાં સુધારો થાય છે :** એવી માહિતી મળે છે કે કોદરીમાં ભાત તથા ઘઉંની સરખામણીમાં ત્રણ ગણું વધુ ફાઈબર સમાયેલું જોવા મળે છે. કોદરીનું સેવન નિયમિત કરવાથી પાચન તંત્ર સંબંધિત વિવિધ સમસ્યાથી રાહત મળે છે. કોદરીમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. ફાઈબરયુક્ત આહારનું સેવન કરવાથી પાચનતંત્ર મજબૂત બને છે. કબજિયાત કે વારંવાર પેટમાં ચૂક આવવાં જેવી તકલીફથી રાહત મેળવી શકાય છે. કોદરીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ફ્લેવોનોઈડસ્ સમાયેલું હોય છે. જે કુદરતી ડિટોક્સીફાયર ગણાય છે.

**લાંબા સમયથી પરેશાન કરતી બીમારીથી લડવામાં મદદરૂપ :** કોદરીમાં પોષક તત્ત્વોની સાથે ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા સમાયેલી છે. જેને કારણે વ્યક્તિના સપૂર્ણ સ્વાસ્થ્ય માટે લાભકારી ગણાવી શકાય છે. કોદરી એક એવું ધાન્ય છે કે જેના સેવનથી સેલ ડૅમેજથી થતાં નુકસાનને કારણે બનતી ફ્રી રેડિકલ્સથી લડતાં કેટલાંક પ્રકારના કૅન્સરના જોખમથી બચી શકાય છે.

**કિડની માટે ગુણકારી :** સામાન્ય રીતે કિડનીની સમસ્યા હોય તેમને માટે પોટેશ્યિમ કે ફોસ્ફરસની માત્રા વધુ હોય તેવાં ધાન્યને પ્રમાણભાન રાખીને ખાવાની સલાહ નિષ્ણાતો દ્વારા આપવામાં આવે છે. અન્ય મુખ્ય ખાદ્યપદાર્થોની તુલનામાં કોદરીમાં પોટેશ્યિમની માત્રા ઓછી હોય છે. ફાઈબરની માત્રા વધુ હોવાની સાથે યૂરિક એસિડ ઓછા પ્રમાણમાં બને છે. તેથી કોદરીનું સેવન કિડની સંબંધિત બીમારી ધરાવતાં લોકો માટે અતિલાભકારી ધાન્ય ગણાય છે.

કોદરીમાં બી-કૉમ્પ્લેક્સ, વિટામિન જેવાં કે નિયાસિન, બી-૬, ફૉલિક એસિડ, આયર્ન ઝિંક વગેરે સારા પ્રમાણમાં સમાયેલાં હોય છે. કોદરીમાં સમાયેલી આયર્નની માત્રા શરીરમાં શક્તિ જાળવી રાખે છે. ઍનિમિયાથી લડવાની શક્તિ પ્રદાન કરે છે.

કોદરીનો ઉપયોગ કરીને વિવિધ વ્યંજન બનાવી શકાય છે. જેમ કે કોદરીની ઈડલી, ઉપમા, ખીચડી, કોદરીની ખીર વગેરે. ■

## મોજની ખોજ

સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# શો-કેસમાં પડ્યા રહેશે બધા અવૉર્ડ ને ઘરના જ દાખલ કરશે એ-વોર્ડમાં!

‘સુભાષ અંકલ, આવતી એશિયન ગેમ્સમાં મારે શૂટિંગમાં ભાગ લેવો સ..ઈની પ્રેકટિશ માટે મારા બાપુની ભેત પર લટકતી બંદૂક જોઉં તો મને મન થાય ક હુયે ઘોડા પર તબડક તબડક કરતો શિકારે નેકળી પડુ.’ ચંબુ બોલ્યો

‘તો પછી નીકળતો કેમ નથી, કોણ રોકે છે? નીકળવું જોઈએને?’ મેં કીધું.

‘પણ પસી મારા બાપુજીનો પેલો ભાંગલો-તૂટલો પગ જોઉ સુ એટલે મન પાછુ પડ સ.’

‘ચંબુ, એમ મનને પાછું ન પડાય. હિંમત રાખવી પડે. મન પાછું પડે તો મેડલ પણ પાછો જાય. સમજ્યો? યુ નો

આ વખતે તો ભારતના ખેલાડીઓએ કેટલા મેડલ મેળવીને ઈતિહાસ સર્જ્યો.’

‘અરે, ઈમ તો હું પણ ધારું તો ઇતિહાસની હાથે હાથે ભૂગોળ ને વિજ્ઞાન સરજુ.’

‘તો કેમ સર્જતો નથી?’

‘કારણકે હું ધારતો જ નથી. અરે, જે ઘરમાં સગા બાપા જ સહકાર ન આપે તો બીજા તો શું આપે.’

‘શું થયું?’

‘થાય શું?. બન્યું એવું કે શૂટિંગમાં ધારેલું નિશાન સર કરવા ઘરની ભેત પર લટકતી બંદૂક હજી તો હાથમાં જ

લીધી ને એક આંખ બંધ કરી જેવી બાપાની આંખ સામે મેં ધરી તો બાપા તુર્તજ થરથર ધ્રૂજવા લાગ્યા. બાપા, ધ્રૂજો નઈ, સહકાર આપો. આ તો પ્રેકટિશ સ. જો ડર ગયા, સમઝો મર ગયા.’ મારામાં ગબ્બરે પ્રવેશ કર્યો.

‘અરે ડર ગયા વો મર ગયાવાળી. ચંબુડા, તું બંદૂક નીચે મૂકી દે.’ બાપુના ડોળા ફરતા ભમરડાની જેમ ચકરાવા લાગ્યા. આખલાની જેમ તેમના નાકના ભૂંગળા પણ ફૂલવા લાગ્યા.

‘અરે પણ બાપુ મારો તારગેટ છે કે આવતી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ...’ હજી બંદૂકના ઘોડા પર જ ચંબુની આંગળી હતી.

‘અરે ટોપા તારગેટ હોય, ચર્ચગેટ હોય, કે કોલગેટ હોય...’

બાપુનો અવાજ સરરર કરતો કાગળ ફાટતો હોય એવો થઈ ગયો.

‘અરે તું સૌથી પહેલાં બંદૂક પરથી આંગળી ઉઠાવી લે. સાલુ ભૂલથી ઘોડો દબાઈ ગયો ને સનનન કરતી ગોળી મારી આંખમાં ગઈ તો ટુથપેસ્ટની પેસ્ટની જેમ લબુક કરતો અંદરનો મસાલો બહાર આવી જાય ને હું આંખ વગરનો...’

‘સગા દીકરા માટે એક આંખનું બલિદાન ન આપી શકો? એક આંખ ભલે જાય પણ એક બચી એ વિચારો, જે ગયું એના કરતા જે બચ્યું એ વિચારો... થીંક પોઝિટિવ.’




AI

‘એ પોઝિટિવની સગલી. મારા લમણામાં જો ગોળી વાગી ને મારું એન્કાઉન્ટર થઇ જાય તો તારો બાપ પડે નીચે ને જાય ઉપર, સમજ્યો? હે મેરે લાલ, બંદૂક નીચે મૂકી દે, નઈતર કાલથી બંદૂકની જગ્યાએ તારા બાપુનો હારવાળો ફોટો લટકતો હશે.’ બાપુ રડવા જેવા થઈ ગયા.

‘અરે ફોટો લટકે તો લટકે. તમારે ક્યાં જોવો છે’ ચંબુ બંદૂક મુકતા બોલ્યો :

‘બાપા જેવા બાપા થઈને પોતાના દીકરાને પ્રોત્સાહન-સહકાર ન આપે તો આવા બાપા હોય તોયે શું ને ન હોય તોયે શું?. પાછા મને કહે ‘એક કામ કર ચંબુ, તું કુસ્તીમાં ભાગ લે. શૂટિંગમાં તો ક્યારેક નળી આપણી બાજુ આવી જાય તો કારણ વગર ફરજિયાત ગુજરી જવું પડે, સમજ્યો?’

‘બરાબર બાપુ, પણ મારું શરીર તો જુઓ, આ બોલપેન જેવી બોડીથી હું શું કુસ્તી લડવાનો.’

‘જો બેટા’ બાપુ બોલેલા ‘આ દેશ હવે કૃષિપ્રધાન નથી પણ કુસ્તીપ્રધાન છે. ઘરથી માંડી સંસદ સુધી બધા કુસ્તી જ લડે છે.’

‘પણ બાપુ’ તમને તો ખબર છે કે મી એકવાર ટી.વી.માં કુસ્તી જોયેલી તોય મારી છાતીમાં બે દિવસ દુખેલું એ યાદ સ? એ પસી તો હું જયારે જયારે ટી.વી. સામે કુસ્તી જોવા બેસતો ત્યારે ત્યારે આખા શરીરે હળદર-મીઠાના મીશ્રણવાળી પેસ્ટ ચોપડીને બેસતો. સાલું, ટીવીમાંથી કોઈ બહાર નીકળી આપણને ઠોકી દે તો...પ્લીઝ બાપુ, મને કુસ્તી માટે મજબૂર ન કરો.’

‘અરે મજબૂર નઈ મજબૂત થા, જો ડર ગયા સમજો મર ગયા.’ બાપુ બોલ્યા.

‘બા..પ..રે, બાપુએ તો મારાજ શબ્દોનું તીર બુમરિંગની જેમ છોડ્યું.’

‘અંકલ, હિંમત કરીને સોસાયટીની હરીફાઈમાં ભાગ લીધો ને અવૉર્ડ પણ મેળવી લીધો, કારણકે આ બોલપેનની

સામેવાલો હરીફ આખો થર્મોમીટર જેવો નીકળ્યો.’

‘વેરી ગુડ ચંબુ, બટ યુ નો? આ ધન, પદ, પ્રતિષ્ઠા ને અવૉર્ડ હોય પણ એ મેળવવા કેટલા કાવાદાવા કરવા પડે છે. ને અવૉર્ડ એટલે શું? અવૉર્ડ એટલે બીજાને પાડી દીધા, પછાડી દીધા, હરાવી દિધા ને બધાથી આગળ નીકળી ગયો. બીજા નબળા ને હું સબળો એનું પ્રૂફ. જે આપણાથી આગળ નીકળીને પહેલે નંબરે પહોંચે ને આપણો બીજો નંબર આવ્યો તો ખલાસ... આ સ્પર્ધા છે. ને સ્પર્ધા એ તો ઈર્ષાનું રૂપાળુ નામ છે. બીજો નંબર મળ્યો એના આનંદ કરતા પહેલાં નંબરની અદેખાઈ આવવાની.

અરે સાહેબ, ખાઈમાં પડેલો તો ક્યારેક બચે પણ અદેખાઈમાં પડેલો ...રામ રામ કરો, આ ફાસ્ટ લાઇફમાં કોઈને લાસ્ટ રહેવું જ નથી, બધામાં હું આગળ છું એ બતાવવા હેલ્થના ભોગે કેટકેટલી વેલ્થ ભેગી કરીએ છીએ. પછી એ જ વેલ્થના ભોગે પાછી હેલ્થ મેળવવા મરણીયા પ્રયત્નો કરીએ છીએ. અંતે બચે શું ને મળે શું? શકોરું. ખોટું ન લાગે તો સાચું કહું?. ઘરના શોકેસમાં પડેલા અવૉર્ડ એમને એમ પડ્યા રહેશે ને એક દિવસ ઘરના લોકો કોઈ હૉસ્પિટલમાં એ-વોર્ડમાં દાખલ કરશે ને ઈશ્વર ત્યાંથી જ તમને ...સમજી ગયાને? શું કહો છો? ■

## હેલ્થને હેમખેમ રાખો

મિતા બાવીસી
feedback@bombaysamachar.com

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

### આંખની પીડા

★ ત્રિફળા ચૂર્ણ ૧૦૦ ગ્રામ તથા વરિયાળી ૧૦૦ ગ્રામ મેળવી સવાર સાંજ ૧ ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દૃષ્ટિ વધે છે.

★ ક્યારેક આંખમાં દૂધ, કચરો, ચૂનો કે આંકડાનું દૂધ પડે તેથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.

★ આંખમાં ચૂનો કે એસિડ પડ્યું હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.

★ આંખ લાલ રહેતી હોય તો આંખમાં ઘી આંજવાથી રતાશ દૂર થાય છે.

★ રોજ તાજું માખણ ખાવાથી આંખનું તેજ વધે છે. આંખોની રતાશ અને બળતરા મટે છે.

★ આંખની બળતરામાં આંખની અંદર અને બહાર માખણ લગાડવાથી બળતરા મટે છે.

★ ધાણા, વરિયાળી અને સાકર સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી પાણી સાથે લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું, લાલ આંખ રહેવી, આંખે અંધારા આવવા જેવાં દર્દો મટે છે.

★ ધોળાં મરીને દહીંમાં અથવા મધમાં ઘસીને સવાર-સાંજ આંજવાથી રતાંધળાપણું મટે છે.

★ મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલદી પાકીને ફૂટી જાય છે.



★ બકરીના દૂધમાં લવિંગ ઘસીને આંખોમાં આંજવાથી રતાંધળાપણું મટે છે.

★ સાકર અને ઘી સાથે જીરાનું ચૂર્ણ ચાટવાથી રતાંધળાપણું મટે છે.

★ કાંદાના રસમાં થોડું મીઠું મેળવીને તેનાં ટીપાં આખમાં નાખવાથી રતાંધળાપણું મટે છે.

★ પાકાં ટામેટાંનો રસ સવાર-સાંજ પીવાથી આંધળાપણામાં ખૂબ ફાયદો થાય છે.

★ આંખમાં ચીપડા, બાઝતા હોય તો કાંદાના રસમાં સાકર, ખડી સાકર ઘસીને રાત્રે ૨-૨ ટીપાં આંખમાં નાખવાથી આરામ થાય છે.

★ સરગવાના પાનના રસમાં મધ મેળવી આંખમાં આંજવાથી આંખના દરેક પ્રકારના રોગો મટે છે. અને આંખનું તેજ વધે છે.

★ આંખમાં ઠંડા પાણીની છાલક દરરોજ સવાર-સાંજ મારવાથી આંખોની ગરમી દૂર થાય છે અને આંખનું તેજ વધે છે.

★ કોથમીરનો રસ કાઢી, ચોખ્ખા કપડાથી ગાળી, તેનાં બબ્બે ટીપાં આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે. ખીલ, ફૂલું, છારી વગેરે મટે છે. ચશ્માનાં નંબર ઊતરે છે.

★ મધ અને સરગવાનાં પાનનો રસ આંખમાં નાંખવાથી આંખના બધા રોગો મટે છે.

★ નાગરવેલના પાનનો રસ આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે.

★ જીરાનું ચૂર્ણ રોજ ફાંકવાથી આંખોની ગરમી ઓછી થાય છે.

★ ધાણાને પાણીમાં પલાળી રાખી, મસળી, ગાળી, તે પાણીથી આંખો ધોવાથી દુઃખતી આંખો સારી થાય છે.

★ શુદ્ધ મધ અને ખાખરાનો અર્ક સરખે ભાગે લઈ, બરાબર એકરસ કરી, બાટલીમાં ભરી રાખો, રોજ રાત્રે સૂતી વખતે બે-ત્રણ ટીપાં આંખમાં નાખવાથી ચશ્માનાં નંબર ઘટે છે.

★ અધકચરા ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળી, તે પાણી આંખમાં છાંટવાથી આંખોનું તેજ વધે છે.

★ સાકરને પાણીમાં ઘસી તે ઘસારો સવાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનાં ફૂલાં મટે છે, આંખ સ્વચ્છ થાય છે અને આંખોનું તેજ વધે છે.

★ આંખ આવેલી હોય તો લીંબુનો રસ, મધ, ફટકડી વાટી લગાડવાથી ઘણી રાહત થાય છે.

★ સફેદ કાંદાનો રસ મધમાં મેળવીને આંખમાં નાખવાથી દુઃખતી આંખ સારી થાય છે અને આંખનું તેજ વધે છે.

★ હળદર, ફટકડી અને આમલીનાં પાન સરખા પ્રમાણમાં લઈ, તેને વાટી, પોટલી કરી, ગરમ કરીને આંખે શેક કરવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.

★ સાકર અને તેનાથી ત્રણ ગણા ધાણા લઈ, બંનેનું ચૂર્ણ કરી, ઉકાળી, ઠંડુ થાય ત્યારે કપડાંથી ગાળી, બાટલીમાં ભરી લેવું. એ પાણી બબ્બે ટીપાં દરરોજ સવાર - સાંજ આંખમાં નાખવાથી દુઃખતી આંખો સારી થાય છે.

★ તેલ વગરની તુવેરની દાળ, પાણી સાથે પથ્થર પર ઘસી આંખમાં આંજવાથી આંખનું ફૂલું અને જાળું મટે છે.

★ જાયફળ પાણીમાં ઘસીને તેનો ઘસારો પાંપણ તથા આંખની આજુબાજુ ચોપડવાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો તે મટે છે અને આંખોનું તેજ વધે છે.

★ આંખમાં દાડમનો રસ નાખવાથી ચશ્માનાં નંબર ઊતરે છે.

★ દરરોજ સવાર-સાંજ ગુલાબજળનાં ટીપાં આંખોમાં નાખવાથી આંખોની લાલાશ તરત દૂર થાય છે.

★ મોતિયા-ઝામર, વેલ કે આંખના દુઃખાવામાં પેશાબનું અંજન કરવાથી મટી જાય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જાપાનની 'ગોલ્ડન ટી-૨૦ ટીમ'ની આજે લખનઊમાં વેસ્ટ ઈન્ડિઝ સામે કસોટી

લખનઊઃ શનિવારે જાપાનની એશિયન ગેમ્સની ફાઇનલમાં પાકિસ્તાનને પરાસ્ત કરીને ગોલ્ડ મેડલ જીતનાર શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળની ટી-૨૦ ટીમ આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) વેસ્ટ ઇન્ડિઝ સામે પાંચ ટી-૨૦ મૅચની સિરીઝની પ્રથમ મૅચ રમશે અને એમાં ભારતીય ટીમની કસોટી થશે.

### બન્ને દેશની સંભવિત પ્લેઇંગ ઇલેવન

ભારતઃ શ્રેયસ ઐયર (કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન/વૈભવ સૂર્યવંશી, ઇશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, શિવમ દુબે, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, મયંક યાદવ/પ્રિન્સ યાદવ અને અર્શદીપ સિંહ.

વેસ્ટ ઇન્ડિઝઃ શાઇ હોપ (કૅપ્ટન, વિકેટકીપર), કમિલ પૂરન, શિમરૉન હેટમાયર, રૉવમૅન પૉવેલ, શેરફેન રુધરફર્ડ, રોમારિયો શેફર્ડ, શમાર સ્પ્રિંગર, અકીલ હોસૈન, ગુડાકેશ મૉટી, શમાર જોસેફ અને મૅથ્યૂ ફૉર્ડ.

ઓપનિંગમાં અભિષેક શર્માના જોડીદાર તરીકે વૈભવ સૂર્યવંશીને જાળવી રાખવામાં આવશે કે વિકેટકીપર સંજુ સૅમસનને મોકો અપાશે એ જોવું રહ્યું.

કારણ એ છે કે જાપાનમાં વીવીએસ લક્ષ્મણ હેડ-કોચ હતો અને ત્યાંની બૅટિંગ માટેની મુશ્કેલ પિચને ધ્યાનમાં રાખીને ત્રણેયને (વર્લ્ડ નંબર-વન ટી-૨૦ બૅટ્સમૅન અભિષેક, વૈભવ અને સૅમસન)ને ટીમમાં રાખવામાં આવ્યા હતા. જોકે હવે કૅરિબિયનો સામેની સિરીઝથી ફરી ગૌતમ ગંભીર હેડ-કોચ છે અને તે એક જ ટીમમાં વૈભવ અને સૅમસન, બન્નેને રાખવાનું ઓછું પસંદ કરતો હોય છે.

પેસ આક્રમણમાં અર્શદીપ સિંહ અને શિવમ દુબેની સાથે મયંક યાદવ અને પ્રિન્સ યાદવમાંથી કોને રાખવા એ પણ ગંભીર માટે મુશ્કેલ નિર્ણય બનશે.

**પાંચ મૅચનું શેડ્યૂલ**

(૧) આજે પ્રથમ ટી-૨૦, લખનઊ (૨) શુક્રવાર, નવમી ઑક્ટોબરે બીજી ટી-૨૦, રાંચી (૩) રવિવાર, ૧૧મી ઑક્ટોબરે ત્રીજી ટી-૨૦, ઇન્દોર (૪) બુધવાર, ૧૪મી ઑક્ટોબરે ચોથી ટી-૨૦, હૈદરાબાદ (૫) શનિવાર, ૧૭મી ઑક્ટોબરે પાંચમી ટી-૨૦, બેંગ્લૂરુ. (દરેક મૅચ સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થશે) ■

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું નવું નાટક

# ભારતે માફી ન માગી એટલે લેજન્ડ્સ ટૂર્નામેન્ટમાંથી નીકળી ગયું!




શારજાહઃ અહીં રમાતી ટી-૨૦ની વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ) ટૂર્નામેન્ટમાં ડ્રામેબાજ પાકિસ્તાને નવું નાટક કર્યું છે અને ખોટી રીતે ભારતને જવાબદાર ગણાવીને આ ટૂર્નામેન્ટમાંથી નીકળી ગયું છે. પાકિસ્તાન ચૅમ્પિયન્સ ટીમમાં શાહિદ આફ્રિદી, સોહેલ તનવીર, મોહમ્મદ હાફીઝ, આસિફ અલી, વહાબ રિયાઝ, કામરાન અકમલ, મોહમ્મદ આમિર વગેરે ખેલાડીઓનો સમાવેશ હતો.

૨૦૨૫માં પહલગામમાં હિન્દુ પર્યટકો પરના આતંકવાદી હુમલાને પગલે ભારતે આ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનના ક્રિકેટરો સામે રમવાની ના પાડી હતી અને પાકિસ્તાન સામેની લીગ મૅચ તેમ જ સેમિ ફાઇનલ જતી કરી હતી. ભારતે દૃઢપણે એ પગલું ભરીને દુનિયાભરમાં પાકિસ્તાન અને એના ક્રિકેટ બોર્ડને ઉઘાડું પાડ્યું એનાથી સ્તબ્ધ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ આ વખતની ટૂર્નામેન્ટની શરૂઆત નાટક સાથે કરી. ટેક્નિકલ કારણસર પાકિસ્તાનની બાંગ્લાદેશ સામેની પ્રથમ મૅચ ન રમાઈ, પણ ત્યાર બાદ પીસીબીએ પોતાના ખેલાડીઓને ડબ્લ્યૂસીએલની આ વખતની ત્રીજી સીઝનમાં રમવા નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપ્યા પછી માગણી કરી કે ભારતે ગયા વર્ષે પાકિસ્તાન ટીમનો જે બહિષ્કાર કર્યો હતો એ બદલ ભારતીય ખેલાડીઓ માફી માગે તો જ પાકિસ્તાનની ટીમ આ વખતે રમવા તૈયાર છે.

જોકે ડબ્લ્યૂસીએલના મૅનેજમેન્ટે પીસીબીની માગણી ફગાવી દીધી એટલે પીસીબીએ પોતાની ટીમની આ ટૂર્નામેન્ટમાંથી બાદબાકી કરી નાખવાની જાણ આયોજકોને કરી દીધી હતી.

ગયા વર્ષની ડબ્લ્યૂસીએલમાં ભારતે સેમિ ફાઇનલ જતી કરી દેતાં પાકિસ્તાનને સીધો ફાઇનલમાં પ્રવેશ મળ્યો હતો અને ફાઇનલમાં પાકિસ્તાનને સાઉથ આફ્રિકાએ હરાવી દીધું હતું.

### આ વખતે ભારતનો પર્ફોર્મન્સ કેવો છે?

વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)ની ત્રીજી સીઝન ચાલી રહી છે. ઇન્ડિયા ચૅમ્પિયન્સે પ્રથમ મૅચમાં કૅપ્ટન યુવરાજ સિંહ (૭૧ રન, ૪૪ બૉલ, છ છગ્ગા, પાંચ ચોગ્ગા)ના મોટા યોગદાનની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૯૬ રન બનાવ્યા હતા. ઉસમાન ખ્વાજાની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સની ટીમ ૧૫૦ રનમાં આઉટ થઈ જતાં ભારતીય ટીમનો ૪૬ રનથી વિજય થયો હતો. ધવલ કુલકર્ણીએ ચાર, મોહિત શર્માએ ત્રણ, પીયૂષ ચાવલાએ બે તથા હરભજન સિંહે એક વિકેટ લીધી હતી. આ મૅચ બાદ એબી ડિવિલિયર્સના સુકાનમાં સાઉથ આફ્રિકા ચૅમ્પિયન્સે ક્રિસ ગેઇલના વેસ્ટ ઇન્ડિઝ ચૅમ્પિયન્સને અને રવિ બોપારાના ઇંગ્લૅન્ડ ચૅમ્પિયન્સે યુવરાજના ઇન્ડિયા ચૅમ્પિયન્સને હરાવ્યું હતું. પાકિસ્તાને પોતાની ટીમ પાછી ખેંચી લેતાં ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન્સ સામેની સોમવારની એની મૅચ રદ જાહેર કરાઈ હતી. હવે ઇન્ડિયા ચૅમ્પિયન્સની મૅચ છેક શનિવારે સાઉથ આફ્રિકા ચૅમ્પિયન્સ સામે રમાશે. ■

# ઑસ્ટ્રેલિયા-એ સામે હાર્દિકને બદલે રમશે મુંબઈનો સૂર્યાંશ શેડગે

પુડુચેરીઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા પગની ઈજાનો શિકાર થયો હોવાથી મંગળવારે અહીં ઑસ્ટ્રેલિયા-એ સામે શરૂ થનારી બિનસત્તાવાર વન-ડે સિરીઝ માટેની ઇન્ડિયા-એ ટીમમાં તેના સ્થાને મુંબઈના સૂર્યાંશ શેડગેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઋતુરાજ ગાયકવાડ આ ટીમનો કૅપ્ટન અને દેવદત્ત પડિક્કલ વાઇસ-કૅપ્ટન છે. ટીમમાં ખાસ કરીને પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ, સાઇ સુદર્શન, યશ ઠાકુરનો સમાવેશ છે. ■

# બૉલ સીધો બાઉન્ડરી લાઈનની બહાર પડ્યો તો પણ અમ્પાયરે સિક્સર ન આપી!

વૅનકુવરઃ કૅનેડામાં 'કૅનેડા સુપર૬૦' નામની ટી-૧૦ ક્રિકેટ ટૂર્નામેન્ટ ચાલી રહી છે જેમાં રવિવારે પ્રથમ સેમિ ફાઇનલમાં એક અજબ કિસ્સો બની ગયો. બોલરે ફેંકેલો બૉલ પિચ પર ટપ પડ્યા બાદ એટલો ઉછળ્યો હતો કે સીધો બાઉન્ડરી લાઈનની બહાર ગયો હતો, પરંતુ અમ્પાયરે એમાં સિક્સર નહોતી આપી. ક્રિકેટમાં ભાગ્યે જ જોવા મળતી હોય એવી એક ઘટનામાં અમેરિકાના ફાસ્ટ બોલર અલી ખાને વેસ્ટ ઈન્ડિઝના નિવૃત્ત બૅટ્સમૅન અને ટૉરન્ટો સિક્સર્સ ટીમના ખેલાડી કિરૉન પૉલાર્ડને બાઉન્સર ફેંક્યો હતો. આ બૉલ એટલો બધો શૉર્ટ પિચ્ડ હતો કે એમાં બૉલ ટપ પડ્યા પછી વિકેટકીપરના માથા પરથી સીધો બાઉન્ડરી લાઈનની બહાર ગયો હતો. બધા જોતા રહી ગયા હતા. ઘણાને લાગ્યું કે પૉલાર્ડના બૅટથી બૉલ ઘણો દૂર હતો તો પણ સીધો બાઉન્ડરીની બહાર કેવી રીતે પહોંચી ગયો? વાસ્તવમાં અલી ખાને પૉલાર્ડને ઉશ્કેરવા માટે જ આવો બૉલ ફેંક્યો હતો.

અમ્પાયરે મિસસૉગા માસ્ટર્સ નામની ટીમ વતી રમતા અલી ખાનના આ બૉલને વાઈડ જાહેર તો કર્યો હતો, પરંતુ ટપ પડ્યા પછી બૉલ સીધો બાઉન્ડરી લાઈનની બહાર પડ્યો એમ છતાં અમ્પાયરે એને વાઈડના એક રન ઉપરાંત ચાર બાય તરીકે જાહેર કર્યો હતો. ટૂંકમાં, ટૉરેન્ટો સિક્સર્સ ટીમને વધારાના પાંચ રન મળ્યા હતા.

**ક્રિકેટનો નિયમ શું છે?**

ક્રિકેટના કાયદાઓમાં એવો નિયમ છે કે કોઈ બૉલને જો બૅટ્સમૅનનું બેટ લાગ્યું હોય અને બૉલ સીધો બાઉન્ડરી લાઈનની બહાર ગયો હોય તો જ એમાં અમ્પાયર સિક્સર જાહેર કરી શકે. આ કિસ્સામાં અલી ખાને બેફામ ફેંકેલા બૉલને પૉલાર્ડના બૅટની કટ લાગવાની વાત તો દૂર રહી, એ બૉલ પૉલાર્ડથી ખૂબ ઊંચે દૂર હતો અને સીધો બાઉન્ડરીની બહાર પડ્યો હતો. એ રીતે અમ્પાયરે એને સિક્સર નહીં પણ 'ફોર બાય' જાહેર કર્યા હતા. વાઈડ બૉલનો એક રન ઉમેરીને ટૉરેન્ટો સિક્સર્સની ટીમમાં એક્સ્ટ્રા તરીકે કુલ પાંચ રન ઉમેરી દેવામાં આવ્યા હતા.

**મૅચમાં શું બન્યું, ફાઇનલ કોણ જીત્યું?**

ટૉરન્ટો સિક્સર્સ ટીમના પૉલાર્ડે માત્ર ૧૪ બૉલમાં ચાર છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી ૪૦ રન ઝૂડી કાઢ્યા હતા. આ ટીમે નિર્ધારિત ૧૦ ઓવરમાં ચાર વિકેટે ૧૩૦ રન બનાવ્યા હતા. મિસસૉગા માસ્ટર્સ ટીમ ૧૦ ઓવરમાં સાત વિકેટે ફક્ત ૧૨૧ રન બનાવી શકી હતી, ટૉરેન્ટોની ટીમનો નવ રનથી રોમાંચક વિજય થયો હતો અને આ ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં વૅનકુવર ઍન્કર્સે ત્રણ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. ટૉરન્ટો સિક્સર્સે ૧૦ ઓવરમાં ૧૭ રનની સરેરાશે પાંચ વિકેટે ૧૬૮ રન બનાવીને રોમાંચક વિજય મેળવી લીધો હતો અને ટ્રૉફી જીતી હતી. ■

# જાપાનમાં ૩૨ મેડલ જીતનાર હરિયાણાના ઍથ્લીટોનું સ્વાગત

ચંડીગઢઃ જાપાનની એશિયન ગેમ્સમાં ભારત કુલ ૮૫ ચંદ્રક જીત્યું જેમાંના ૩૨ મેડલ જીતનાર હરિયાણાના ઍથ્લીટોનું સોમવારે દિલ્હીના વિમાની મથકે રાજ્યના ખેલકૂદ પ્રધાન ગૌરવ ગૌતમ અને ખેલકૂદપ્રેમીઓએ શાનદાર સ્વાગત કર્યું હતું. હરિયાણાના ઍથ્લીટો જે ૩૨ ચંદ્રક જીતી લાવ્યા એમાં ૧૪ ગોલ્ડ મેડલ, નવ સિલ્વર મેડલ અને નવ બ્રૉન્ઝ મેડલનો સમાવેશ હતો. ઉલ્લેખનીય છે કે ભારત કુલ મળીને માત્ર ૨૧ ગોલ્ડ મેડલ જીત્યું જેમાંથી ૧૪ ગોલ્ડ દેશને હરિયાણાના ઍથ્લીટો અને ખેલાડીઓએ અપાવ્યા.

ભારત આ વખતની એશિયન ગેમ્સમાં ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રૉન્ઝ સહિત કુલ ૮૫ ચંદ્રક જીત્યું અને ગયા વખતની જેમ (૨૦૨૨ની એશિયન ગેમ્સની જેમ) ચોથા નંબરે રહ્યું હતું. ■

# નવા ચીફ સિલેક્ટર પ્રજ્ઞાન ઓઝાની કપરી કસોટી

## ન્યૂ ઝીલૅન્ડમાં રમાશે ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ સિરીઝઃ ૬૦ ક્રિકેટરના વિઝા તૈયાર

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને હમણાં ટીમ ઇન્ડિયા માટેની સિલેક્શન કમિટીનું અધ્યક્ષસ્થાન સોંપાયું છે જેમાં તેની આકરી કસોટી શરૂ થઈ રહી છે, કારણકે મંગળવારે અથવા બુધવારે પ્રજ્ઞાનની સમિતિએ ન્યૂ ઝીલૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટેની ત્રણેય ફૉર્મેટની તેમ જ ઇન્ડિયા-એ ટીમની જાહેરાત કરવાની છે.

બીસીસીઆઇએ આ લાંબી ટૂર માટે કુલ મળીને દેશના ૬૦ ક્રિકેટરો માટેના વિઝા તૈયાર કરી રાખ્યા છે. ■

## ગુજરાત

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પંડિત દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

આ પ્રદર્શનમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને પ્રદર્શનની મુલાકાતે આવેલાં નાગરિકો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે વિવિધ લોકલક્ષી યોજનાઓના માધ્યમથી તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ પ્રદર્શનમાં ગુજરાતના કૃષિ-પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના ક્ષેત્રોમાં થયેલી કામગીરીની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા, સમરસ છાત્રાલય યોજના સહિત નરેન્દ્રભાઈ દ્વારા ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શરૂ કરવામાં આવેલી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ રજૂ કરવામાં આવી છે. પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતેનું આ પ્રદર્શન તા. ૫ ઑક્ટોબર સુધી સવારે ૮ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. ■

# કડીમાંથી ગુમ થયેલી ચાર વર્ષની બાળકીને અજગર ગળી ગયાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કડી તાલુકાના થોળ ગામથી એક ખૂબ જ ચોંકાવનારી ઘટના બહાર આવી છે. અહીં ગામના એક ફાર્મહાઉસથી ગુમ થયેલી ચાર વર્ષની બાળકીના હાડપિંજરના અવશેષો, તેના ગુમ થયાના સાત દિવસ બાદ, ૨ ઓક્ટોબરના રોજ નજીકના ખેતરમાંથી મળી આવ્યા હતા. પોલીસને આશંકા છે કે અજગર જેવા કોઈ પ્રાણીએ કદાચ બાળકીને ગળી લીધી હશે અને બાદમાં તેના અવશેષો ઓકી નાખ્યા હશે. જોકે આ માત્ર આશંકા છે, સત્તાવાર માહિતી મેળવવા પોલીસ કામ કરી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. થોળના ઓએનજીસી રોડ પર આવેલા એક ફાર્મહાઉસ પરથી ૨૬ સપ્ટેમ્બરની સવારે પાયલ સિંઘડા ગુમ થઈ ગઈ હતી. બાળકીના પિતા મૃત્યુ પામ્યા છે અને માતા રાજસ્થાનથી અહીં ત્રણ દીકરી સાથે ખેતમજૂરી કરવા માટે આવી છે.

વારંવાર શોધખોળ કરવા છતાં બાળકીનો પત્તો ન લાગતાં પરિવારે પોલીસને જાણ કરી અને પોલીસે આ અંગે કેસ નોંધ્યો હતો. ■

# નવલા નોરતા પર મોંઘવારીનો મારઃ ચણિયાચોળી, એસેસરી, પાસના ભાવ વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રીનો તહેવાર નજીક આવી રહ્યો છે. માતાજીની આરાધના સાથે ગરબે ઘુમવા પણ લોકો થનગની રહ્યા છે. ગુજરાતમાં નવરાત્રી પર્વ સાથે કમાણીનો પણ અવસર બની ગયો છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત હવે નાના શહેરોમાં પણ પાર્ટી પ્લોટમાં ડીજેના તાલે ગરબાનું આયોજન કરવામાં આવે છે. જોકે ગરબાના પાસ સહિતની વસ્તુઓ પર મોંઘવારીનો માર પડી રહ્યો હોવાનું લોકો જણાવી રહ્યા છે.

નવરાત્રીના ચણિયાચોળી અને ઘરેણાઓ માટે ખૂબ જ પ્રખ્યાત અમદાવાદની લો ગાર્ડન માર્કેટમાં હાલમાં ગ્રાહકોની ભીડ જોવા મળે છે. જોકે મોટાભાગના ગ્રાહકો ભાવ સાંભળી ચોંકી જાય છે. અહીં વસ્તુઓ વેચતા લોકોના જણાવ્યા અનુસાર ગયા વખતે તે કપડા રૂ. ૨૦૦૦માં મળતા હતા તે આ વર્ષે ૩,૫૦૦ સુધી પહોંચી ગયા છે. ઘણી દુકાનોમાં એકલા કાપડા (બ્લાઉઝ)ના રૂ. ૧૦૦૦થી ૧૫૦૦ બોલાય છે. આખી પેર માટે લગભગ રૂ. ૪૦૦૦ આસપાસ ખર્ચવા પડે છે. લોકો નવ દિવસના અલગ અલગ કોસ્ચ્યુમ્સ ખરીદે છે તેની સાથે ઘરેણાં સહિતની ઘણી વસ્તુઓ પહેરતા હોય છે. આવી જ રીતે પાસ પણ દિવસદીઠ રૂ. ૩૦૦૦થી ૧૨,૦૦૦ સુધીમાં મળે છે. ઘણા નવરાત્રી ગ્રૂપમાં સ્પેશ્યલ પેકેજના નામે ખૂબ જ મોટી રકમ પણ ચાર્જ કરવામાં આવે છે. આ ઉપરાંત ખાણી-પીણી અને ટ્રાવેલિંગનો ખર્ચ પણ ઘણો થતો હોય છે. આટલા બધા ખર્ચ થતા હોવાથી એક યુવાવર્ગ એવો પણ છે જે શોખ અને ઈચ્છા પૂરી કરવા અને વીડિયો અને સેલ્ફી લેવા એકાદ દિવસ મોટા આયોજનોમાં જઈ આવે છે. જ્યારે ઘણા યુવાનો આજે પણ પોતાના ઘર કે ગલી આસપાસના ગરબામાં જવાનું પસંદ કરે છે, તેનું એક કારણ ખર્ચ પણ છે.

જોકે બીજી બાજુ નવરાત્રી દરમિયાન બહુ મોટા પ્રમાણમા રોજગારી ઊભી થાય છે અને વસ્તુઓનું વેચાણ થતું હોવાથી કારીગરો ખુશ થઈ જાય છે. તબલા વગાડવાવાળાથી માંડી પાણીની બોટલ વેચનારા સૌ કોઈ માટે નવરાત્રી સારી એવી કમાણીના દિવસો હોય છે. એક રેસ્ટૉરાં માલિકના જણાવ્યા અનુસાર આ દિવસોમાં કમાણીમાં ૩૦થી ૪૦ ટકાનો ઉછાળો આવે છે. ■

# લઘુમતી સમાજમુક્ત ગરબા માટે બજરંગ દળે નવરાત્રી આયોજકોને કરી તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રી જેમ જેમ નજીક આવે છે તેમ તેમ લઘુમતી સમાજનો ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ મામલે વિરોધ થઈ રહ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ વડોદરા ખાતે શહેર પોલીસ કમિશનરને મળ્યું હતું અને આવેદન આપ્યું હતું. તેમણે ગરબા આયોજનોમાં સુરક્ષા માટે યોગ્ય આયોજન કરવામાં આવે તેમજ ગરબા સ્થળોએ કોઈ અનિચ્છનીય કે ગેરકાયદે પ્રવૃત્તિ ન બને તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની માગ કરાઈ હતી. તેમણે માગણી કરી હતી કે લઘુમતી કે લવ જેહાદી તત્ત્વો ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ ન કરે તેની જવાબદારી આયોજકોની રહેશે. તેમણે લઘુમતી સમાજમુક્ત ગરબાના આયોજનની માગણી કરી હતી. ■

# મતદાનનો અધિકાર ખૂબ જ જોખમમાં છેઃ સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રોહિન્ટન ફલી નરીમનની ચૂંટણી પંચ અંગે ટિપ્પણી

રાજકોટઃ સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ રોહિન્ટન ફલી નરીમન ૪ ઓક્ટોબરના રોજ રાજકોટની મુલાકાતે આવ્યા હતા. તેઓ રાજકુમાર કોલેજમાં 'બંધારણ અને સામાન્ય માણસ' વિષય પર બોલી રહ્યા હતા, ત્યારે તેમણે ચૂંટણી પંચની કામગીરી અને મતદારોના મતાધિકાર અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'બંધારણનું હૃદય અને લોકશાહીનું હૃદય જે મતદાનનો અધિકાર છે, તે ખૂબ જ જોખમમાં છે.' પૂર્વ ન્યાયાધીશ નરીમને ચૂંટણી પંચની કામગીરી અંગે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે ગેરરીતિ કરતું ચૂંટણી પંચ ન હોઈ શકે. ચૂંટણી પંચની કામગીરી અંગેની ન્યાયિક તપાસ અને જવાબદારીના મુદ્દે સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમની માન્યતા અંગેનો કેસ વહેલી તકે નક્કી કરવો જોઈએ તેવી પણ તેમણે ટિપ્પણી કરી હતી.

તેમણે એસઆઈઆરની કામગીરીનો ઉલ્લેખ કરતાં દાવો કર્યો હતો કે આ પ્રક્રિયા દરમિયાન મોટા પ્રમાણમાં મતદારો મતાધિકારથી વંચિત રહ્યા છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં તેમણે આશરે ૯૦ લાખ મતદારો મતાધિકારથી વંચિત રહ્યા હોવાનો દાવો કર્યો હતો. ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયા અંગે પણ પૂર્વ જસ્ટિસ નરીમને ચિંતા વ્યક્ત કરી હતી. ચૂંટણી કમિશનરોની નિમણૂક સંપૂર્ણપણે તત્કાલીન સરકારના હાથમાં છોડી દેવામાં આવે તે બાબતને તેમણે 'રેડ ફ્લેગ' સમાન ગણાવી હતી. ■

# માતાના મઢ જતા પદયાત્રીઓની સેવા-સારવાર માટે જિલ્લાનું આરોગ્ય તંત્ર સજ્જઃ રૂટ પરનાં કેન્દ્રો ૨૪ કલાક ધમધમશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આગામી આસો નવરાત્રિ પર્વ નિમિત્તે કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શનાર્થે પગપાળા આવી રહેલા લાખો પદયાત્રીઓની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તેમજ આરોગ્ય તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. અમદાવાદ, રાજકોટ સહિત રાજ્યભરમાંથી તેમજ સ્થાનિક સ્તરેથી આવતા શ્રદ્ધાળુઓ માટે પદયાત્રાના તમામ મુખ્ય રૂટ પર આવેલાં સરકારી દવાખાનાઓને આજથી તા. ૧૧ ઓક્ટોબર સુધી અવિરત આરોગ્ય સેવાઓ આપવા એલર્ટ કરી દેવાયાં છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પદયાત્રા માર્ગ પર આવેલા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોમાં ઈમરજન્સી અકસ્માત સારવાર, જીવનજરૂરી દવાઓ તેમજ રેફરલ સર્વિસ માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. લાંબી પદયાત્રાના કારણે યાત્રાળુઓમાં પગમાં સોજા આવવા, ફોલ્લા પડવા, સ્નાયુ ખેંચાઈ જવા કે પગના તળિયામાં ઈજા થવાની વ્યાપક ફરિયાદો રહેતી હોવાથી જરૂર પડ્યે સંબંધિત આરોગ્ય કેન્દ્રો ખાતે નિષ્ણાત ફિઝિયોથેરાપિસ્ટની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જિલ્લા કલેક્ટર તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા વ્યવસ્થાઓની સમીક્ષા અર્થે રૂટ પરના દવાખાનાઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવશે.

યાત્રાળુઓની સુવિધા અર્થે કચ્છમાં પ્રવેશતા સામખિયાળી પીએચસીથી શરૂ કરીને ભચાઉ સીએચસી, ગાંધીધામ રામબાગ હોસ્પિટલ, અંજાર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, રતનાલ અને કુકમા પ્રાથમિક કેન્દ્રો, દુધઈ સીએચસી તેમજ ધાણેટી અને ચાંદરાણી કેન્દ્રો કાર્યરત રહેશે. જ્યારે ભુજ સિવિલ હોસ્પિટલથી આગળ દેશલપર (વાંઢાય), નખત્રાણા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, રવાપર, માતાના મઢ અને દયાપર પીએચસી સહિત તમામ વચ્ચે આવતા પેટા આરોગ્ય કેન્દ્રો ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક ધમધમતા રહેશે.

આ ઉપરાંત માંડવી તરફથી આવતા પદયાત્રીઓ માટે ગુંદિયાળી, માંડવી, ગઢશીશા, ગોધરા અને મંગવાણા તેમજ અમદાવાદ તરફથી આવતા માઇભક્તો માટે રાપર અને ગાગોદર તથા રાજકોટ માર્ગે ચિત્રોડ અને સામખિયાળી ખાતે તમામ પ્રકારની તબીબી સારવાર રાત-દિવસ ઉપલબ્ધ રહેશે. ■

# ગુજરાત હાઈ કોર્ટનાં ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ સુપ્રીમ કોર્ટનાં જજ બન્યાં

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટનાં ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલની સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયના ન્યાય વિભાગે ૫ ઓક્ટોબર જાહેરનામું બહાર પાડ્યું હતુ. નોટિફિકેશન અનુસાર, જસ્ટિસ સુનિતા અગ્રવાલ પોતાનો પદભાળ સંભાળશે તે તારીખથી સુપ્રીમ કોર્ટના જજ તરીકે કાર્યરત થશે. ગુજરાત હાઇ કોર્ટમાં તમામ જજીસ અને સરકારી વકીલોની ઉપસ્થિતિમાં જજ સુનીતા અગ્રવાલનો વિદાય સમારંભ યોજાયો હતો. સુનીતા અગ્રવાલ ત્રણ વર્ષ પહેલાં સોનિયા ગોકાણી બાદ ગુજરાત હાઇ કોર્ટના બીજાં મહિલા ચીફ જસ્ટિસ બન્યાં હતાં. ■

# વાહનચાલકે ત્રણ કારને હડફેટે લીધી, ટ્રાફિક પીએસઆઇએ પણ કર્યો અકસ્માત

અમદાવાદઃ શહેરમાં બે અલગ અલગ અકસ્માત થયા હતા. અમદાવાદમાં ગત રાત્રે ઇસ્કોન બ્રિજ અને સાબરમતીમાં એક-એક અકસ્માત થયા છે. જેમાં ઇસ્કોન બ્રિજ પાસે એક કારચાલકે ત્રણ કારને હડફેટે લીધી હતી ત્યારે સાબરમતીમાં ટ્રાફિક પીએસઆઈએ પણ કથિત રીતે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. રવિવારે મોડી રાત્રે પકવાન ચાર રસ્તા તરફથી બેફામ આવતી ફોરવ્હીલરના ચાલક હિમાંશુએ કાર પરનો કાબૂ ગુમાવતા કાર સર્વિસ રોડ પર પડેલી બીએમડબલ્યુ સહિતની ત્રણ કારને અથડાઈ હતી. અકસ્માત સીસીટીવીમાં કેદ થયો હતો. તો બીજી બાજુ અમદાવાદના ટ્રાફિકના પીએસઆઈ ભરત પંડ્યાએ કથિત નશાની હાલતમાં અકસ્માત કર્યો હતો. તેમના ડિકીમાંથી દારૂની બોટલ નીકળી હોવાના આક્ષેપો પણ થયા છે. ■

# ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક, સેન્સેક્સે ૪૭૩ પૉઈન્ટના સુધારા સાથે ફરી ૭૨,૦૦૦ની સપાટી અંકે કરી

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ ₹ ૪૬૯૯.૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત ગુરુવારે મોટી માત્રામાં વેચવાલી જોવા મળ્યા બાદ આજે વૈશ્વિક સ્તરે ક્રૂડ તેલની પુરવઠાસ્થિતિમાં સુધારો થવાના આશાવાદને ધ્યાનમાં લેતા રોકાણકારોની નીચા મથાળેથી લેવાલી નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૪૭૨.૭૭ પૉઈન્ટના સુધારા સાથે ફરી ૭૨,૦૦૦ની સપાટી અંકે કરી હતી, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૧૩૩.૮૦ પૉઈન્ટના સુધારા સાથે ૨૨,૫૦૦ની સપાટી પુનઃ અંકે કરી હતી. જોકે, ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૯૪૮૪.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ આજે તેઓની રૂ. ૧૫,૬૭૪.૬૧ કરોડની ખરીદી સામે રૂ. ૨૦,૩૭૩.૭૫ કરોડની વેચવાલી કરતાં વધુ રૂ. ૪૬૯૯.૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હોવાથી બૅન્ચમાર્કમાં સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૦,૪૯૨.૯૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૩૧૧.૩૧ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૫૧૮૧.૬૨ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત ગુરુવારના ૭૧,૯૦૯.૭૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૨,૩૪૦.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૧,૮૪૦.૧૮ અને ઉપરમાં ૭૨,૬૩૧.૯૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૬૬ ટકા અથવા તો ૪૭૨.૭૭ પૉઈન્ટના સુધારા સાથે ૭૨,૩૮૨.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત ગુરુવારના ૨૨,૪૨૧.૯૫ના બંધ સામે વધીને ૨૨,૫૩૨.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૩૯૭.૧૦ અને ઉપરમાં ૨૨,૬૨૧.૮૦ સુધી વધીને અંતે આગલા બંધ સામે ૦.૬૦ ટકા અથવા તો ૧૩૩.૮૦ પૉઈન્ટ વધીને ૨૨,૫૫૫.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત શુક્રવારે બજાર ગાંધી જયંતી નિમિત્તે બંધ રહી હતી.

એકંદરે આજે વિશ્વ બજારમાં ક્રૂડ તેલનાં પુરવઠા સંબંધી ચિંતા થોડી હળવી થઈ હોવાના નિર્દેશો સાથે બજારમાં મજબૂત બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને ક્રૂડ તેલના ભાવ ઘટીને બેરલદીઠ ૧૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી ફુગાવામાં વધારો થવાની ચિંતામાંથી રાહત મળતા સુધારો જોવા મળ્યો હતો. વધુમાં ગત શુક્રવારે અમેરિકાના રોજગારીનાં નોન ફાર્મ પૅ રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૭-૨૮ ઑક્ટોબરની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

તે જ પ્રમાણે મંતવ્ય આપતા જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે અમેરિકાનાં રોજગારીના ડેટા અપેક્ષા કરતાં નબળા આવવાની સાથે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલા ધીમા ઘટાડાને કારણે બજારમાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, હવે રોકાણકારોની નજર આજથી શરૂ થયેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની નાણાનીતિની સમીક્ષાની ત્રણ દિવસીય બેઠક પર સ્થિર થઈ છે. અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પાતળી થવાને કારણે ઊભરતી બજારોમાં વિદેશી રોકાણકારોની વેચવાલીનું દબાણ હળવું થવાના આશાવાદને કારણે આજે બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટૅક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૭૬૦ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૦૫૨ શૅરના ભાવ વધીને, ૨૪૪૮ શૅરના ભાવ ઘટીને અને ૨૬૦ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૪૪ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૨૦૭ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૦ શૅરના ભાવ વધીને અને ૧૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૪.૪૯ ટકાનો સુધારો આઈટીસીમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈટર્નલમાં ૨.૫૦ ટકાનો, ભારતી એરટેલમાં ૨.૩૮ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૨.૨૮ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૧૩ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૨.૧૧ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૩.૬૯ ટકાનો ઘટાડો એચસીએલ ટૅક્નોલૉજીસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચડીએફસી બૅન્કમાં ૧.૯૯ ટકાનો, સન ફાર્મામાં ૧.૫૫ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૫૦ ટકાનો, એશિયન પેઈન્ટસમાં ૧.૪૩ ટકાનો અને ટ્રેન્ટમાં ૦.૮૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈનાં સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૪૪ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૨.૧૦ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૧.૭૯ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૬૭ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૪૫ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૮૨ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે હોસ્પિટલ, હૅલ્થકૅર, આઈટી અને ઈન્સ્યોરન્સ સેક્ટરનાં ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી.

આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૦.૫૨ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૦૧.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન મિશ્ર વલણ જોવા મળી રહ્યું હોવાના અહેવાલ હતા.

# ડૉલર સામે રૂપિયો દસ પૈસા ગબડ્યો

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધારો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીનું દબાણ, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના બંધ સામે ૧૦ પૈસા નબળો પડીને ૯૬.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ગાંધી જયંતીની જાહેર રજા હોવાથી બજાર બંધ રહી હતી.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૯૬.૨૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૬.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૩૫ અને ઉપરમાં ૯૬.૨૦ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૦ પૈસા તૂટીને ૯૬.૩૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ગુરુવારે ડૉલર સામે રૂપિયો ૯૬ની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવીને ૯૬.૨૫ના મથાળે બંધ રહ્યો હતો.

જોકે, આજથી શરૂ થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ત્રણ દિવસીય નીતિવિષયક બેઠકમાં વ્યાજદર અંગે કેવો નિર્ણય લેવામાં આવશે તેની અનિશ્ચિતતા વચ્ચે સાવચેતીનો અભિગમ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, વિદેશી ફંડોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થઈને ૯૫.૯૫થી ૯૬.૫૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ રિઝર્વ બૅન્કે ફેબ્રુઆરી, ૨૦૨૩માં રિપોરેટ ૨૫ બેસિસ પૉઈન્ટ વધારીને ૬.૨૫ ટકા કર્યા હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન વ્યાજદર યથાવત્ રાખ્યા હતા અને ત્યાર બાદ ઘટાડો કરવામાં આવ્યો હતો. હાલમાં રિપોરેટ ૫.૨૫ની સપાટીએ છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૫ ટકા વધીને ૧૦૨.૧૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૨ ટકા વધીને બેરલદીઠ ૧૦૨.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૭૨.૭૭ પૉઈન્ટ અને ૧૩૩.૮૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. તેમ જ ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૪૮૪.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફેડરલ દ્વારા વ્યાજદર વધારાની શક્યતા નબળી પડતાં વિશ્વ બજાર પાછળ કોપરમાં સુધારો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા નબળી પડી હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને કોપરનાં ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એક માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો. આ સિવાય ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો અને બ્રાસ શીટ કટિંગ્સમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ત્રણ અને રૂ. બે વધી આવ્યા હતા. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં નિરસ માગ અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનાં દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એક થી ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૫૩૪૬, બ્રાસ શીટ કટિંગ્સનાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૦૦૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૯૯, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૪૬૪ અને રૂ. ૪૨૬, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૯૭ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૩૮૯ અને રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા.

# રેટકટની શક્યતા નબળી પડી છતાં ડૉલર મજબૂત રહેતાં વૈશ્વિક સોનામાં ધીમો સુધારો

# સ્થાનિકમાં ચાંદી ₹ ૩૩૨૮ ચમકી, સોનામાં ₹ ૬૦નો સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૭-૨૮ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડી હોવા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાને કારણે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૦.૬ ટકા જેટલો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ ૨.૨ ટકા જેટલા ઉછળી આવ્યાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩૨૮નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૩૨૮ના ચમકારા સાથે રૂ. ૨,૨૪,૧૫૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૭,૬૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૮,૧૯૮ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૧૬૫.૪૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૮ ટકા વધીને ૪૧૯૪.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૨ ટકા ઉછળીને ઔંસદીઠ ૬૧.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલના તબક્કે અમેરિકી સરકારના દેવાના વધી રહેલા સ્તરને ધ્યાનમાં લેતાં અમે સોનાના ભાવ દબાણ હેઠળ રહેવાની શક્યતા જાળવી રાખીએ છીએ, એમ યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત ઊંચા વ્યાજદરના પડકારો સામે પણ સોનામાં એકંદરે ભાવની સ્થિતિ સારી છે. નોંધનીય બાબત એ છે કે ગત ઑગસ્ટ મહિનામાં અમેરિકાનું દેવું વધીને સૌ પ્રથમ વખત ૪૦ ટ્રિલ્યનની સપાટીએ પહોંચ્યું હતું, જેને રાજકોષીય કટોકટીની સ્થિતિ ગણી શકાય.

આજે બજારની નજર આગામી દિવસોમાં જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની ગત સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર સ્થિર થઈ છે. જોકે, ગત શુક્રવારે જાહેર થયેલા અમેરિકાના રોજગારીના નોન ફાર્મ પૅ રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર રોકાણકારો આગામી ૨૭-૨૮ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા ૧૮ ટકા અને ડિસેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૯ ટકા શક્યતા મૂકી રહ્યા હતા. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

# ખાંડમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો

## તહેવારોને ટાંકણે ભાવ નિયંત્રણમાં રહે તેવી શક્યતાઃ આઈસ્ટા

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હતો. જેમાં ઉપલા મથાળેથી સ્મોલ ગ્રેડમાં રૂ. ૧૨ અને મિડિયમ ગ્રેડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તાજેતરમાં ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશનના અધ્યક્ષ પ્રફુલભાઈ વિઠ્ઠલાણીએ એક પ્રસાર માધ્યમને મુલાકાતમાં જણાવ્યું હતું કે ગત પહેલી ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમના આરંભે ૩૬ લાખ ટન ખાંડનો સ્ટોક હોવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. વધુમાં દિવાળીના તહેવારોના સમયગાળામાં ભાવની સ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે સરકારે ઑક્ટોબર મહિનાના પહેલા પખવાડિયા માટે ૧૩ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો છે અને એક લાખ ટન કાચી ખાંડની આયાતને ક્લિયરન્સ આપ્યું હોવાથી નિયંત્રણમુક્ત જેવી સ્થિતિ નિર્માણ થઈ છે. વધુમાં મહારાષ્ટ્રની ખાંડ મિલો વહેલાસર પિલાણ શરૂ કરે તેમ હોવાથી ભાવમાં વધારો થાય તેવી શક્યતા ન હોવાનું તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ વધીને રૂ. ૪૫૦૬થી ૪૬૦૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૪૬૨૦થી ૪૮૦૨માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૪૩૨૦થી ૪૩૭૦માં અને રૂ. ૪૪૦૦થી ૪૪૮૦માં ટકેલા ધોરણે થયા હતા.

# દેશી-આયાતી ખાદ્યતેલમાં ₹ ૧૦થી ૫૦નો ઘટાડો

## કાળા સમુદ્રનો માર્ગ વિક્ષેપિત થતાં સપ્ટેમ્બરમાં સનફ્લાવાર તેલની આયાત ૩૬ ટકા ઘટી, પામતેલની આયાત વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૩ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો નિરસ અને દેશી તેલનાં મથકો પરનાં નરમાઈના અહેવાલ સાથે આજે હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં એકમાત્ર સરસવના ભાવમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારાને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં રૂ. ૧૦થી ૫૦નો ઘટાડો આવ્યો હતો. જેમાં સન રિફાઈન્ડ, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૫૦ અને આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

તાજેતરમાં રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે કાળા સમુદ્રનો માર્ગ વિક્ષેપિત થવાથી ગત સપ્ટેમ્બર મહિનામાં દેશમાં ખાસ કરીને યુક્રેનથી આયાત થતાં સનફ્લાવર તેલની આયાત ૩૬ ટકાના ઘટાડા સાથે ચાર મહિનાના તળિયે અથવા તો એપ્રિલ, ૨૦૨૨ પછીની સૌથી નીચી ૧,૦૩,૦૦૦ ટનની સપાટીએ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, તેની સામે રિફાઈનરોએ પામોલિનની આયાત વધારતા આયાત ૩.૫૦ ટકા વધીને ૮.૧૦ લાખ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૫, મહેશ ઑઈલ રિફાઈનરીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૪થી ૧૪૩૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૫, સોયા રિફાઈન્ડના નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, રિલાયન્સ રિટેલના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને ઑક્ટોબર તથા નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૬૨૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૫૦થી ૧૬૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૨૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૬૫૦માં થયા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૭૦ના ઘટાડા સાથે રૂ. ૨૬૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૧૬૫૦માં થયાના અહેવાલ હતા.

# કૉલ ઈન્ડિયા દ્વારા જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન પાવર ક્ષેત્રનાં એકમોના પુરવઠામાં ૧૧ ટકાનો વધારો

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષનાં બીજા ત્રિમાસિકગાળામાં કોલસાનું ખનન કરતી જાહેર ક્ષેત્રની અગ્રણી કંપની કૉલ ઈન્ડિયા દ્વારા પાવર ક્ષેત્રના એકમોને પૂરા પાડવામાં આવતો કોલસાનો પુરવઠો ગત સાલના સમાનગાળાના ૧૩.૩૫૦ કરોડ ટન સામે ૧૧.૦૧ ટકા વધીને ૧૪.૮૨૦ કરોડ ટનની સપાટીએ રહ્યો હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું. કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું કે હવે તહેવારોનો સમયગાળો નજીક છે અને સામાન્યપણે આ સમયગાળામાં ઈલેક્ટ્રિસિટીની માગમાં વધારો થતો હોવાથી થર્મલ પાવર એકમોમાં કોલસાનો પર્યાપ્ત પુરવઠો ઉપલબ્ધ રહે તેમ જણાય છે. કૉલ ઈન્ડિયા દ્વારા વધુ પુરવઠો પૂરો પાડવામાં આવતા વર્તમાન નાણાકીય વર્ષના પહેલા છ મહિનામાં કંપનીના સ્ટોકમાંથી અંદાજે ૬.૩ કરોડ ટનનો સ્ટોક છૂટો થયો છે અને હાલમાં કંપની પાસે અંદાજે ૬.૭ કરોડ ટનનો સ્ટોક છે, જે આગામી મહિનાની પાવર ક્ષેત્રની માગ પૂરી પાડે એટલો પર્યાપ્ત હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. દેશમાં કોલસાના કુલ ઉત્પાદનમાં કૉલ ઈન્ડિયા લિ. ૮૦ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે. ગત સપ્ટેમ્બર મહિનામાં કંપનીની કોલસાની રવાનગી સપ્ટેમ્બર, ૨૦૨૫નાં ૫.૪૪ કરોડ ટન સામે ૧૨.૫૦ ટકા વધીને ૬.૧૨૦ કરોડ ટનની સપાટીએ રહી હતી.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ
નં. E.E. (M.) M.W./૩૨૮૬/મેઈન્ટ- તા. ૧-૧૦-૨૦૨૬
ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | **૨૦૨૬_MCGM_૧૩૪૧૮૯૧_૧** પ્રારંભ તા. ૫/૧૦/૨૬, સ. ૧૧ ક.થી છેલ્લી તા. ૧૨/૧૦/૨૬, સ. ૧૧ ક. સુધી | A.E. (M.) W.W. WS શહેર-II હેઠળ પાલીહીલ જળાશય નં. ૧ અને ૨ ખાતે જાળવણીની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સુરક્ષા વ્યવસ્થા માટે સંબંધિત કામો સાથે GRP પલટ્રૂડેડ ચેમ્બર કવર્સ, લેડર્સ અને પાવર લાઈન કોસ્ટરની ડીઝાઈન, સપ્લાય, ફેબ્રીકેશન & ઈન્સ્ટોલેશન |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

સહી/-
E.E. (M.) M.W.

PRO/1605/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (બ્રીજીસ)
નં. ચી.એ. / ૧૦૨૨૬ / બ્રીજીસ / તારીખ ૧-૧૦-૨૦૨૬
ઇ-બીડ નં. -૨૦૨૬ _MCGM_૧૩૪૨૧૩૮
ઈ-ટેન્ડર નોટીસ

**વિષયઃ** આર/સેન્ટ્રલ વોર્ડમાં WEH આગળ નેશનલ પાર્ક ફલાયઓવર તથા દત્તપાડા ફલાયઓવર પર સંલગ્ન કામ સાથે W-મેટલ બીમ ક્રેશ બેરીયરનું ઈન્સ્ટોલેશન.

**સંદર્ભઃ ઇ-બીડ નં. -2026 _MCGM_1342138**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) પ્રતિષ્ઠિત, મલ્ટિ. ડીસીપ્લીનરી એન્જિનિયરિંગ સંસ્થાઓ એટલે કે પ્રતિષ્ઠિત પેઢી, પ્રોપરાઇટરી / ભાગીદારી પેઢીઓ / પ્રા. લી. કું. / પબ્લિક લી. કું. / ભારતીય કંપની ધારા ૨૦૧૩ હેઠળ નોંધાયેલ કું. **કલાસ-II અને વધુમાં નવી નોંધણી મુજબ જેઓ બ્લેક લિસ્ટેડ છે અથવા જેમની સામે FIR દાખલ કરવામાં આવી છે તેઓને બાદ કરતા)**માં બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) જોડે નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી અને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર / અર્ધ સહકારી સંસ્થાઓ / કેન્દ્ર કે રાજ્ય સરકાર જાહેર જેની સમકક્ષ અથવા વધુ કામનો અનુભવ પાસેથી દર્શાવેલા કામો માટે કોન્ટ્રેકટરોની નિમણૂંક કરવા ઈ-ટેન્ડરો મંગાવે છે, એવી શરતને આધીન પરવાનગી અપાશે કે કોન્ટ્રેકટરો જેઓ BMC સાથે રજીસ્ટર્ડ નથી તેમણે કોન્ટ્રેકટની એવોર્ડથી ત્રણ મહિનાની સમય મુદતમાં તેમની પેઢીની નોંધણી માટે અરજી કરવી જોઈશે, નહીંતર તેમની બીડ સેકયોરિટી એટલે કે બા.ર.ડી. (બાના રકમ ડિપોજિટ) જપ્ત કરાશે / રીકવર કરાશે વસૂલ કરવામાં આવશે અને કોન્ટ્રાકટની કિંમતના ૦.૧% દંડ અથવા રૂા. ૧૦,૦૦૦/- બે માંથી જે વધુ હશે તે એક્ઝિકયુટીંગ વિભાગ દ્વારા કોન્ટ્રાકટરની ચુકવણી / બિલમાંથી વસૂલ કરવામાં આવશે / કાપવામાં આવશે. બિડિંગ પ્રક્રિયામાં ત્રણ તબક્કાનો સમાવેશ થશે. **સંયુક્ત સાહસને મંજૂરી નથી.**

| કામનું નામ અને સ્થળ | કોન્ટ્રાક્ટ મુદત | અંદાજિત કિંમત | બાના રકમ ડિપોઝીટ (INR) | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| આર/સેન્ટ્રલ વોર્ડમાં WEH આગળ નેશનલ પાર્ક ફલાયઓવર તથા દત્તપાડા ફલાયઓવર પર સંલગ્ન કામ સાથે W-મેટલ બીમ ક્રેશ બેરીયરનું ઈન્સ્ટોલેશન | ૬ મહિના (ચોમાસા સહિત) | રૂા. ૫,૭૬,૭૯,૦૩૦/- | રૂા. ૫,૭૬,૭૯૧/- | રૂા. ૧૯,૯૬૫/- + ૧૮ % GST |

| | |
|---|---|
| ટેન્ડરની ઈસ્યૂ કરવાની તારીખ શરૂઆત તારીખ | ૬/૧૦/૨૬ના ૧૧.૦૦ કલાકથી. |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૨૬/૧૦/૨૬ના ૧૨.૦૦ કલાક સુધી |
| ઈ-ટેન્ડર ઓનલાઈન સુપ્રતિ | ૨૬/૧૦/૨૬ના ૧૬.૦૦ કલાક સુધી |
| સંપર્ક ઈ-મેલ | dychebridgesws@gmail.com |

ટેન્ડરની નકલ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર) (http://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
ડે. ચીફ એન્જિનિયર (બ્રીજીસ)

PRO/1596/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

# ૧૬ ઓક્ટોબરથી મહારાષ્ટ્રમાં ૧૦ ટકા પાણીકાપ

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે સોમવારે જણાવ્યું હતું કે અપૂરતા વરસાદને ધ્યાનમાં રાખીને, ૧૬ ઓક્ટોબરથી તમામ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓમાં ઓછામાં ઓછો ૧૦ ટકા પાણીકાપ મૂકવામાં આવશે.

રાજ્યના જળ સંસાધન પ્રધાન ગિરીશ મહાજને જણાવ્યું હતું કે, 'અલ નીનો'ની અસર અને દુષ્કાળ જેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમના વિભાગે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીના ઉપલબ્ધ જળ ભંડારનું ડેમ-વાર અને ઉપયોગ-વાર આયોજન કર્યું છે.

''પીવાના પાણીને પ્રાથમિકતા આપવામાં આવશે. તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોને ૧૬ ઓક્ટોબરથી પાણીના પુરવઠામાં ૧૦ ટકાનો કાપ મૂકવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે,'' તેમ મહાજને એક નિવેદનમાં જણાવ્યું હતું.

સરકારે સ્થાનિક સંસ્થાઓને પાણીનું લીકેજ અટકાવવા અને ગંદા પાણીના શુદ્ધીકરણ પ્લાન્ટ (સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ને સંપૂર્ણ ક્ષમતા સાથે ચલાવવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવા પણ નિર્દેશ આપ્યો છે. શુદ્ધ કરાયેલા ગંદા પાણીનો ઉપયોગ બાગકામ, બાંધકામ અને સફાઈ જેવી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે. નિવેદન અનુસાર, ઉદ્યોગોને તેમના દ્વારા વપરાતા પાણીના ઓછામાં ઓછા ૩૦ ટકા પાણીનો પુનઃઉપયોગ અથવા રિસાઇકલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. મહાજને નાગરિકો અને સરકારી એજન્સીઓને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું કે જળ સંસાધન, મહેસૂલ, કૃષિ, ઉદ્યોગ અને શહેરી વિકાસ વિભાગો આ પરિસ્થિતિનો સામનો કરવા માટે પરસ્પર સંકલન સાધીને કામ કરી રહ્યા છે. (પીટીઆઈ)■

# એસઆઈઆર પ્રક્રિયા પર રોક લગાવવાનો હાઈ કોર્ટનો ઈનકાર

## સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પેન્ડિંગ હોવાનું કારણ આપ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા એટલે કે એસઆઈઆર હેઠળ મતદારોના નામ કાપવા પર તાત્કાલિક રોક લગાવવાનો બોમ્બે હાઈકોર્ટે સોમવારે ઈનકાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ મહેશચંદ્ર ત્રિપાઠી અને ન્યાયમૂર્તિ અદ્વૈત સેઠનાની ખંડપીઠે જણાવ્યું હતું કે એસઆઈઆર સંબંધિત મામલા સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે, તેથી સમાન મુદ્દે એક સાથે કાર્યવાહી કરવી યોગ્ય નહીં ગણાય.

આ મામલો વંચિત બહુજન આઘાડીના યુવા વિભાગના પ્રમુખ સાગર (જુઓ પાનું ૪) ▸▸

### પાત્ર મતદાર બહાર ન રહી જાયઃ બોમ્બે હાઈ કોર્ટ

પણજીઃ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી નામ બહાર થયેલા મતદારો 'કેચ-૨૨' જેવી સ્થિતિમાં ફસાઈ રહ્યા હોવાનું બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચે નોંધ્યું છે. જસ્ટિસ વાલ્મિકી મેનેઝેસ અને જસ્ટિસ અમિત જામસાંડેકરે ભારપૂર્વક (જુઓ પાનું ૪) ▸▸

# દેવેન્દ્ર ફડણવીસે ૨૦૨૭ને 'મેટ્રો વર્ષ' જાહેર કર્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૨૦૨૭ને 'મેટ્રો વર્ષ' તરીકે જાહેર કરવાની દિશામાં કામ ઝડપી કરવા અધિકારીઓને સૂચના આપી છે. ૨૦૨૭ દરમિયાન ઓછામાં ઓછા ૭૦ કિલોમીટર મેટ્રો અને એલિવેટેડ કોરિડોરનું કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે યોજાયેલી મુખ્ય પ્રધાન વોર રૂમની બેઠકમાં રાજ્યના વિવિધ માળખાકીય પ્રોજેક્ટોની સમીક્ષા દરમિયાન ફડણવીસે આ નિર્દેશો આપ્યા હતા. ફડણવીસે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થનારી મેટ્રો કોરિડોરની લંબાઈનો લક્ષ્યાંક પણ વધારવાના આદેશ આપ્યા છે. હાલ ૩૬ કિલોમીટરનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, કામની ગતિ વધારીને ૫૦ કિલોમીટર સુધી લઈ જવાની સૂચના પણ આપવામાં આવી છે. તેમણે માળખાકીય પ્રોજેક્ટોમાં ઓછામાં ઓછું ૫૦ ટકા કામ યાંત્રિક પદ્ધતિથી કરાવવા અને કુશળ કામદારોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના પણ આદેશ આપ્યા હતા.

મેટ્રો લાઈન ૨બીના ડી.એન. નગરથી ચેમ્બુર વચ્ચે જુહૂ સર્કલ નજીક ગર્ડરનું કામ પૂર્ણ કરવા જરૂર પડે તો રવિવારે ૧૨ કલાકનો વિશેષ રોડ બ્લોક રાખવાની યોજના (જુઓ પાનું ૪) ▸▸



# આણિક ડેપોમાં આગઃ ૧૦ મિડી સીએનજી બસને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના આણિક બસ ડેપોમાં સોમવારે સાંજે પાર્ક કરવામાં આવેલી સીએનજીની બસમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગને કારણે બસમાંથી નીકળતા કાળા ધુમાડા દૂર દૂર સુધી દેખાતા હતા. આગમાં ભાડા પર લીધેલી ડાગા ગ્રૂપની ૧૦ બસ બળીને ખાખ થઈ ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ આ ઘટનામાં કોઈને ઈજા થયાના અહેવાલ નથી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાઈ આવ્યું હતું. બેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સાયનના પ્રતીક્ષા નગરના આણિક ડેપોમાં સોમવારે સાંજે ૫.૪૫ વાગ્યે આગ લાગી હતી અને તેમાં હારબંધ ઊભેલી કેટલીક સીએનજી સંચાલિત બસો આગની ઝપેટમાં આવી ગઈ હતી. આગ લાગ્યા બાદ બેસ્ટના કર્મચારીઓએ તરત ડેપોમાં રહેલી બીજી બસોને (જુઓ પાનું ૪) ▸▸

# લોકોને છેતરવા બોગસ એપીકે ફાઈલ બનાવનારો એમપીનો સોફ્ટવેર ડેવલપર પોલીસના સકંજામાં

## આરોપીએ બનાવેલી ૨,૮૦૫ ફાઈલથી સાયબર ગુનેગારોની ૯,૬૭૩ લોકો સાથે ૧૫.૭૫ કરોડની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સિનિયર સિટિઝનો સહિત અન્યોને છેતરવા માટે બોગસ એપીકે ફાઇલ બનાવનારા મધ્ય પ્રદેશના સોફ્ટવેર ડેવલપરની મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલે ધરપકડ કરી હતી. આરોપીએ ૨,૮૦૫ એપીકે ફાઇલ ડેવલપ કરીને તે સાયબર ગુનેગારોને વેચી હતી, જેના દ્વારા તેમણે ભારતમાં કુલ ૯,૬૭૩ લોકો સાથે ૧૫.૭૫ કરોડ રૂપિયાની ઠગાઇ આચરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રોપર્ટી સેલના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીની ઓળખ પંકજ ગુપ્તા (૩૫) તરીકે થઇ હતી. આરોપીની મધ્ય પ્રદેશમાં આવેલી ઓફિસમાં પોલીસ ટીમે રેઇડ પાડી હતી અને ત્યાંથી પેન ડ્રાઇવ, હાર્ડડિસ્ક, વાય-ફાય રાઉટર અને ત્રણ મોબાઇલ જપ્ત કરાયા હતા.

ભાયખલા વિસ્તારમાં રહેનારા ૭૨ વર્ષના વૃદ્ધને ૧૩ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ અજાણી વ્યક્તિએ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ રાષ્ટ્રીયકૃત બૅંકના સિનિયર મેનેજર દિનેશ કુમાર તરીકે આપી હતી. સિનિયર સિટિઝન કાર્ડ બનાવી આપવાનું જણાવીને તેણે વૃદ્ધનો વિશ્વાસ સંપાદન કર્યો હતો અને તેના વ્હૉટ્સઍપ પર એપીકે ફાઇલ પાઠવી હતી અને બૅંકના ડેબિટ કાર્ડની માહિતી ભરવા માટે ફરજ (જુઓ પાનું ૪) ▸▸

# દિવાળીમાં ખેડૂતોને સહાય આપવાની ખાતરી

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન પંકજા મુંડેએ તેમના ગૃહ જિલ્લા બીડના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોને ખાતરી આપી છે કે દેવેન્દ્ર ફડણવીસ સરકાર તેમની દિવાળીમાં મદદરૂપ થશે.આ સાથે તેમણે ઓછા વરસાદને કારણે થયેલા પાકના નુકસાન વચ્ચે વધુ સહાયનો સંકેત આપ્યો છે. મુંડે બીડના અછતગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યાં હતાં. રાજ્ય સરકારે જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓ દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. રવિવારે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુંડેએ જણાવ્યું હતું કે 'રાજ્ય સરકારે પહેલાથી જ ૩૨,૦૦૦ કરોડ રૂપિયાની પાક લોન માફીની જાહેરાત કરી દીધી છે. પહેલી વાર, રાજ્ય સરકારે ખેડૂત માટે વળતરની ગણતરી કરવા માટે નિર્ધારિત ફોર્મ્યુલા કરતાં વધુ વળતરની જાહેરાત કરી છે. મુખ્ય પ્રધાન ફડણવીસ ખેડૂતો માટે દિવાળીની મોસમને મીઠી મધુર બનાવવા માટે તૈયાર છે.' મોસમી વરસાદના અભાવે સોયાબીન જેવા પાકોના વાવેતર પર અસર પડી છે, ખેડૂતોનો દાવો છે કે પાક સંપૂર્ણપણે નુકસાન પામ્યો છે અને ઊપજ નોંધપાત્ર રીતે ઓછી થશે. મહારાષ્ટ્ર સરકારે અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અનેક પગલાંની જાહેરાત કરી છે, જેમાં મોટાભાગના તાલુકાઓમાં દુષ્કાળની જાહેરાતનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

# ફિલ્મસિટીમાં આગઃ જાનહાનિ નહીં

## ધોની અને બાદશાહને બચાવી લેવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામમાં આવેલી ફિલ્મ સિટીમાં સોમવારે સાંજે એક કામચલાઉ માળખામાં આગ લાગતા ખળભળાટ મચી ગયો હતો. આગમાં માળખું બળીને ખાખ થઈ ગયું હતું. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નહોતી પણ આગ લાગી ત્યારે તે પરિસરમાં અન્ય સેટ પર શૂટિંગ ચાલી રહ્યા હતા, તેને રોકવામાં આવ્યા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ આ આગ બપોરે લગભગ ચાર વાગ્યે પ્રાઈમ ફોકસ સ્ટુડિયોની પાછળ આવેલા માળખામાં લાગી હતી, ત્યારબાદ મુંબઈ ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીઓને તાત્કાલિક કામે લગાડવામાં આવી હતી. એક કલાકથી વધુ સમયની જહેમત બાદ સાંજે ૪.૫૫ વાગ્યે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

મળેલ માહિતી અનુસાર જ્યાં આગ લાગી હતી તેની એકદમ નજીક 'એમટીવી હસલ'નું ગ્રાન્ડ ફિનાલેનું શૂટિંગ ચાલી રહ્યું હતું અને શૂટ માટે રૅપર બાદશાહ સેટ પર આવ્યો (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં અધિકૃત બેનર્સ પર ક્યુઆરકોડ ફરજિયાત

### લાઈસન્સ વગર બોર્ડ લગાડનારા પ્રિન્ટર્સ અને એજન્સીને બ્લેક લિસ્ટ કરાશે
### મુંબઈના ગેરકાયદે બેનરો, હૉર્ડિંગ્સ સામે બીએમસીની ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મહત્ત્વના સ્થળોએ ઠેર ઠેર લાગેલા ગેરકાયદેસર હોર્ડિંગ્સ અને બેનરોથી મુંબઈને કદરૂપી બનાવતી રોકવા, મુંબઈનું સૌંદર્યીકરણ જાળવી રાખવા અને પર્યાવરણના સંરક્ષણ માટે મુંબઈમાં ફ્લેક્સમુક્ત મુંબઈ ત્રણસો પાંસઠ દિવસ નામે ઝુંબેશ હાથ ધરવામાં આવવાની છે, જે અંતર્ગત પીવીસી ફ્લેક્સ, બેનર, પોસ્ટર અને સ્ટિકર વિરોધમાં 'ઝિરો ટૉલરન્સ' પૉલિસી અમલમાં મૂકવામાં આવવાની છે. તેમ જ હવેથી પાલિકાએ મંજૂરી આપેલી અધિકૃત જાહેરાત પર લાઈસન્સ નંબર, પ્રિન્ટરનું નામ અને અધિકૃત ક્યૂઆર કોડ છાપવાનું ફરજિયાત રહેશે. ક્યૂઆર કોડ નહીં ધરાવતા ફ્લક, બેનર્સ, પોસ્ટરને ગેરકાયદે ગણીને તેને તાત્કાલિક જપ્ત કરવામાં આવશે.

મુંબઈના મેયર રિતુ તાવડેની સંકલ્પનાથી મુંબઈમાં અનધિકૃત ફ્લેક્સ વિરોધમાં વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવવાની છે. સાર્વજનિક હિત અને પર્યાવરણ સંવર્ધનની ઝુંબેશને સર્વપક્ષીય સમર્થન મળે તે માટે મેયર તમામ રાજકીય પક્ષોના પ્રમુખ અને નેતાઓને પત્ર પણ લખવાના છે. ગેરકાયદે બેનર્સ, ફલક ન બેસાડવા માટે તમામ નેતા અને પદાધિકારી, કાર્યકતા તથા નાગરિકોને મેયર અપીલ પણ કરવાના છે. આ પૉલિસીને તાત્કાલિક અમલમાં લાવવા માટે મેયરની અધ્યક્ષતામાં પ્રશાસન સાથે એક બેઠક પણ થવાની છે. આ ઝુંબેશ હેઠળ તમામ રાજકીય પક્ષોને સહકાર્ય કરવાની અપીલ કરવામાં આવવાની છે. તેમ જ મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્ર માલમતા વિદ્રુપીકરણ પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આવશ્યકતા જણાય ત્યાં પોલીસમાં એફઆઈઆર પણ નોંધવામાં આવશે.

આ દરમ્યાના પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પાલિકા પાસેથી કાયદાકીય રીતે મંજૂરી લીધેલી અધિકૃત જાહેરાત પર લાઈસન્સ નંબર, મુદત, પ્રિન્ટરનું નામ અને અધિકૃત 'ક્યૂઆર કોડ' છાપવો ફરજિયાત રહેશે. વિજિલન્સ ટીમ અથવા સામાન્ય નાગરિક આ ક્યૂઆર કોડ સ્કેન કરીને (જુઓ પાનું ૪) ▸▸

### ૭૨ કલાકમાં ફરિયાદ નિવારણ અને વોર્ડવાર ડેશબોર્ડ

મુંબઈના નાગરિકો અનધિકૃત હોર્ડિંગ્સની ફરિયાદ કરવા માટે મહાનગરપાલિકાની ૧૯૧૬ હેલ્પલાઇન, સત્તાવાર વેબસાઇટનો ઉપયોગ કરી શકે છે. મળેલી ફરિયાદો પર વધુમાં વધુ ૭૨ કલાકમાં કાર્યવાહી કરવાની રહેશે. દરેક વોર્ડમાં કરવામાં આવેલી કાર્યવાહી, વસૂલવામાં આવેલા દંડ અને નોંધાયેલા ગુનાઓનો સાપ્તાહિક ડેશબોર્ડ માનનીય મેયરને સુપરત કરવામાં આવશે.

### ગેરકાયદે બેનરો, હૉર્ડિંગ્સ લગાવનારા સામે કેસ દાખલ કરોઃ ભાજપ

મુંબઈઃ ભાજપ પ્રમુખ અને વિધાનસભ્ય અમિત સાટમે મેયર રીતુ તાવડેને પત્ર લખીને વ્યાપક નીતિ બનાવવાની અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે. મેયરને લખવામાં આવેલા પત્રમાં ભાજપ પ્રમુખે હાઈ કોર્ટના નિર્દેશોનું સતત થઈ રહેલા ઉલ્લંઘનની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે અનધિકૃત જાહેરાતના હૉર્ડિંગ્સ અને બેનરો માત્ર શહેરને બદનામ કરતા નથી, પરંતુ તેના પડી જવાની દુર્ઘટનાની શક્યતાને પગલે નાગરિકોની સલામતી પણ જોખમમાં આવી શકે છે. ભાજપ પ્રમુખે પાલિકા દ્વારા વીજળીના થાંભલાઓ પર પ્રમાણિત જાહેરાત બોર્ડને મંજૂરી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં પાલિકાએ પારદર્શક સિસ્ટમ દ્વારા જગ્યાઓ ભાડે આપીને આવક ઊભી કરવાની સલાહ તેમણે આપી છે. ■

# મુંબઈમાં એફડીએની ૮ સંસ્થાઓ સામે કાર્યવાહી

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ તહેવારોની મોસમ પહેલાં રાજ્યવ્યાપી કાર્યવાહીના ભાગરૂપે મુંબઈમાં પાંચ ફૂડ લાયસન્સ સ્થગિત કર્યા છે અને ત્રણ રદ કર્યા છે. આ ઉપરાંત, વિભાગે પંદર એફઆઈઆર નોંધી છે અને રૂ. ૨.૨૨ કરોડની કિંમતની પ્રતિબંધિત ખાદ્ય સામગ્રી જપ્ત કરી છે. સોમવારે જારી કરાયેલા નિવેદનમાં એફડીએએ જણાવ્યું હતું કે પહેલી થી પાંચમી ઓક્ટોબર દરમિયાન હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં ૧૫ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને ૨૬ લોકોની ધરપકડ કરવામાં (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# ભારતમાં તબીબી પ્રેક્ટિસ માટે ફ્રોડ કરનારા 'વિદેશી ડૉક્ટરો' પકડાયા

**વિદેશમાં એમબીબીએસનું ભણીને ભારતમાં પ્રેક્ટિસ કરવા માટે જરૂરી ટેસ્ટ પાસ કર્યા વગર સર્ટિફિકેટ મેળવી લેવાના મોટા કૌભાંડનો પર્દાફાશઃ ૧૫થી ૨૦ 'ડૉક્ટરો'ની તપાસ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશમાં એમબીબીએસનું ભણીને ભારતમાં તબીબી પ્રેક્ટિસ કરવા માટે જરૂરી ટેસ્ટ પાસ કર્યા વગર સર્ટિફિકેટ મેળવવાના મોટા કૌભાંડનો મહારાષ્ટ્ર સાયબર પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ રૅકેટ ચલાવનારા કથિત સૂત્રધાર સહિત બોગસ સર્ટિફિકેટ મેળવનારા બે 'ડૉક્ટર'ની ધરપકડ કરવામાં આવી હોઈ વધુ ૧૫થી ૨૦ ડૉક્ટરની તપાસ કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્ર સાયબરે ધરપકડ કરેલા ત્રણેય આરોપીની ઓળખ વરુણ પ્રતાપરાવ અખાડે (૨૮), સંકેત પ્રભાકર ઉન્હાળે (૨૬) અને રાહુલ ગોપાલ પાટીલ (૩૫) તરીકે થઈ હતી. તપાસમાં જણાયું હતું કે બુલઢાણા જિલ્લામાં રહેતા આરોપી અખાડે અને ઉન્હાળેએ નકલી સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યાં હતાં, જ્યારે નાશિકનો વતની પાટીલ આ રૅકેટનો સૂત્રધાર હતો. વિદેશમાંથી બેચલર ઑફ મેડિસિન ઍન્ડ બેચરલ ઑફ સર્જરી (એમબીબીએસ)ની ડિગ્રી લઈને આવનારી વ્યક્તિએ ભારતમાં તબીબી પ્રેક્ટિસ કરવા માટે રજિસ્ટ્રેશન કરાવતાં પહેલાં નૅશનલ બોર્ડ (જુઓ પાનું ૪) ▸▸

## વિધાન પરિષદ ચૂંટણી

# એનસીપીએ ઔરંગાબાદમાં સ્નાતક બેઠક માટે ઉમેદવાર જાહેર કર્યો

મુંબઈઃ સુનેત્રા પવારના નેતુત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)એ આગામી વિધાન પરિષદ ચૂંટણી માટે સોમવારે ઔરંગાબાદ સ્નાતક મતદાર સંઘ માટે સતીશ ચવાણની ઉમેદવારી જાહેર કરી હતી. એનસીપીના રાજ્ય પ્રમુખ સુનીલ તટકરેએ આ સંદર્ભે સત્તાવાર રજૂઆત કરી હતી.

પક્ષે આપેલી જાણકારી અનુસાર ૨૦૦૮થી ત્રણ વાર ચવાણે વિધાન પરિષદમાં સ્નાતક મતદાર સંઘમાં પ્રતિનિધિત્વ કર્યું છે. એનસીપી ભારતીય જનતા પક્ષ અને એકનાથ શિંદેની શિવસેના સાથે સત્તાધારી મહાયુતિનો હિસ્સો છે.

મહાયુતિએ ૩:૧:૧ ની બેઠક ફાળવણીની ફોર્મ્યુલા નક્કી કરી છે. આ ફોર્મ્યુલા હેઠળ ભાજપ ત્રણ બેઠક પર ઉમેદવાર ઊભા રાખશે જ્યારે એનસીપી અને શિવસેનાના એક એક ઉમેદવાર હશે.

જોકે ,નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના જે બેઠક પર પોતાનો ઉમેદવાર ઊભો રાખવા ઈચ્છતી હતી એ પુણે શિક્ષક મતદાર સંઘમાં ભાજપે પોતાનો ઉમેદવાર ઊભો રાખતા વિખવાદ થયો છે. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**